અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
સોનાક્ષીના લગ્ન સમયે જ શત્રુઘ્નનું જૂનું નિવેદન વાઇરલ...

પેજ-09
ટીમ ઈન્ડિયા નવેમ્બરમાં આફ્રિકાના પ્રવાસે જશે: T-20 મેચની શ્રેણી રમાશે



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 28.00 |
| વડોદરા | 35.00 | 27.00 |
| સુરત | 32.00 | 27.00 |



મુકેશ અંબાણીનો ડીપ ફેક વીડિયો જોઈ મહિલા ડોક્ટર સ્કેમનો શિકાર... પેજ 5

**23** JUNE-2024 SUNDAY

હજ માટે મક્કા ગયેલા 98 ભારતીયોના મોત : વિદેશ મંત્રાલયે... પેજ 10



**સુવિચાર**
વ્યક્તિએ ક્યારેય તકની રાહ ન જોવી જોઇએ કારણ કે આજે જે છે તે જ સૌથી મોટી તક છે.


વર્ષ-13 । અંક-219 । વિક્રમ સંવત-2080 । જેઠ વદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### પરીક્ષાઓમાં પારદર્શિતા લાવવા અને ગેરરીતિઓને રોકવા માટે

# NTAમાં સુધારા માટે સરકારે નિષ્ણાતોની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી



(એજન્સી) નવી દિલ્હી । તા. 22

શિક્ષણ મંત્રાલયે શનિવારે NTA (નેશનલ ટેસ્ટિંગ એજન્સી)ની પરીક્ષાઓમાં પારદર્શિતા લાવવા અને ગેરરીતિઓને રોકવા માટે 7 સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની જાહેરાત કરી હતી. ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ અને આઈઆઈટી કાનપુરના ભૂતપૂર્વ ડિરેક્ટર કે. રાધાકૃષ્ણન તેના વડા હશે. આ સમિતિ 2 મહિનામાં શિક્ષણ મંત્રાલયને રિપોર્ટ સોંપશે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને NEET પરીક્ષા વિવાદ પર 20 જૂને એક પ્રેસ કોન્ફરન્સમાં આની જાહેરાત કરી હતી. શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, આ સમિતિ શિક્ષણ મંત્રાલયને NTAના માળખા, કાર્યપ્રણાલી, પરીક્ષા પ્રક્રિયા, પારદર્શિતા, ટ્રાન્સફર અને ડેટા, સુરક્ષા પ્રોટોકોલમાં વધુ સુધારો કરવા સૂચનો આપશે.

### સરકાર ઝીરો એરર પરીક્ષા માટે પ્રતિબદ્ધ

NEET-UGC NETના વિવાદ વચ્ચે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને NTAમાં સુધારાની કરવાની વાત સ્વીકારી હતી. તેમણે પત્રકાર પરિષદમાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના અંગે માહિતી આપી હતી. તેમજ ગુનેગારો સામે કડક કાર્યવાહીની ચેતવણી આપતાં તેમણે કહ્યું હતું કે, 'સરકાર ઝીરો એરર પરીક્ષા માટે પ્રતિબદ્ધ છે. જેની તપાસ માટે સરકાર સરકાર એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવા જઈ રહી છે, જે NTA પર ભલામણો આપશે. વિદ્યાર્થીઓનું હિત અમારી પ્રાથમિકતા છે. જેમાં કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. સરકાર કોઈપણ ગુનેગારને છોડશે નહીં.'

### સમિતિમાં સામેલ સભ્યો

1. ડૉ. રણદીપ ગુલેરિયા, પૂર્વ ડિરેક્ટર( AIIMS દિલ્હી)
2. પ્રો. બી. જે. રાવ, વાઈસ ચાન્સેલર (સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ)
3. પ્રો. રામમૂર્તિ કે (પ્રોફેસર એમેરિટસ સિવિલ એન્જિનિયરિંગ વિભાગ, IIT મદ્રાસ)
4. પંકજ બંસલ (સહ-સ્થાપક, પીપલ સ્ટ્રોંગ અને બોર્ડ મેમ્બર - કર્મયોગી ભારત)
5. પ્રો. આદિત્ય મિત્તલ (ડીન સ્ટુડન્ટ અફેર્સ, IIT દિલ્હી)
6. ગોવિંદ જયસ્વાલ (સંયુક્ત સચિવ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર)

### ISROના પૂર્વ અધ્યક્ષ સહિત દિગ્ગજોને સોંપાઈ જવાબદારી

### બે મહિનામાં કેન્દ્રને રિપોર્ટ સોંપશે

NEET UG 2024ની પરીક્ષામાં હેરાફેરી અંગે NTAમાં શિક્ષણ મંત્રાલયે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. શિક્ષણ મંત્રાલયે પરીક્ષાઓ પારદર્શક, સરળ અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે નિષ્ણાતોની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ અને IIT કાનપુર BoGના અધ્યક્ષ ડૉ. કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની ઉચ્ચ-સ્તરીય સમિતિ પરીક્ષા પ્રક્રિયાની સિસ્ટમમાં સુધારો કરવા, ડેટા સુરક્ષા પ્રોટોકોલ સુધારવા અને NTAની રચના અને કામગીરી અંગે ભલામણો કરશે. શિક્ષણ મંત્રાલય દ્વારા રચવામાં આવેલી સમિતિ દરેક સ્તરે અધિકારીઓની ભૂમિકા અને જવાબદારીઓ તેમજ NTAની હાલની ફરિયાદ નિવારણ પ્રક્રિયાનું પણ મૂલ્યાંકન કરશે. આ સમિતિ એવા દરેક ક્ષેત્રમાં કામ કરશે જ્યાં સુધારની જરૂર છે તેમજ કાર્યક્ષમતા વધારવા માટે પણ ભલામણો રજૂ કરશે. બધી તપાસ બાદ આ સમિતિ બે મહિનામાં તેનો રિપોર્ટ મંત્રાલયને સોંપાશે.

### નેશનલ ટેસ્ટિંગ એજન્સીની રચના 7 વર્ષ પહેલા કરવામાં આવી હતી

2017માં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં NTAની રચનાની જાહેરાત કરી હતી. તેનું કામ ગુણવત્તાયુક્ત પરીક્ષણ સેવા પૂરી પાડવાનું છે. એટલે કે દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અને શિષ્યવૃત્તિ માટેની પરીક્ષાઓ યોજવાનું.

# શેખ હસીના અને વડાપ્રધાન મોદીની મુલાકાત: 10 મોટા નિર્ણયો પર મહોર



(એજન્સી) નવી દિલ્હી । તા. 22

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના બે દિવસના ભારતના પ્રવાસ પર આવેલા છે. આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના વચ્ચે દ્વિપક્ષીય વાતચીત બાદ 10 સમજૂતી થઈ હતી. ભારતે બાંગ્લાદેશના તિસ્તા નદીના સંરક્ષણ વાળા પ્રોજેક્ટમાં રુચિ દર્શાવી છે. આ જ પ્રોજેક્ટ પર ચીન પણ નજર રાખીને બેઠું હતું.

### કયા મોટા નિર્ણય લેવામાં આવ્યા ?

- » ભારત બાંગ્લાદેશના દર્દીઓને સારવાર માટે ઈ-વિઝા આપશે
- » રાજશાહી અને કોલકાતા વચ્ચે ટ્રેન સેવા શરૂ કરવામાં આવશે
- » ચટગાંવ અને કોલકાતા વચ્ચે બસ સેવા શરૂ કરવામાં આવશે
- » ગેડે દર્શના અને હલ્દીબાયડી વચ્ચે માલગાડી શરૂ કરવામાં આવશે
- » સિરાજગંજ કન્ટેન્ગર ડેપોનું નિર્માણ કરાશે
- » નેપાળથી બાંગ્લાદેશને 40 મેગાવોટ વીજળીના નિકાસ માટે યોજના
- » બાંગ્લાદેશી પોલીસ અધિકારીઓ માટે 350 પ્રશિક્ષણ સ્ટોલ બનાવવામાં આવશે
- » દર્દીઓ માટે મુક્તિજોદ્ધા યોજના શરૂ કરવામાં આવશે

**ડ્રેગનનું સપનું તૂટ્યું!**

### પીએમ મોદીએ કરી મોટી જાહેરાત

બંને દેશોના વડાપ્રધાને વેપાર, ડિજિટલ મુદ્દા અને કનેક્ટિવિટી પર સહયોગ વધારવા મુદ્દે નિર્ણય લીધા હતા. મીડિયા વાતચીતમાં વડાપ્રધાન મોદીએ મોટી જાહેરાત કરતાં કહ્યું હતું, કે 'ભારતની એક ટીમ તિસ્તા પ્રોજેક્ટમાં જલ્દી જ ઢાકા જશે. તિસ્તા નદી ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વહેતી 54 નદીઓમાંથી એક છે.'

### ભારત માટે કેમ મહત્વપૂર્ણ છે આ પ્રોજેક્ટ?

ભૌગોલિક, રાજકીય દ્રષ્ટિએ તિસ્તા નદી પ્રોજેક્ટ ભારત માટે ઘણું મહત્વ ધરાવે છે. જો આવા પ્રોજેક્ટમાં ચીનની ભાગીદારી વધી જાય તો ભારત માટે તે ગંભીર ચિંતાનો વિષય છે. કારણ કે સંવેદનશીલ ચિકન નેક કોરિડોર તેની એકદમ નજીક જ છે.

### રાહુલે પીડિત પરિવારોને હૈયાધારણા આપી

# સંસદમાં રાજકોટ અગ્નિકાંડનો મુદ્દો ઉઠાવીશું :રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

રાજકોટના TRP ગેમઝોનના અગ્નિકાંડ 27 લોકોના મૃત્યુ નીપજ્યા હતા. ત્યારે આ અગ્નિકાંડને લઈને આજે (22મી જૂન) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પીડિતના પરિવારો સાથે વાતચીત કરીને તેમને સાંત્વના પાઠવી હતી. તેમણે કહ્યું કે, 'આ માટે મારા લાયક કામ હોય તો ગમે ત્યારે જણાવી શકો છો. સંસદ સેશન ટૂંક સમયમાં શરૂ થવાનું છે. એમાં પણ આ મુદ્દો ઉઠાવીશ, જેનાથી સરકાર પર પીડિતોને ન્યાય આપવાનું દબાણ લાવી શકાશે.'

**રાહુલ ગાંધીએ પીડિતોના પરિવારજનોને સાંત્વના પાઠવી :** રાજકોટ અગ્નિકાંડના પીડિતના પરિવારો રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, 'આપણે સરકાર પર દબાણ લાવવું જ જોઈએ કે આ કામ થઈ જાય. તટસ્થ તપાસ થાય અને જલદીથી નિર્ણય આવે એ જરૂરી છે, સાથે મને લાગે છે કે સરકાર પર દબાણ લાવીને કમ્પેન્સેશન વધારી શકાય એવા પ્રયાસો કરવા જોઈએ. આ માટે મારા લાયક કામ હોય તો ગમે ત્યારે જણાવી શકો છો. સંસદ સેશન શરૂ થવાનું છે. અમે આ આ મુદ્દો ઉઠાવીશું, જેનાથી સરકાર પર પીડિતોને ન્યાય આપવાનું દબાણ લાવી શકાશે.



### રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરનાર મુખ્ય પૂજારી પંડિત લક્ષ્મીકાંત દીક્ષિતનું નિધન

(એજન્સી) અયોધ્યા। તા. 22



અયોધ્યામાં રામ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરનાર મુખ્ય પૂજારી આચાર્ય લક્ષ્મીકાંત દીક્ષિતનું આજે શનિવારે સવારે નિધન થયું છે. પરિવારજનોએ જણાવ્યું હતું કે, 85 વર્ષીય દીક્ષિતનું વૃદ્ધાવસ્થાના કારણે નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર મણિકર્ણિકા ઘાટ ખાતે કરવામાં આવ્યો. પંડિત લક્ષ્મીકાંત દીક્ષિતે વારાણસીના ચોક વિસ્તારની મંગલાગોરી ગલીમાં આવેલા તેમના નિવાસ સ્થાને સવારે લગભગ 7:00 વાગ્યે અંતિમ શ્વાસ લીધા.

### MPમાં મહિલાને તાલિબાની સજા : જાહેરમાં ચાર લોકોએ પકડી રાખી લાકડી વરસાવી

ધાર : મધ્યપ્રદેશના ધારમાં એક વીડિયો સામે આવ્યો છે. જેમાં એક મહિલાને જાહેરમાં લાકડીઓ વડે માર મારવામાં આવી રહ્યો છે. મહિલા બુમો પાડી રહી છે. પરંતુ, તેને બચાવવા કોઈ આગળ આવતું નથી. લોકો તમાસો જોઈ રહ્યા હોય છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ચાર લોકોએ મહિલાને પકડી રાખી છે અને એક વ્યક્તિ તેને લાકડી વડે માર મારી રહ્યો છે. યુવક મહિલા પર લાકડી વરસાવી રહ્યો છે. લોકો ઘટનાનો વીડિયો બનાવતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો મધ્યપ્રદેશના ધાર જિલ્લાના ટાંડા પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામનો હોવાનું કહેવાય છે.

### જોધપુરમાં પથ્થરમારો અને આગચંપી : બે પક્ષો વચ્ચે જૂથ અથડામણ

જોધપુર : ઈદગાહનો દરવાજો હટાવવાને લઈને શરૂ થયેલો નજીવો વિવાદ આગચંપી અને પથ્થરમારામાં ફેરવાઈ ગયો હતો. મામલો એટલો વધી ગયો કે બંને પક્ષોએ એકબીજા પર હુમલો કરી દુકાન અને ટ્રેક્ટરને આગ ચાંપી દીધી. દરમિયાન સલાહ આપી રહેલા પોલીસકર્મીઓને પણ ઈજાઓ થઈ હતી. આ પછી પોલીસે લાઠીચાર્જ કર્યો અને 15 જેટલા આરોપીઓની અટકાયત કરી. જોધપુરના સૂરસાગર વિસ્તારમાં રાત્રે 10 વાગ્યે આ ઘટના બની હતી. ચૌપાસની હાઉસિંગ બોર્ડ પોલીસ સ્ટેશનના એસએચઓ નીતિન દવે પણ પથ્થરમારામાં ઘાયલ થયા છે.

### એર અરેબિયાની કાલિકટ અને શારજાહ ફ્લાઈટમાં બોમ્બની માહિતી

કોઝિકોડ : કેરળના કોઝિકોડમાં કાલિકટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શનિવારે (22 જૂન) સવારે એર અરેબિયાની ફ્લાઈટમાં બોમ્બ હોવાની જાણ થઈ હતી. બોમ્બ ડિટેક્શન સ્ક્વોડ અને પોલીસ તપાસ બાદ માહિતી ખોટી હોવાનું જાણવા મળ્યું હતું. આ ફ્લાઈટ સવારે 8.30 વાગ્યે કાલિકટથી શારજાહ માટે ટેકઓફ થવાની હતી. એરપોર્ટ અધિકારીએ જણાવ્યું કે, સવારે બોર્ડિંગ કરતા પહેલા ગ્રાઉન્ડ સ્ટાફને એક ચિઠ્ઠી મળી હતી. આ ચિઠ્ઠીમાં બોમ્બ લખેલું હતું. આ પછી પોલીસને જાણ કરવામાં આવી હતી. બોમ્બ ડિટેક્શન સ્ક્વોડની ટીમે ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર વિમાનની તપાસ કરી હતી.

### ત્રણેય ફોજદારી કાયદાઓ અંગે મમતાનો મોદીને પત્ર : લખ્યું- ઉતાવળમાં પાસ કરેલા છે, એક જુલાઈથી તેના અમલીકરણને મુલતવી રાખો

(એજન્સી) કોલકાતા । તા. 22

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. મમતાએ ત્રણેય ફોજદારી કાયદાના અમલીકરણને હાલ પૂરતું મોકૂફ રાખવા મોદીને અપીલ કરી છે. આ કાયદાઓ ઉતાવળમાં પસાર કરવામાં આવ્યા છે. બંગાળના મુખ્યમંત્રીએ સંસદમાં આ કાયદાઓની નવેસરથી સમીક્ષાની માગ કરી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર મમતાએ આ ત્રણ કાયદાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મમતાએ 20 જૂન, ગુરુવારે કોંગ્રેસ નેતા પી ચિદમ્બરમ સાથે મુલાકાત કરી હતી. ચિદમ્બરમ આ ત્રણ કાયદાઓની તપાસ માટે રચાયેલી સંસદીય સ્થાયી સમિતિના સભ્ય હતા. 1 જુલાઈ, 2024થી ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવશે. સરકારે 24 ફેબ્રુઆરી 2024ના રોજ આને લગતું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. એટલે કે, ભારતીય દંડ સંહિતા (IPC)ની જગ્યાએ ભારતીય ન્યાય સંહિતા લાગુ કરવામાં આવશે, ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની જગ્યાએ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા લાગુ કરવામાં આવશે અને પુરાવા કાયદાની જગ્યાએ ભારતીય પુરાવા અધિનિયમ લાગુ કરવામાં આવશે. મમતા બેનર્જીએ પત્રમાં લખ્યું- 146 સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા ત્યારે લોકસભાએ ફોજદારી કાયદા પરના ત્રણેય બિલ પાસ કર્યા.




# મહીસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગામ તળની જમીનોમાં ગેરકાયદેસર બાંધકામોની વણથંભી વણઝાર

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારો માટે ગામ તળની તેમજ ગૌચરની ખુલ્લી જમીનો એટલે બોડી બામણીનું ખેતર માનવામાં આવી રહ્યું છે જેમાં લોકો મન ફાવે તે રીતે ગેરકાયદેસર બાંધકામ કરી દઈને ગામ તળ ની જમીન ઉપર દબાણ કરી દેતા હોય છે જ્યારે બીજી બાજુ આવા ગેરકાયદેસર રીતે કરવામાં આવી રહેલા દબાણો અને બાંધકામો બાબતે જિલ્લાનું વહીવટી તંત્ર, તાલુકા વિકાસ અધિકારી તેમજ સ્થાનિક ગ્રામ પંચાયતના સત્તાધીશો આંખ આડા કાન કરીને દબાણ કરતાં ઓને માત્રને માત્ર નોટિસ પાઠવીને પોતાની કામગીરી પૂર્ણ કરીને સંતોષ માની રહ્યા હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. ત્યારે મહીસાગર જિલ્લાના મલેકપુર ગ્રામ પંચાયતની ગામ તળની જમીનમાં એક



ઈસમ દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતો આ બાંધકામ ને અટકાવવા માટે આજ ગામના એક જાગૃત નાગરિકે લાગતા વળગતા તંત્રની તેમજ સ્થાનિક ગ્રામ પંચાયતના સત્તાધીશોની એક લેખિત રજૂઆત કરીને તાત્કાલિક આ ગેરકાયદેસર દબાણને અટકાવવા માટે પગલાં ભરાય તે માટે ઉગ્ર રજૂઆત કરી છે. મલેકપુર ગામે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ ની બાજુમાં મલેકપુર ગ્રામ પંચાયતની ગામ તળ ની જમીન આવેલી છે જેમાં આજ ગામના એક રહીશ દ્વારા ગેરકાયદેસર રીતે પતરાનું શેડ બનાવી ને દબાણ કરવામાં આવેલું છે તેમજ ઈંટોથી પાકું ચણતર કરવા માટેના પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે આ જગ્યા માટે અગાઉ પણ તારીખ ૦૭/૦૨/૨૦૧૬ ના રોજ મલેકપુર ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચ દ્વારા એક લેખિત નોટીસ આપીને જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી ત્યારે આ જ જમીન ઉપર ફરીથી ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું છે ત્યારે આ જગ્યાને ખુલ્લી કરાવીને ખેડૂતોના હિત માટે વાપરવામાં આવે અને આ જગ્યામાં ખાતરનું ગોડાઉન કે પ્રાકૃતિક ખેતીનો ડેપો માટે પ્લોટ ફાળવી આપવામાં આવે તેવી રજૂઆત લેખિત પત્રમાં પણ કરવામાં આવી છે. ત્યારે દબાણવાળી ગામ તળ ની જમીન ને ખુલ્લી કરાવવા માટે સ્થાનિક પંચાયતના સત્તાધીશો માત્ર દબાણ કરતાં ઓને નોટિસો આપીને સંતોષ માની રહ્યા હોવાનું જાણી રહ્યું છે નોટીસો આપીને મલેકપુર ગ્રામ પંચાયતના સત્તાધીશો પોતાની ગંભીર જવાબદારીમાંથી મુક્ત થઈ જતા હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે .

## જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા મેગા વેક્સિનેશન ડ્રાઇવનું આયોજન

વિશાલ જે હરવરા : જામનગર

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વૈશ્વિક પોલિયો નાબૂદીના પ્રયાસના પરિણામે ભારતે 1995માં પલ્સ પોલિયો રસીકરણ (PPI) કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ કાર્યક્રમ હેઠળ 5 વર્ષ સુધીના તમામ બાળકોને ઓરલ પોલિયો રસી(OPV)ના બે ડોઝ આપવામાં આવે છે. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.નુપુર પ્રસાદ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે ૨૩ જૂન રવિવારના રોજ આપના ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોના રોગથી સુરક્ષિત કરવા માટે પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવવા. જામનગર ગ્રામ્ય વિસ્તારના તેમજ વાડી વિસ્તાર નજીકના લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે લોકોએ બુથ પર જઈ પોતાના બાળકોને પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવવા.

# પાટણ લોકસભાની બેઠક પર ભાજપના ઉમેદવાર ભરતજી ડાભીનો વિજય થતાં શુભેચ્છા આભાર દર્શન કાર્યક્રમ યોજાયો

પાટણ : પાટણ લોકસભા ની બેઠક પર સાંસદ ભરતજી ડાભી નો વિજ્ય થતાં શનિવારે ચાણસ્મા ખાતે ચાણસ્મા વિધાનસભા બેઠકના ભાજપ ના કાર્યકરો દ્વારા નવનિયુક્ત સંસદ ભરતજી ડાભી નો શુભેચ્છા કાર્યક્રમ અને પાટણ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા ચાણસ્મા સમી હારીજ શંખેશ્વરના ભાજપના કાર્યકરોએ પદાધિકારીઓ ના સુચારૂ આયોજન ચૂંટણીલક્ષી માર્ગદર્શનથી ભાજપના સંસદ ભરતજી ડાભીને વિજયી બનાવવા માં સફળતા આપવનારા સૌ ચાણસ્મા વિધાનસભા ભાજપના કાર્યકરો નો આભારદર્શન કાર્યક્રમ યોજાયો હતો જેમાં પાટણ લોકસભા બેઠકના વિજેતા સાંસદ ભરતજી ડાભીને વિજય આપવવા માં પાટણ જિલ્લા ભાજપ સંગઠન ના પદાધિકારીઓ નૂં માર્ગદર્શન અને કાર્યકરો ની સાચી મહેનત રંગ લાવી



હોવાનું જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોરે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું જ્યારે પાટણ જિલ્લાના વિકાશના કામો જેવા કે ચાણસ્મા હારીજ રાધનપુર રેલવેનું કામ શરૂ કરવું જેવા વિકાશના કામો પૂરા કરવાના ધ્યેય સાથે પાટણ જિલ્લાનો વિકાશ વેગવંતો બને તે દિશામાં વિકાશના કામોને ખાસ અગ્રતા આપીશ તેમ સાંસદ ભરત જી કભી એ તેમના ઉદ્દબબોધનમાં ખાસ વાત કરી હતી આ પ્રસંગે પૂર્વ ધારા સભ્ય દિલીપ જી ફાકોર મહિલા અગ્રણી ભાજ પ ના પુષ્પાબેન ઠાકોર જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલ વિનય સિંહ ઝાલા કિરણભાઈ જાની સહિત ચાણસ્મા હારીજ સમી શંખેશ્વર તાલુકા/શહેર ભાજપના પદાધિકારીઓ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

## એકતાનગર ગોલ્ફ કારના કર્મચારીઓના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવતા ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ ગમે એ વિભાગ માં થતા શોષણ કે અન્યાય સામે ત્યાં કામ કરતા કામદારો ની પડખે આવી તુરત ન્યાય અપાવતા જોવા મળ્યા છે અને જનતા તેમના ઉપર વિશ્વાસ પણ મૂકી રજૂઆત કરે છે જેમાં હાલમાં એકતાનગર ખાતે જંગલ સફારી ગોલ્ફ કાર માં નોકરી કરતા કામદારોના પ્રશ્નો બાબતની ધારાસભ્ય ને રજૂઆત મળતા તેમણે તાત્કાલિક આ બાબતનું નિરાકરણ કરાવ્યું હતું મળતી વિગતો અનુસાર કેવડીયા કોલોની (એકતાનગર) ખાતે જંગલ સફારી ગોલ્ફ કાર માં નોકરી કરતા કામદારોના પ્રશ્નો બાબતની જાણ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ ને થતા તેઓ તાત્કાલિક ત્યાં પહોંચ્યા હતા અને ત્યાંના અધિકારી તેમજ તંત્ર સાથે બેસીને કામદારો ના પ્રશ્નો નુ યોગ્ય નિરાકરણ લાવતા કામદારો એ ધારાસભ્ય ડૉ.દેશમુખ નો આભાર વ્યક્ત કરી તેમની કામગીરી ની બિરદાવી હતી.

## નાલાકુંડ પાસેથી એકટીવા ઉપર લઇ જવાતો વિદેશી દારૂ ઝડપી પાડતી સાગબારા પોલીસ

ભરત શાહ : રાજપીપળા

પ્રશાંત સુંબે પોલીસ વડા, નર્મદા નાઓએ ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતા ઇસમો સામે કડક કાર્યવાહી કરવા આપેલ સુચના મુજબ લોકેશ યાદવ મદદનીશ પોલીસ અધિક્ષક રાજપીપલા ડીવિઝન તથા પી.જે. પંડયા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર ડેડીયાપાડા, નાઓના માર્ગદર્શન હેઠળ પી.કે.સોંદરવા ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર સાગબારા પોલીસ સ્ટાફના માણસો નાલાકુંડ ત્રણ રસ્તા પાસે પ્રોહી. નાકા બંધીમાં હતા તે દરમ્યાન મહારાષ્ટ્ર તરફથી એક ઈસમ એકટીવા ગાડી નંબર GJ 22 Q 9387 ઉપર બે મીણીયા કોથળા માં ગે.કા. ભારતીય બનાવટનો વિદેશી દારૂ કીંમત રૂપીયા ૨૮,૮૦૦/- નો પ્રોહી મુદ્દામાલ ભરેલ મળી આવતા, સ્થળ ઉપર ગુલાબસીંગભાઇ જયંતરાવ પાડવી. રહે. કુંવરખાડી, તા.સાગબારા,જી.નર્મદા ને આ ગુનામાં પકડી પાડી સાગબારા પોલીસ સ્ટેશન માં ગુનો દાખલ કર્યો છે. વોંટેડ આરોપી:- (૧) દિલાવર ધારાસીંગભાઇ વસાવા (૨) જેંતીભાઇ ભરતભાઇ વસાવા (૩) જયદિપભાઇ લાલસીંગ ભાઇ વસાવા, તમામ રહે. દેવમોગરા, તા. સાગબાર, જી.નર્મદા, (૪) અમરસીંગભાઇ વસાવે રહે.સોરાફલી તા.અક્કલકુવા જી. નંદુરબાર (મહારાષ્ટ્ર ) નાઓ ની શોધખોળ આદરી છે.



## ખાંભામાં ભૂમાફિયાઓ દ્વારા જમીન પચાવી પાડતા ખેડૂતો દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી ભૂમાફિયાઓ સામે કાર્યવાહી કરવા રજૂઆત



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ખાંભા તાલુકામાં અમુક ભૂમાફિયાઓ નિર્દોષ ખેડૂતોની જમીનો પડાવવા ખોટા દસ્તાવેજો અને કાગળ ઉભા કરી અને જમીન પડાવી પાડવાનો ધંધો ચાલુ કર્યો છે. ત્યારે ખાંભા ગામના ખેડૂત ખાતેદાર હોય અને તેમની જમીન ખાંભામાં આવેલી હોય તેમનો સર્વે નંબર ૪૧૯/૨ હે. અરે તો ૯- ૮૩-૭૭ જમીન છે. જે જમીન વર્ષોથી તેમના બાપદાદાને હોય ત્યારે પહેલાંના જમાનામાં શિક્ષણ નો અભાવ હોય ત્યારે ખેડૂતો પાસે જાજી જમીન હોય તેમની જમીન ટોચ મર્યાદામાં જતી રહેશે એવા ભયનાં કારણે દામજીભાઈ એ તેમના સગા બનેવી મોહનભાઈ હરજીભાઈ કળસરિયા ને પોતાની જમીન ટોચ મર્યાદામાં કે સરકાર લઈ ન લે માટે એક માત્ર હેતુ સર દસ્તાવેજ કરી આપ્યો હતો આ જમીનનો કબજો ક્યારેય દામજીભાઈ એ કોઈને આપ્યો ન હતો મોહનભાઈ એ આ જમીનનું બાનાખત દામજીભાઈ ને કરી આપ્યું હતું જોકે તેમણે વેચાણ દસ્તાવેજ કર્યો ન હતો મોહનભાઈ નું અવસાન થતા કાયદાની જોગવાઈ પ્રમાણે આ જમીનનાં વારસાઈ નોંધ દાખલ થઈ હતી.

## જામનગર જીલ્લા પ્રમુખ નરેન્દ્રસિંહ પરમારનો 13 જૂન રવિવારના રોજ જન્મદિન

વિશાલ જે હરવરા : જામનગર

બાલ્યકાળથી જ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાઈ, સ્વયં સેવક તરીકે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં જતા, ૧૯૯૫ થી ભારતીય જનતા પાર્ટી સાથે સક્રિય રીતે સંકળાયેલા હાલ જિલ્લા ભાજપ મીડીયા સેલના કન્વીનર શ્રી નરેન્દ્રસિંહ પરમારનો તા. ૨૩ જૂન ના રોજ જન્મદિન છે. દરેક કામ સંનિષ્ઠતાથી ઉમંગ અને ઉત્સાહપૂર્વક પાર પાડવું અને દરેક સાથે મિત્રતાભર્યા સબંધો જેમની મૂડી છે તેવા શ્રી નરેન્દ્રસિંહ પરમાર ને સૌ કોઈ 'પપ્પુભાઈ' ના હુલામણા નામથી ઓળખે છે. પક્ષ માટે કોઈપણ કામ હોય ત્યારે 'પપ્પુભાઈ' હંમેશા દિન-રાત જોયા વગર હાજર જ હોય... ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી જીલ્લા યુવા મોરચાના મંત્રી અને ઉપપ્રમુખની જવાબદારી સંભાળી જામનગર તાલુકા ભાજપના મહામંત્રી તરીકે ૨૦૧૦ થી ૨૦૧૨ સુધી સેવા આપેલ. માત્ર રાજકારણ જ નહીં, પણ એકાત્મ માનવવાદ ના મહાન ચિંતક, અંત્યોદયના પ્રણેતા, ત્યાગ અને તપસ્યાની પ્રેરણામૂર્તિ, જનસંઘના આધ સ્થાપક એવા પંડિત દિનદયાલ ઉપાધ્યાય વિચારસંઘ ભારતના જામનગર જીલ્લા પ્રમુખ તરીકે પણ તેઓ સેવા આપી રહ્યા છે. દિગ્વિજયગ્રામ ગ્રામ પંચાયતના સદસ્ય તરીકે ૨૦૦૨ થી ૨૦૦૭ દરમ્યાન સેવા થકી લોક ચાહના પ્રાપ્ત કરી તેઓ બીજી વખત ૨૦૦૭ થી ૨૦૧૨ માં પણ સદસ્ય તરીકે ચૂંટાયા બાદ ૨૦૦૯ થી ૪ વર્ષ સુધી દિગ્વિજયગ્રામ ગ્રામ પંચાયતના ઉપસરપંચ પદે રહી, ગ્રામ વિકાસમાં મોટો ફાળો આપ્યો છે.



# અમદાવાદ મંડળ દ્વારા ફેમિલી સેફ્ટી સેમિનારનું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 22

અમદાવાદ મંડળ દ્વારા ફેમિલી સેફ્ટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલવે કર્મચારીઓમાં સેફ્ટી અંગે જાગૃતિ લાવવા, ફરજ પર હોય ત્યારે સજાગતા અને સતર્કતા સાથે કામ કરવા અને પરિવારના સભ્યો પર પડતા પ્રભાવ અને તેના ઉકેલ માટે આ મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા અને અધિકારીઓ દ્વારા આ સમયગાળા દરમિયાન, સિગ્નલ લોકેશન બુકનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. આ સિગ્નલ લોકેશન બુકમાં ડિવિઝનના તમામ સિગ્નલોની માહિતી સાથે, ડી એફ સી સેકશન ના સિગ્નલોની માહિતી પણ દર્શાવવામાં આવી છે. જે રનિંગ સ્ટાફ ને કામ આવનારી ઉપયોગી માહિતી છે. શ્રી શર્મા અને હાજર અધિકારી દ્વારા રનિંગ સ્ટાફના પરિવાર સાથે વાતચીત પણ કરવામાં આવી હતી. સલામતી સેમિનારમાં રનિંગ સ્ટાફ અને તેમના પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્ટાફ અને પરિવારના સભ્યો પાસેથી રનિંગ માં કોઈપણ પ્રકારની સમસ્યા, પરેશાની અને સૂચનો અંગે માહિતી લીધી હતી. આ સેમિનારમાં સુરક્ષિત ટ્રેન સંચાલન માટે રનિંગ સ્ટાફ માટે ઘરનું સારું અને તણાવમુક્ત વાતાવરણ, રનિંગ સ્ટાફ દ્વારા ટ્રેન સંચાલન દરમિયાન કરવામાં આવતી સલામતી સંબંધિત સારી કામગીરી અને ટ્રેન સંચાલન દરમિયાન સમય ઉપલબ્ધ હોય ત્યારે સ્વાસ્થ્ય પર આધારિત ટૂંકી યોગા ફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

**ઇ-ઓક્શન નોટિસ**

ઈ-ઓક્શન ફોર્મ્સ રસ ધરાવતા ખરીદદારો પાસેથી ક્ષતિગ્રસ્ત બચાવ માટે 'જ્યાં છે ત્યાં' ના ધોરણે 'ચક્રવાતથી અસરગ્રસ્ત બિલ્ડીંગ, પ્લાન્ટ અને મશીનરી, FFF અને અન્ય વિવિધ સાધનો' પર સખત રીતે નિકાલ માટે આમંત્રિત કરવામાં આવે છે. M/s B N Agritech લિમિટેડ, સર્વે નંબર 406-407, ભીમસર, લુઈસ ડ્રિફ્યુઝ પ્રાઈવેટ લિમિટેડની સામે, તાલુકો અંજાર, કચ્છ, ગાંધીધામ, ગુજરાત - 370240.

નિરીક્ષણ અને EMD જમા કરવાની છેલ્લી તારીખ - 27/06/2024

ઈ-ઓક્શન 28/06/2024 ના રોજ યોજાશે

ઈ-ઓક્શન ફોર્મ માટે, સંપર્ક શ્રી હરપ્રીત સિંહ

મોબાઈલ :- +91-8178624994

Bid2win પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનર)

વધુ વિગતો માટે: www.bid2win.in

**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**

CTR (પી), TBR,TFR કાર્ય

ઇ-ટેન્ડર સૂચના 10 વર્ષ 2024-25 તારીખ 17/06/2024 ઇ-ટેન્ડર નંબર: DRM-RJT-2024-25-E-26 કામનું નામ : રાજકોટ વિભાગ : સિનિ. ડિવીઝનલ એન્જીનિયર (પૂર્વ), રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ. CTR (પી), TBR,TFR અને સંબંધિત કામોનું અમલીકરણ. અંદાજિત ખર્ચ : ₹ 4,20,04,499.85 અર્નેસ્ટ મની : ₹3,60,000.00 ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 9/07/2024 ના 15:00 કલાકે ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (Eng.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001.Website : www.ireps.gov.in 39

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**સાર્વજનિક સૂચના**

"તમામ સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે હવેથી અમદાવાદ રેલવે ડિવિઝનમાં ઇલેક્ટ્રિકલ પાવર લાઇન કંડક્ટર ક્રોસિંગ / કેબલ ક્રોસિંગને લગતી તમામ વે લીવ દરખાસ્તોની પ્રક્રિયા કરવાની ઑફલાઇન મોડ બંધ કરવામાં આવી છે. તમામ પ્રકારના ઓવરહેડ / અંડરગ્રાઉન્ડ ઇલેક્ટ્રિકલ કંડક્ટર અને કેબલ ક્રોસિંગ માટે "રેલ લેન્ડ ક્રોસિંગ સર્વિસ" પોર્ટલ પર પ્રક્રિયા કરવાની ફરજિયાત રહેશે. પોર્ટલને ઍક્સેસ કરવાની લિંક https://ircep.gov.in/IR-RBCS/login.jsp છે. 83

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :- 230-ઈલેક્ટ/ટીઆરડી/પીઆરવાયજે/ઈ-ટેન્ડર નોટિસ/2024/528 તારીખ :- 19-06-2024

ઈ-ટેન્ડર સૂચના

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર/ટીઆરડી/નોર્થ સેન્ટ્રલ રેલવે પ્રયાગરાજ નીચેના ઈ-ટેન્ડરને આમંત્રિત કરે છે, ટેન્ડરોની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ટેન્ડર નંબર :- 230-ટીઆરડી-ડબ્લ્યૂસી-919-2024 | પૂર્ણતાનો સમયગાળો :- 12 મહિના |
| કાર્યનું વર્ણનઃ- અમૃત ભારત દિવ્યાંગોત્રાલય હેઠળ સોનભદ્ર, કાનપુર, અનવરગંજ, ફિરોઝાબાદ, શિકોહાબાદ અને મૈનપુરી સ્ટેશનો ખાતે 12 મીટર પહોળા FIB ની જોગવાઈને કારણે 25KVOHE માં ફેરફાર. | |
| જાહેરાત મૂલ્ય :- રૂ 33832283.81 | બિડ અનામત :- રૂ: 319200.00 |

બિડિંગ પ્રકાર:- સિંગલ પૈકેટ, ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :- 15-07-2024 & 14:00 કલાક, ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :- 15-07-2024 & 15:00 કલાક, ફાળવણી :- મૂડી, UWID:- 060253231029, 060253231030, નોંધ :- 1 - ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની તારીખના 21 દિવસ પહેલા વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ રહેશે. 2 - ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ સાથે IREPS વેબસાઈટ પર પોતાની નોંધણી કરાવવી જરૂરી છે. 3 - કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં IREPS ની વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકાય છે. 1071/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

## સાબરમતી-હરિદ્વાર સમર સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તારિત

(એજન્સી) અમદાવાદ । તા. 22

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને,પશ્ચિમ રેલ્વેએ સાબરમતી-હરિદ્વાર સમર સ્પેશિયલ ટ્રેનની ટ્રીપને સંશોધિત કોચ સ્ટ્રક્ચર સાથે વિસ્તારવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 09425/09426 સાબરમતી-હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ : ટ્રેન નંબર 09425 સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ 24 જૂન 2024 થી 29 જુલાઈ 2024 સુધી દર સોમવાર અને શુક્રવારે સાબરમતીથી 18.45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 19.00 કલાકે હરિદ્વાર પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ હરિદ્વારથી 25 જૂન 2024 થી 30 જુલાઈ 2024 સુધી દર મંગળવાર અને શનિવારે 21:45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 22:30 કલાકે સાબરમતી પહોંચશે. રૂટ પર બંને દિશામાં, આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, જવાઈ બંધ, ફાલના, રાની, મારવાડ, અજમેર, કિશનગઢ, ફુલેરા, રિંગસ, નીમ કા થાણા, નારનૌલ, રેવાડી, ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હી, ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને રૂરકી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં 12 કોચ સ્લીપર ક્લાસ અને 2 કોચ જનરલ ક્લાસના હશે. ટ્રેન નંબર 09425 ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 23 જૂન, 2024 થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

# ખેતીવાડી શાખા, નાંદોદના વિસ્તરણ અધીકારીઓની બદલી કરવા માટેનો ફરતો નનામી લેટર ચર્ચાનો વિષય બન્યો

ભરત શાહ : રાજપીપળા


નર્મદા જિલ્લામાં ખેતીવાડી શાખા પેટા વિભાગ નાંદોદ ખાતે હાલમાં ફરજ બતાવતા વિસ્તરણ અધિકારીઓ પોતાની મન ફાવે તેમ સરકારી યોજનાઓનો લાભ પોતાના લાગતાવળગતાંઓને આપે છે. જેમાં ખાસ કરીને તેઓ અગાઉ આજ કચેરી ખાતે ગ્રામ સેવકમાં હતા. અને પ્રમોશન મળતા થોડા સમય માટે બીજી કચેરી ખાતે ગયા હતા. ત્યાર બાદ પરત થોડાક જ સમયમાં વિસ્તરણ અધિકારી ખેતી તરીકે તેની તેજ કચેરી (નાંદોદ)ખાતે વિસ્તરણ અધિકારી ખેતી તરીકે પરત ફરજ પર આવ્યાં હતાં. આમ ઘણાં વર્ષોથી એકજ કચેરી અને એકજ તાલુકા નાંદોદ ખાતે ફરજ બજાવે છે. જેના કારણે તેમના જે લાગતા વળગતા ખેડૂતને સરકાર



ની બધી જ યોજના નો લાભ આપી ને વહાલા-દવલાની નીતિ રાખીને પોતાના ખેડૂત ખાતેદારોને લાભ આપે છે. તેવી નનામી ફરતો લેટર હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

આ લેટર માં વધુમાં લખ્યું છે કે તેમના લાગતા વળગતા ખેડૂતો સિવાયના બીજા ખેડૂત ખાતેદારોને લાભ આપવા માટે પોતાના દ્વારા ઘડી કાઢેલા નીતિ નિયમો બતાવીને લાભાર્થીને લાભથી વંચિત રાખે છે. જેના કારણે જરૂરી લાભાર્થી સુધી સરકારની યોજનાઓનો લાભ મળતો નથી. જેથી કરીને નાદોંદ ખેતીવાડી પેટા વિભાગ ખાતે ગ્રામસેવકમાં ઘણાં વર્ષો સુધી એ જ કચેરી ખાતે ફરજ બજાવી હતી. જેના કારણે તેઓ પોતાની મનમાની કરી સરકારની યોજનાનો લાભ ખેડૂતોને મળવા દેતા નથી. અને તેઓ ગ્રામ સેવક હતા ત્યારે તેમના સંપર્કમાં હતા.

## સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગની સિઝન 2 માટે મેગા ઓક્શન માટે રાઇડર રજિસ્ટ્રેશન શરૂ




(એજન્સી) અમદાવાદ । તા. 22

વિશ્વની સૌપ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત સુપરક્રોસ લીગ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ (આઈએસઆરએલ) સિઝન 2 માટે રાઈડર રજિસ્ટ્રેશન શરૂ કરીને આજે ફરી સક્રિય થઈ છે. હૃદયના ધબકારા ચૂકી જતી અને અભૂતપૂર્વ રેસ સાથે પ્રેક્ષકોને મોહિત કરનારી અદ્વિતીય પ્રથમ સિઝન બાદ આઈએસઆરએલ ફરી એકવાર સરહદોથી આગળ વધવા માટે તૈયાર છે. જેમાં યુએસએ, ઇટલી, ફ્રાન્સ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ અને ભારત જેવા અનેક દેશોના ડિફેન્ડિંગ ચેમ્પિયન સહિત 104થી વધુ રજિસ્ટ્રેશન્સ થયા હતા.

# ગુજરાત કોન્ટ્રકાટર્સ એસોસીએશન સભ્યશ્રી કનુભાઇ પટેલ કરેલ આત્મહત્યા તેમને ન્યાય આપવા બાબત

(એજન્સી) અમદાવાદ । તા. 22

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના સભ્યશ્રી કનુભાઇ પટેલે તા.15-06-2024ના રોજ ગળે ફાસો ખાઇને આત્મહત્યા કરેલ છે. શ્રી કનુભાઇ છેલ્લા 35 વર્ષ જેટલા લાંબા સમયથી માર્ગ અને મકાન વિભાગમાં કોન્ટ્રાકટના કામો કરતા હતા. તેમના ભાઈના કહેવા પ્રમાણે થયેલ FIR મળેલ સુસાઇડનોટ અનુસાર કનુભાઈએ કરેલ જુદા-જુદા કામો હેઠળ અંદાજે 472 લાખ જેવી મોટી રકમ નું પેમેન્ટ ન થતા આ માતબર રકમ રોકોઇ રહેલ હતી. જેમાં કપડવંજ પેટા વિભાગના એક રોડના કામનો ખાસ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમાં 225 લાખ જેટલી રકમ છેલ્લા 12 માસ કરતા વધુ સમયથી રોકાયેલ જે અંગે અવાર-નવાર વ્યાજબી રજુઆત કરવા છતા પણ કપડવંજ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જીગર કડિયા તેમજ સુપરવાઈઝર શ્રી દિપક ગુપ્તા દ્વારા ઉંચી ટકાવારી માગણી કરી કામ ચાલુ હોવા છતાં બીનજરૂરી ખોટી નોટીસ આપીને માનસિક ત્રાસ આપી અટકાવેલ હતી. હકના રોકાઇ રહેલ નાણા છુટા ન થતા કામ પ્રત્યે તેઓ સંવેદનશીલ હોય કામ પુરુ કરવા માટે તેમણે વ્યાજ પરના નાણા લઈને માલ સામાન તેમજ મજુરીના પૈસા ચૂકવતા હતા. તેઓ નાજુક અને અસહાય પરિસ્થિતિનો સામનો લાંબા સમયથી કરી રહ્યા હતા. આ સ્થિતિનું સરકારના અધિકારી-કર્મચારીના નિષ્ઠુર અને અમાનવીય વર્તન ના કારણે નિર્માણ થયેલ અને તેઓ આત્મહત્યા કરવા મજબૂર થયા. આવી કલંકરૂપ દુર ઘટના અંગે ગંભીર આક્રોસ તમામ કોન્ટ્રાકટર ભાઈઓમાં છે જે દરેક જીલ્લાના કોન્ટ્રાકટર એસોસીએશન દ્વારા જે તે જીલ્લાના કલેક્ટરશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ને આવેદનપત્ર આપી જાહેર કરેલ છે. અમારા કોન્ટ્રાકટર ભાઈને એટલી હદ કનડગત કરી માનસિક તાત્ર આપી આત્મહત્યા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરનાર જવાબદાર વ્યક્તિ ની ધરપકડ કરવામાં આવેલ નથી તે તેમના ફરજ મોકૂફના હુકમો પણ હજુ સુધી કરવામાં આવેલ નથી. સામે જરૂરી કડક પગલા લેવા સદરહુ બાબતે ભીનુ ના સંકેલવા તે જોવા વિનંતી તેમજ કનુભાઇએ કરેલ કામના વ્યાજબી ચુકવણા, તેમના નિસહાય કુટુંબને તાત્કાલિક મળે, અને શક્ય તેટલી નાણાકીય સહાય કરવા સરકારશ્રી ને નમ્ર વિનંતી.

## હાઉસ ઓફ સતલજમાંથી રજૂ થઈ રહ્યું છે, 'નેસ્ટેરા' 4.0 કલેક્શન: હોમ ડેકોર ફેબ્રિક્સ જે 'ફિચર્સ યુ'

(એજન્સી) મુંબઈ । તા. 22

અદ્દભુત ગુણવત્તા અને નવીનતમ ડિઝાઈનની પ્રતિબદ્ધતાને આગળ વધારતા સતલજ ટેક્સટાઈલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની પ્રિમિયમ હોમ ફર્નિશિંગ બ્રાન્ડ નેસ્ટેરા, જે કે. કે. બિરલા જૂથનો એક હિસ્સો છે, જે ગર્વથી રજૂ કરે છે, નેસ્ટેરા 4.0 એક કલાત્મક્તા અને નવીનતાની પરાકાષ્ઠા જે તમારા ઘરને ઉન્નત કરવા માટે રચવામાં આવી છે. આ નવી સિરિઝ 12 અલગ-અલગ સંગ્રહ સાથ ઘરની સજાવટને



પુન:વ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે, જેના દરેક થ્રેડમાં એક વ્યક્તિગત રજૂઆત માટેનો વણાંટ છે, તે એવું કંઈક બનાવે છે, જે વ્યક્તિત્વને વિશિષ્ટ રીતે પ્રતિબિંબિત કરે છે. જ્યાં વ્યક્તિગતકરણ સર્વોપરી છે, એવા યુગમાં નેસ્ટેરા 4.0 કલેક્શન વૈવિધ્યસભર રુચી અને પસંદગીઓને પૂરી કરતા કપડાની શ્રેણીની ઓફર લઈને આવ્યું છે. આ કલેક્શનની અંદરની દરેક સિરિઝમાં વાર્તાઓનો સંગ્રહ છે, જે તમારા જીવનના દ્રષ્ટિકોણને બહાર લાવે છે. જેમ કે, કર્ટેન બાઈબલ 3, જે લક્ઝુરિયસ નરમ પોલિએસ્ટર કોટન અને પોલિએસ્ટર લિનનથી તૈયાર કરવામાં આવેલું કાપડ છે, જે શાંત પાણીમાં સુર્યાસ્તની જેમ શાંતી અપાવે છે. "ટ્રિબલૂમ"માં વણાંયેલ સંસ્કૃતિક રીતે સમૃદ્ધ વર્ણનો માટે, નેસ્ટેરા 4.0 શૈલી અને ટકાઉપણુંને એકિકૃત કરે છે. આ વૈવિધ્યતા કોઈપણ સ્થળના સૌંદર્યને વધારે છે અને એ ધ્યાન રાખે છે કે, ઘરમાલિકની આધુનિક ઘરની સજાવટમાં નવીનતા લાવીને તેમની વ્યવહારિક્તા સાથે સમાધાન કર્યા વિના લક્ઝરીનો સ્વિકાર કરી શકે છે. "ફ્લોલેસ કલેક્શન" એ સરળ-સ્વચ્છતાને પ્રતિબિંબિત કરીને એ ધ્યાન રાખે છે કે, લક્ઝુરિયસ દેખાવ અને અનુભૂતિની સાથે તેને સરળતાથી જાળવી પણ શકાય. આ દરમિયાન "અર્બન હાઈડ્સ" એ ટકાઉપણાની સાથે સોફિસ્ટિકેશનને પુન:વ્યાખ્યાયિત કરે છે, જે લેધરની ભવ્યતાને દર્શાવે છે.

## ભુજ-બરેલી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ પર દોડશે

(એજન્સી) અમદાવાદ । તા. 22

ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર ડિવિઝનમાં અલવર-રેવાડી સેક્શનના અનાજ મંડી રેવાડી ખાતે રેલવે ક્રોસિંગ નં. 61 પર અંડરપાસ (RUB) ના બાંધકામ માટે બ્લોકને કારણે, ભુજ-બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે. આ સમય દરમિયાન, આ ટ્રેન રિંગસ અને નારનોલ સ્ટેશનો પર રોકાશે. 27 જૂન, 2024ના રોજ, બરેલીથી દોડતી ટ્રેન નંબર 14311 બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ રેવાડી-અલવર-જયપુર-ફૂલેરા ને બદલે પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફૂલેરા થઈને દોડશે. આ સમય દરમિયાન, આ ટ્રેન નારનોલ અને રિંગસ સ્ટેશન પર રોકાશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### જિલ્લા મથક ભુજ શહેરમાં ફરી એક વખત પાણીની તંગી સ્થાનિકો માટે હલાકીરૂપ બની હોવાનું સામે આવ્યું છે...

# ભુજના અનેક વિસ્તારમાં પાણીની તંગીથી લોકો પરેશાન

### પાણીની પારાયણ યથાવત: ખાનગી ટેન્કર મંગાવવા મજબુર બન્યા



(એજન્સી) કચ્છ (ભુજ) | તા.22

જિલ્લા મથક ભુજ શહેરમાં ફરી એક વખત પાણીની તંગી સ્થાનિકો માટે હલાકીરૂપ બની હોવાનું સામે આવ્યું છે. 56 કિલોમીટર ની ત્રિજ્યામાં વિસ્તરી ચૂકેલા શહેરમાં પીવાના પાણીની સુવિધા હજુ પણ સુચારુ ના બની હોવાની ફરિયાદ છે. વાર્ષિક સવા કરોડથી વધુનો કરવેરો પરતા નાગરિકોએ પાણીની તંગી નિવારવા ના છૂટકે ખાનગી ટેન્કરના આશરો લેવો પડી રહ્યાનું જાણવા મળ્યું છે. તંત્ર દ્વારા માસ્ટર પ્લાન હેઠળ પાણી સમસ્યાનો કાયમી ઉકેલ લવાય એવી લોકમાંગ ઉઠી છે. શહેરની દક્ષિણ દિશાએ વિકસિત પ્રમુખ સ્વામી રિલોકેશન સાઈટમાં છેલ્લા બે માસથી પાણી વિતરણમાં અવ્યવસ્થા સર્જાઈ હોવાનું સ્થાનિકના રાજીવ અંજારીયાએ તંત્ર સામે આક્ષેપ કરતા જણાવ્યુ કે બે માસ પૂર્વે ભુજોડી નજીક પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાળ પડ્યા બાદ પાણી વિતરણ ની વ્યવસ્થા રાબેતા મુજબ બની શકી નથી, જેને લઈ આ વિસ્તાતમાં વસતા અંદાજીત 3 હજાર પરીવારોને પાણી માટે હાલાકી ભોગવવી પડી રહી છે.

વોર્ડ નંબર 11 માં આવતા આ વિસ્તારના નગરસવકને અનેક રજૂઆતો કરવા છતાં યોગ્ય પરિણામ આવી શક્યું નથી. નગરપાલિકા માં પાણીના ટેન્કર ની વર્ધિ લખાવ્યા બાદ સમયસર ટેન્કર આવતા ના હોવાથી વેરો ભરવા છતાં પૈસા ખર્ચી ખાનગી ટેન્કર મંગાવવા પડી રહ્યા છે. પરિસ્થિતિ નો લાભ લઈ ખાનગી ટેન્કર માલિકો પણ રૂ. 300 થી 400 વસુલ કરી રહ્યા છે. તો આજ વિસ્તારના અન્ય રહીશોએ પણ નારાજગી સાથે નિયમિત પાણી મળે એવી માગ કરી હતી. આ સિવાય શહેરના લોટસ કોલોની અને આરટીઓ રિલોકેશન સાઈટ વિસ્તારમાં પણ છેલ્લા 5-6દિવસથી પાણી વિતરણ ખોરવાઈ ગયું હોવાનું જાણવા મળ્યું હતું. લોટસ કોલોનીના સુરેખાબેન આનંદવાર (સ્થાનિક)એ કહ્યું કે છેલ્લા 5થી 6 દિવસ થવા આવ્યા પાણી આવતું બંધ થઈ ગયું છે. પાણીના અભાવે ઘરકામ સહિતના કાર્યોમાં હાલાકી પડી રહી છે. તો આરટીઓ રિલોકેશન સાઈટમાં રહેતા હિરેન ગોરે પણ પાણી સમસ્યાનો ઉકેલ આવે એવી માગ કરી હતી. આ અંગે ભુજ સુધારાઈના ચીફ ઓફિસર જીગર પટેલે જણાવ્યું હતું કે પાણીની લાઈનમાં બ્રેક ડાઉન થવાથી અને વિજ સપ્લાયની સમસ્યાના કારણે ઉનાળા દરમિયાન પાણી વિતરણમાં અસર પહોંચતી હોય છે.

### ન્યૂઝ કોર્નર

#### શહેરા તાલુકા મોર ઉડારા ગામે બિન અધિકૃત રીતે ખનન કરતું મશીન ઝડપાયું

પંચમહાલ (ગોધરા) : પંચમહાલ જિલ્લામાં આવેલા શહેરા તાલુકા મોર ઉડારા ગામે બિન અધિકૃત રીતે જેસીબી મશીન દ્વારા બે ટ્રેક્ટરમાં ગેરકાયદેસર રેતી ભરીને લઈ જવામાં આવી રહી છે. તે બાતમીના આધારે પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમે ગઈકાલે બાતમીવાળી જગ્યાએ રેડ દરમિયાન એક જેસીબી મશીન બે ટ્રેક્ટર સહિત 60 લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પકડાયેલ મુદ્દામાલને લુણાવાડા ખાતેથી સીઝ કરીને મૂકવામાં આવ્યો હતો. મોડી સાંજે પેટ્રોલિંગમાં નીકળી હતી ત્યારે બાતમી મળી હતી કે, શહેરા તાલુકાના મોર ઉડારા ગામે કેટલાક ખનન માફિયાઓ દ્વારા એક જેસીબી મશીન દ્વારા બે ટ્રેક્ટરમાં રેતી ભરીને બિનઅધિકૃત રીતે હેરાફેરી કરવામાં આવી રહી છે. ખનીજ વિભાગની ટીમે બાતમીના આધારે બાતમીવાળી જગ્યા ઉપર રેડ દરમિયાન એક જેસીબી મશીન બે ટ્રેક્ટર સહિત 60 લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

#### બીજા લગ્ન કરનાર બનેવીની હત્યા કરનાર વધુ બે સાળા પકડાયા

વડોદરા : બીજા લગ્ન કરનાર અબ્દુલ સાજીદ ઉર્ફે ચંદુની હત્યા કરવાના બનાવમાં તેના વધુ બે સાળાને પોલીસે ઝડપી પાડ્યા છે. તુલસીવાડી સયાજીનગરમાં રહેતા અબ્દુલ સાજીદ ઉર્ફે ચંદુ શેખે રહીતા તીજીએ શબનમ નામની યુવતી સાથે બીજા લગ્ન કરતા શબનમના ભાઈઓએ બહેનને પાછી આપી દેવા માટે કહ્યું હતું. પરંતુ અબ્દુલ સાજીદ નહી માનતા બે દિવસ અગાઉ રાત્રે શબનમના ત્રણ ભાઈઓ તેમજ એક સાગરીતે તીક્ષણ હથિયારના ઘા ઝીંકી ચંદુની હત્યા કરી હતી.

આ બનાવમાં ક્રાઈમ બ્રાન્ચે ગઈકાલે ચંદુના સાળા અવેશ ઉર્ફે ઉવેશ તેમજ તેના મિત્ર રિયાજની ધરપકડ કરી હતી. જ્યારે ફરાર થઈ ગયેલા બીજા બે સાળા જીલાની શેખ અને ઉંમર શેખને પણ મોડી રાતે ઝડપી પાડ્યા છે.

### ચારે તરફ પાણી જ પાણી; છેલ્લા 24 કલાકમાં રાજ્યના 30 તાલુકામાં હળવાથી ભારે વરસાદ...

# વલસાડમાં વરસાદ: વાપીમાં સવા બે ઈંચ ખાબક્યો







વલસાડ : ગુજરાતમાં આ વર્ષે ચોમાસાનો ચાર દિવસ વહેલું એટલે કે 11 જૂને વિધિવત્ આગમન થઈ ચૂક્યું છે. દક્ષિણ ગુજરાતથી પ્રવેશેલું ચોમાસું ધીમે ધીમે રાજ્યના અન્ય વિસ્તારોમાં આગળ વધતું હોય છે. પરંતુ રાજ્યમાં વિધિવત્ પ્રવેશના 10 દિવસ બાદ પણ ચોમાસું નવસારીમાં જ અટકેલું છે. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 30 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ ભાવનગર જિલ્લામાં પોણાબે ઈંચ ખાબક્યો છે. તો આજે વહેલી વસારથી વલસાડ જિલ્લામાં વરસાદ શરૂ થયો છે. સવારના 6 વાગ્યાથી 10 વાગ્યા સુધી સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના વાપીમાં સવા બે ઈંચ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં વહેલી સવારથી ધીમી ધારે વરસાદ શરૂ થયો છે, જેના કારણે નોકરી પર જતા-આવતા લોકોને હાલાકી પડી રહી છે.

**બોટાદમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પાણી પાણી** : બોટાદ શહેરમાં ગઈકાલે સાંજે 6 વાગ્યા બાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ધોધમાર વરસાદના કારણે ગણતરીની મિનિટોમાં જ શહેરના રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. શહેરના ભાવનગર રોડ પર તો ઘૂંટણસમા પાણી ભરાતા વાહનચાલકો મુશ્કેલીમાં જોવા મળ્યા હતા. શહેરના ઢાકણિયા રોડ પર તુલસીનગર-2માં વરસાદી પાણી ભરાતા રહીશો પરેશાન થયા હતા. હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં ગઈકાલે સામાન્ય વરસાદની આગાહી કરી હતી. સાંજના સમયે શહેરમાં ભારે પવન ફૂંકાયો હતો, જેના કારણે અનેક વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઊડતાં વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. તો બીજી તરફ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હતો.

#### ખેડા જિલ્લામાં ગતરાત્રે ગાજવીજ સાથે વરસાદ

નડિયાદ શહેર સહિત ડભાણ, મંજીપુરા, સિલોડ, યોગીનગર, પીપલગ વિગેરે વિસ્તારોમાં મોડીરાત્રે વરસાદી છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા. ઉનાળાની કાળઝાળ ગરમીથી ત્રસ્ત નગરવાસીઓ અને ગ્રામજનો કંટાળ્યા હતા અને છેવટે વરસાદના આગમનથી લોકો હરખાયા હતા. ખાસ કરીને બાળકો ગામની ગલીઓમાં નાહવા માટે ઘરની બહાર દોડી આવ્યા હતા. તો વળી રાત્રે ટહેલવા નીકળેલું યુવાધને પણ આ વરસાદી ઝાપટાંમાં પલળી આનંદ વ્યક્ત કર્યો હતો.

**આગામી સાત દિવસ વરસાદની આગાહી** : હવામાન વિભાગની આગાહી અનુસાર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં છૂટાછવાયાં સ્થળોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ વરસી શકે છે. આજે ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતની સ્થિતિ એકસમાન રહેશે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ, જેવા કે જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને દીવમાં છૂટાછવાયાં સ્થળો પર હળવા વરસાદની શક્યતા છે. આ સાથે જ આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્યભરમાં ક્યાક ભારે તો ક્યાંક છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે. તો 23 જૂનના રોજ પણ દક્ષિણ ગુજરાતના વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે.

## લેન્ડ ગ્રેબિંગ કેસમાં 4 આરોપીના આગોતરા જામીન મંજૂર કરાયા

(એજન્સી) ઊના | તા.22

એલમપુર ગામના લેન્ડ ગ્રેબિંગ કેસમાં 4 આરોપી ને આગોતરા જામીન આપવામાં આવ્યા છે. ઉના તાલુકાના એલમપુર ગામની સોદરિયુ સીમમાં ચીનાભાઈ ભગવાનભાઈ શિંગડના કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ છે અને 30 વર્ષ પહેલા બનાવેલ મકાનમાં ચીનાભાઈના 6 વારસદારો રહેતા આવેલ છે. તેમ છતાં ખેતીની જમીન અને મકાન ઉપર ઉનાના આનંદ વાટીકા ચોક વિસ્તારમાં રહેતા નિવૃત્ત પોલીસ કર્મી હાકેમસિંહ મંગળસિંહ સોલંકીએ આ વારસદારો સામે બિન કાયદેસર કબજો જમાવ્યો હોવાની રજૂઆત કલેકટરને કરી હતી 21 એપ્રિલ 2022ના રોજ આરોપીઓ સામે ઉના પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગના કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જેની સામે આરોપીઓએ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી ધરપકડ કરવા સામે સ્ટે મેળવ્યો હતો. જે કવોસીંગ હાઈકોર્ટે તાજેતરમાં કરેલ કોમન ઓર્ડરથી રદ કરતો હુકમ કર્યો હતો. જેથી આરોપીએ વેરાવળના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં ઉનાના એડવોકેટ એન. આર. કીડેચા મારફત આગોતરા જામીન માટે અરજી કરી હતી. જજ જીગ્નેશ જે. પંડ્યાએ 4 આરોપીઓને 15 જૂનના રોજ આગોતરા જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

## સંયુક્ત ઓપરેશન: એરપોર્ટ પર DRI-CISF એ 1.48 લાખના ડોલર સાથે 3ને પકડ્યા, હવાલાની શક્યતા

### પુછપરછ બાદ ત્રણેયને બોન્ડ પર જવા દેવાયા, 2 વર્ષમાં 7 કેસમાં 5 કરોડ જપ્ત...

સુરત : ગતરાત્રે દુબઈ જતી ફ્લાઈટમાં ચેકિંગમાં સીઆઈએસફ અને ડીઆરઆઈએ 1.48 લાખ ડોલર જપ્ત કર્યા હતા. ત્રણ યુવકો આ રકમ બેગમાં મૂકીને લઈ જઈ રહ્યા હતા ત્યારે ચેકિંગમાં પકડાયા હતા. તમામને મોડીરાત્રે જ બોન્ડ પર મુક્ત કરાયા હતા. છેલ્લાં બે વર્ષમાં ચલણી નોટને લગતો આ આઠમો કેસ છે અત્યાર સુધી 5 કરોડથી વધુની કરન્સી મળી છે. તમામે સ્વીકાર્યું કે, આ રૂપિયા તેઓ ધંધામાં રોકાણ માટે દુબઈ લઈ જઈ રહ્યા હતા. જોકે, એજન્સીઓને શંકા છે કે, હવાલાનો ખેલ પાડવા કે ગોલ્ડ ખરીદી માટે દોઢ લાખ ડોલર કે જે અંદાજે રૂપિયા સવા કરોડ થવા જાય છે તે દુબઈ લઈ જવાઈ રહ્યા હતા. સુરત એરપોર્ટ પર હાલ ગોલ્ડ અને ડાયમંડ બાદ જાણે હવાલા રેકેટ પણ ચાલી રહ્યું હોય એમ લાગી રહ્યું છે. ગુરુવારે ફ્લાઈટના



ચેકિંગમાં 30થી 35 વર્ષની વયના 3 યુવકની બેગ ચેક કરાતા પેન્ટના ખિસ્સા, આંતરવસ્ત્રોમાં સંતાડી રાખેલા 1.48 લાખ ડોલર મળ્યા હતા. ડોલરની જપ્તી બાદ તમામને જવા દેવાયા હતા. ડીઆરઆઈના સૂત્રો કહે છે કે, વિદેશી નાગરિક હોય તો અગાઉથી કરેલી જાહેરાત મુજબ તે પાંચ હજાર ડોલર લઈ જઈ શકે છે, જો ભારતીય નાગરિક હોય તો તે સાડા સાત હજાર રૂપિયા લઈ જઈ શકે છે. એડવોકેટ નદીમ ઈસ્માઈલ ચૌધરી કહે છે કે, સ્મગલિંગમાં સાત વર્ષ સુધી સજાની જોગવાઈ છે.

પુછપરછમાં જણાવ્યું હતું કે, તેઓ ધંધાર્થી છે અને ધંધાના વિસ્તરણ માટે દુબઈ જઈ રહ્યા છે. જોકે, આ રેકેટને હવાલા સાથે પણ સરખાવાઈ રહ્યો છે. દુબઈમાં હવાલો પાડવા અથવા તો સુરતનો હવાલો પુરો કરવા આ ડોલર લેવાયા હતા. અહીં એક ચર્ચા એ પણ છેડાઈ છે કે સુરત હવાલાનું સેન્ટર બની રહ્યું છે કે કેમ?

**બ્રેકિંગ ન્યૂઝ**

#### યંત્રોના ચિત્રો પર ઓનલાઈન જુગાર રમતા 16 શખ્સ ઝબ્બે

ભાવનગર : મહુવાના એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, અમૃત બજારમાં આવેલા કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાનમાં ઓનેસ્ટ નામની ફ્રેન્ચાઈઝીમાં બહારથી માણસોને બોલાવી મશીનમાં યંત્રોના ચિત્રો પર ઓનલાઈન હારજીતનો જુગાર રમી-રમાડતાં ૧૬ શખ્સને લોકલ ક્રાઈમ બ્રાન્ચે રૂા.૧.૧૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. યંત્રના મશીન, કોમ્પ્યુટર સિસ્ટમ, પ્રિન્ટર, મોબાઈલ, વાઈ-ફાઈ રાઉટર, ચાંદી જેવી ધાતુના કુલ રૂા.૧,૧૫,૬૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.

#### ખંભાતના મીતલી ગામના શખ્સે કિશોરી ઉપર દુષ્કર્મ કર્યાની ફરિયાદ

આણંદ : ખંભાત તાલુકાના મીતલી ગામે કરિયાણાની દુકાન ચલાવતા દુકાનદારે બપોરના સુમારે એક કિશોરીની એકલતાનો લાભ લઈ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હોવાના બનાવે ભારે ચકચાર જગાવી છે. આ બનાવ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે દુકાનદાર વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખંભાત તાલુકાના મીતલી ગામે રહેતો મહેશભાઈ મંગળભાઈ જાદવ છેલ્લા કેટલાક સમયથી ગામમાં અનાજ કરિયાણાની દુકાન ચલાવે છે. ગામમાં રહેતી એક કિશોરી તેની દુકાન ખાતે અવારનવાર અનાજ કરિયાણું લેવા માટે આવતી હતી.

## નર્મદા પોલીસવડાએ કાયદો હાથમાં લઈ પોલીસની છબી ખરડનાર બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા

(એજન્સી) નર્મદા (રાજપીપળા) | તા.22

પ્રાપ્ત વિગતો અનુસાર થોડાક દિવસ પહેલાં બનેલી પોલીસની છબી ખરડતી ઘટનામાં એકતાનગર ટ્રાફિકમાં ફરજ બજાવતા અને ડેડીયાપાડા પારસી ટેકરા ખાતે રહેતા પ્રદીપભાઈ અમરસીંગભાઈ વસાવાએ ધારાસભ્ય ચૈતરભાઈ દામજીભાઈ વસાવાની દેડીયાપાડા લીમડાચોક ખાતે આવેલા ઓફીસના સટર ઉપર પેસાબ કરી જગદીશભાઈ વસાવા તથા ધારાસભ્ય ચૈતરભાઈ દામજીભાઈ વસાવાનું નામ લઈને તથા સાહેલભાઈ બાલાસાહેબ રાઠોડને ગમેતેમ અશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યાર બાદ આ કોન્સ્ટેબલને ડેડીયાપાડા પોલીસ મથકે લઈ જતાં ત્યાં પણ બેફામ અપશબ્દો બોલી આખું પોલીસ સ્ટેશન ગજવ્યું હતું. જેથી આવા કૃત્ય બદલ જિલ્લા પોલીસવડા પ્રશાંત સૂંબેએ પ્રદીપ વસાવાને સસ્પેન્ડ કર્યો હતો. ત્યાર બાદ હાલમાં બનેલી બીજી ઘટનામાં પણ પોલીસની છબી ખરડાઈ તેમ હોય જેમાં નર્મદા પોલીસની ડેમ સલામતી શાખામાં ફરજ બજાવતા ASI અશોક દેશમુખે જાહેરમાં કોઈ કારણોસર અત્રે હાઉસિંગ બોર્ડમાં રહેતા પોતાના દીકરાના 16 વર્ષના મિત્ર કાર્તિકને ક્રિકેટના સ્ટમ્પ વડે માર મારતાં કાર્તિકના પિતાએ ASI અશોક દેશમુખ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પરંતુ વાત અહીં નથી.

અટકતી એક પોલીસ કર્મચારી કાયદો હાથમાં લે તો સમાજમાં ખોટો મેસેજ જાય તેથી જિલ્લા પોલીસવડા પ્રશાંત સૂંબે એ ASI અશોક દેશમુખને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી કડક વહીવટનો દાખલો બેસાડ્યો છે. આમ ટૂંકાગાળામાં જ નર્મદા પોલીસમાં ફરજ બજવતા બે પોલીસકર્મીઓને જિલ્લા પોલીસવડા એ સસ્પેન્ડ કરતાં પોલીસ બેડામાં ચકચાર મચી હતી અને પોલીશ બેડામાં સન્નાટો છવાયો છે.

## ભય નો માહોલ: મોટા કોટડામાં દીપડાના હુમલાથી આધેડનું મોત, જંગલનો પનો ટૂંકો પડતા વન્યપ્રાણીઓ રહેણાંક વળ્યા

(એજન્સી) વિસાવદર | તા.22

વિસાવદરના મોટા કોટડા ગામે સીમ વિસ્તારમાંથી એક કોહવાઈ ગયેલી હાલતમાં અને હાથ પગ વગરની એક વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો. મૃતદેહ જોતા કોઈ હિંસક વન્ય પ્રાણીએ મોત નીપજાવ્યું હોય તેમ માનવામાં આવી રહ્યું છે. આ બાબતની જાણ વિસાવદર પોલીસ અને વન વિભાગને કરતા બનાવ સ્થળે બંને સ્ટાફ પહોંચી જઈ તપાસ હાથ ધરી છે. મોટા કોટડા ગામે જુનાગઢ રહેતા નિકિતાબેન પટેલનું ખેતર આવેલું છે. તેમાં છેલ્લા સાત-આઠ વર્ષથી બિલખાના સગર છગનભાઈ જીવાભાઈ અજાણી ઉંમર વર્ષ 60 રહેતા હતા.

આજે સવારે ખેતર નજીક નજીક કાંઠેથી છગનભાઈ નો અતિ કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેથી ગામ લોકોએ વિસાવદર પોલીસ સ્ટેશન અને વન વિભાગને આ બનાવની જાણ કરેલ હતી. અને બંને વિભાગે જીણવટ



ભરી તપાસ હાથ ધરી હતી. ગામ લોકોના કહેવા મુજબ દીપડાએ છગનભાઈ ને ફાડી ખાધેલ છે. કેમકે આજુબાજુના વિસ્તારોમાં અનેકવાર દીપડાની હેરાનગતિ થતી રહેતી હોય છે. છગનભાઈ ના મૃતદેહને પીએમ માટે વિસાવદર સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવેલ. પરંતુ મૃતદેહ અતિ કોહવાઈ ગયેલ અને ત્રણ-ચાર દિવસ જૂનો હોય જેથી પીએમ માટે જામનગર એફ.એસ.એલ. માં મોકલવામાં આવ્યો હતો.

ગત 6 જૂનના રોજ વંથલીના થાણાપીપળી ગામે દિવ્યા નામની બાળકી પર દીપડાએ હુમલો કર્યો હતો અને ઈજા પહોંચાડી હતી. અને બાદમાં દીપડો નાસી ગયો હતો. આ બાબતે વિસાવદર રેજના આર.એફ.ઓ. વિક્રાંતસિંહ જાડેજા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે મુદ્દે અતિ કોહવાઈ ગયેલી હાલતમાં હોય તેમજ આસપાસ ના વિસ્તારમાં કોઈ વન્ય પ્રાણીના ફૂટમાર્ક જોવા મળતા નથી જેથી એફ એસ એલ નો રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા મળશે ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ઈજાગ્રસ્ત બાળકીના પિતા બલસીનભાઈ કટારાએ કહ્યું હતું અમે રજૂઆત કરી હતી અને કોઈએ ઈજાગ્રસ્ત બાળકીના ફોટા મંગાવ્યા હતા જો કે હજુ સુધી જવાબદાર તંત્ર હજુ સુધી સ્થળ તપાસ માટે આવ્યું નથી.

# યંત્રોના ચિત્રો પર ઓનલાઈન જુગાર રમતા 16 શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર | તા.22
મહુવાના એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, અમૃત બજારમાં આવેલા કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાનમાં ઓનેસ્ટ નામની ફ્રેન્ચાઈઝીમાં બહારથી માણસોને બોલાવી મશીનમાં યંત્રોના ચિત્રો પર ઓનલાઈન હારજીતનો જુગાર રમી-રમાડતાં ૧૬ શખ્સને લોકલ ક્રાઈમ બ્રાન્ચે રૂા.૧.૧૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જાણવા મળતી વિગત મુજબ મહુવાના ખાટકીવાડમાં રહેતો ગની બાગોત અને સાહીલ શેખ નામના શખ્સો મહુવા, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, અમૃત બજાર, કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનમાં ઓનેસ્ટ નામની ફ્રેન્ચાઈઝીમાં બહારથી માણસોને બોલાવી પોતાના આથક લાભ માટે દુકાનમાં રાખેલ મશીનમાં યંત્રોના ચિત્રો પર રોકડ રકમ મુકાવી યંત્રનું ચિત્ર જાહેર કરી વિજેતાને તેણે લગાડેલ રોકડ રકમને બદલે દસ ગણી રોકડ રકમ આપી રૂપિયાનો હારજીતનો નસીબ આધારીત જુગાર રમાડી જુગારના હિસાબના રોકડા રૂપિયા મેળવી અખાડામાં જુગાર રમવા આવેલ માણસોને સવલતો પુરી પાડી જુગારનો અખાડો ચલાવતા હોવાની બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી યંત્રના મશીન, કોમ્પ્યુટર સિસ્ટમ, પ્રિન્ટર, મોબાઈલ, વાઈ-ફાઈ રાઉટર, ચાંદી જેવી ધાતુના સિક્કા મળી કુલ રૂા.૧,૧૫,૬૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.

### ન્યુઝ ફ્લેશ

## જાફરાબાદના 2 યુવાનના માર્ગ અકસ્માતમાં કમકમાટીભર્યા મોત

રાજુલા : ઉનાથી જાફરાબાદ બાઈક લઈ આવી રહેલા બે યુવાનનું ઉના-ભાવનગર નેશનલ હાઈવે પર ગાંગડા ગામ નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. બે આશાસ્પદ યુવાનના મૃત્યુથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ અંગેની પ્રાપ્ત થતી માહિતી મુજબ જાફરાબાદમાં રહેતા ખારવા સમાજના યુવાન ગોપાલભાઈ અશોકભાઈ બારૈયા અને મિલનભાઈ રામજીભાઈ બાંભણિયા નામના બે મિત્રો બાઈક લઈ ઉનાથી જાફરાબાદ આવી રહ્યા હતા. દરમિયાનમાં ઉના-ભાવનગર નેશનલ હાઈવે પર આવેલ ગાંગડા ગામ નજીક ચામુંડા હોટલ પાસેથી પસાર થતી વેળાએ કાબુ ગુમાવતા બાઈક હાઈવે પરના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી.

## મુંદરા પોર્ટમાં વેસલ પર કામ કરતો યુવાન દસ ફુટની ઉંચાઈએથી પટકાતાં મોત

ભુજ: પશ્ચિમ કચ્છમાં અપમૃત્યુના અલગ ત્રણ બનાવોમાં સામે આવ્યા હતા. જેમાં ભુજ તાલુકાના માધાપર ગામે માનસિક વિચલિત વૃધ્ધે પોતાના ઘરના આંગણામાં લોખંડની આડી વળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. તો, મુંદરા પોર્ટ પર બર્થ પર લાગેલા વેસલ પર કામ કરતો મજુર દસ ફુટ ઉંચાઈએથી નીચે પટકાતાં ગંભીર ઈજાઓને કારણે તેનો જીવનદીપ બુઝાઈ ગયો હતો. જ્યારે જીંદાલ કંપનીમાં કામ કરતી વખતે શ્રમજીવીનું હાર્ટ એટેકથી મોત થયું હતું. માધાપર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ માધાપર નવાવાસમાં જલાલરા સોસાયટીમાં રહેતા ધીરજભાઈલાલજી વાઘમશી (ઉ.વ.૬૫)નામ ના વૃધ્ધે કોઈ અગમ્ય કારણોસર ગુરૂવારે મધરાત્રે પોતાના ઘરના આંગણામાં આવેલા લોખંડના એંગલ પર લુંગી વળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## મેવાસા પાટિયાથી ધાણીથર પાટીયા વચ્ચે 7 લાખની પાણી ચોરી પકડાઈ

ગાંધીધામ: વાગડ વિસ્તારમાં સમયાંતરે પાણી ચોરીની ઘટના સામે આવે છે. વાગડ વિસ્તારમાં હાઈવે પર આવેલી હોટલ, ગેરેજ, સવસ સ્ટેશનના સંચાલકો દ્વારા પેયજળની લાઈનમાં કાણું પાડી ગેરકાયદે કનેકશન મેળવવામાં આવે છે. જેમાં ચેકિંગમાં પાણી ચોરી ઝડપાતી હોય છે ત્યારે વધુ એકવાર છેલ્લા બે મહિના દરમિયાન કરેલી સાત લાખની પાણી ચોરી ઝડપાઈ છે.

પાણી પુરવઠા બોર્ડના રાપરના નાયબ કાર્યપાલક ઈજનેર જિજ્ઞેશકુમાર કનૈયાલાલ કપાસિયાએ ફરિયાદ નોંધાવી હતી કે, સામખિયાળીથી રાધનુપર જતા નેશનલ હાઈવે પર મેવાસા પાટિયાથી ધાણીથર પાટીયા વચ્ચે તપાસ કરવામાં આવી હતી. જેમાં આરોપીઓએ પોતાના અંગત ફાયદા માટે રાપર જુથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપ લાઈનમાં તથા એર વાલ્વમાં નુકસાન કરી ગેરકાયદે રીતે કનેકશન મેળવી ૬૦ દિવસ દરમિયાન અલગ અલગ પ્રમાણમાં કુલ રૂા.૬,૯૭,૭૭૬ની પાણી ચોરી કરી હતી.

### ટ્રાન્સપોર્ટના માલિક સહિત ત્રણ શખ્સે વિશ્વાસઘાત-છેતરપિંડી કરી

# ભાવનગરથી સીંગતેલનું ટેન્કર તામિલનાડુ મોકલવાના બહાને 48 લાખની છેતરપિંડી

(એજન્સી) ભાવનગર | તા.22
શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી ઓઈલ મીલમાંથી લાખોની કિંમતનું સીંગતેલ ભરીને તામિલનાડુ મોકલવા માટે રવાના કરવામાં આવ્યા બાદ ટેન્કરમાંથી સીંગતેલ કાઢી લઈ સીંગતેલના ઓછા જથ્થા સાથે પાણી ભેળવી દઈને મહારાષ્ટ્રના ઔરંગાબાદ અને બીડની વચ્ચે ટેન્કર પલટી મરાવી દઈ ભાડાપેટે એડવાન્સ આપેલી રકમ સહિત રૂા.૪૮.૮૯ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવામાં આવતા ઓઈલ મીલના ભાગીદારે ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક સહિત ત્રણ સામે બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ઉપલબ્ધ થતી માહિતી અનુસાર શહેરનાના મેઘાણી સર્કલ, રબ્બર ફેક્ટરી રોડ પર આવેલ પ્લોટ નં.૧૨૯/૮માં રહેતા અને કુંભારવાડામાં આવેલ વીઆઈપી પ્લોટ નં.સી-૨૬માં અબ્દુલ્લા મુસા નામથી પત્ની સાથે ભાગીદારીમાં ઓઈલ મીલ ધરાવતા અબ્દુલહમીદ અત્તાઉલ્લાભાઈ તેલિયાની ઓઈલ મીલને ગોલ્ડન રિફાઈનરી પ્રા. લી.-મુલાન્નૂર રોડ, વેલ્લાકોવીલ, તીરપુર, તામિલનાડુંની પાર્ટીએ ૩૦ ટન સીંગતેલ મોકલવાનો ઓર્ડર આપ્યો હતો. આ પાર્ટી સાથે અગાઉ પણ ડિલીંગ થઈ હોય, તેમણે આ ઓર્ડર કન્ફર્મ કરી તામિલનાડુ ખાતે સીંગતેલ મોકલવા માટે કચ્છ, ગાંધીધામની રોડ લાઈન્સ કંપની કે.એસ.વી. રોડ લાઈન્સના માલિક આશીષ પાંડે સાથે મોબાઈલ ફોન પર વાત કરી રૂા.૧,૬૨,૦૦૦માં ટેન્કર ભાડે મોકલવાનું નક્કી કર્યું હતું. દરમિયાનમાં ગઈ તા.૨૯/૫ના રોજ તેમણે તેમની ઓઈલ મીલમાંથી ૩૦ ટન અને ૧૦ કિલોગ્રામ સીંગતેલ (કિં. રૂ.૪૭,૮૯,૬૯૬) ભરાવી ટેન્કરની વજન ચિઠ્ઠી કરાવ્યા બાદ ટેન્કર નં.જી. જે.૧૨.બી.એક્સ.૬૮૧૯ના ચાલક વિકાસરામ સજીવન નિષાદ નામનો શખ્સ મોડી રાત્રે ટેન્કર લઈને તામિલનાડુ જવા રવાના થયો હતો. ત્યારબાદ તા.૩૧-૫ના રોજ સવારે તેમણે ટેન્કરના ચાલકને ફોન કરતા આ ટેન્કર બરોડા હોવાનું જણાવ્યું હતું, આથી તેમણે ટેન્કરના માલિક આશીષ પાંડેને ફોન કરીને પૂછતા તેમને ટેન્કર રિપેરીંગ માટે બરોડા ખોટી કર્યું હોવાનું જણાવી ભાડા પેટે એક લાખ રૂપિયા એડવાન્સની માંગણી કરતા તેમણે બેન્ક ખાતામાં એક લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.દરમિયાન તા.૪-૬ના રોજ અજાણ્યા મોબાઈલ ઉપરથી ફોન આવ્યો હતો અને પોતે કે.એસ.વી. રોડલાઈન્સનો માણસ હોવાનું જણાવી સીંગતેલ ભરેલું ટેન્કર મહારાષ્ટ્રમાં આવેલ બીડ નજીક પલટી મારી ગયાનું જણાવ્યું હતું. આથી તેમણે ટેન્કરના માલિકને ફોન કરી બનાવ અંગે જાણ કરતા તેમણે ટેન્કર પલટી મારી ગયું હોવાનું જણાવ્યું હતું, આથી તેમણે તેમના માસીના દીકરા મોહમ્મદ સુલેમાન મહમદ આશિક હીંગોરા (રહે,ઓરંગાબાદ)ને તપાસ કરવા મોકલતા તેમણે ટેન્કર પલટી ખાઈ ગયું હોવાનું જણાવી તેના ફોટા મોકલ્યા હતા. આ ફોટામાં જોતા ટેન્કરમાંથી ૩૦ ટન જેટલું તેલ ઢોળાયું હોવાનું જણાયુ ન હતું. તેમજ તેમાં પાણી મિક્સ કરવામાં આવ્યું હોવાની શંકા ગઈ હતી. આ ઘટનામાં કંઈક ખોટું થયું હોવાનું લાગતા તેઓ અકસ્માત સ્થળે ગયા હતા અને અકસ્માત સ્થળે તપાસ કરતા ૫૦૦ કિલોથી પણ ઓછું તેલ ઢોળાયેલું હોવાનું જણાતા વેપારીને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો અને મહારાષ્ટ્ર ચેક પોસ્ટ ખાતે ટેન્કરની વજન ચિઠ્ઠી કરાવતા વજન ૪૮,૩૦૦ કિલોગ્રામ આવ્યું હતું.

## ભાવનગર-ઓખા ટ્રેનને મૂળ રૂટ પર ચલાવવા મુસાફરોની પ્રબળ માંગ

ઉમરાળા : ઢસા-જેતલસર લાઈનના ગેજ કન્વર્ઝનનું કામ પૂરૂં થયાને અને એ નવી બ્રોડગેજ લાઈન પર અન્ય પેસેન્જર ગાડીઓ દોડતી થયાને લાંબો સમય થયો,પણ ભાવનગરથી ઓખા ટ્રેનને તેના દાયકાઓ જૂના મૂળ રૂટ પર શરૂ કરવાના બદલે હજુ વાયા સુરેન્દ્રનગર રૂટ પર જ ચલાવાઈ રહી છે. તેને તેના મૂળ રૂટ પર ફરી ચાલુ કરવા લોકમાંગ થતી રહે છે,પણ રેલવેતંત્ર ધ્યાન આપતું ન હોય મુસાફરોમાં તંત્ર સામે નારાજગી જન્મી છે. ભાવનગર-ઓખા ટ્રેનનો મૂળ રૂટ ધોળા, ઢસા, જેતલસર, વીરપુર અને ગોંડલ, રાજકોટ છે.પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના પ્રારંભ સાથે એ મીટરગેજ લાઈન પર ભાવનગર-ઓખા પેસેન્જર ટ્રેન શરૂ થઈ ત્યારથી તે ભાવનગર, સિહોર, ઉમરાળા, વલ્લભીપુર અને ઢસા વગેરે વિસ્તારોના લોકો માટે જેતલસર, જેતપુર, વીરપુર, ગોંડલ અને રાજકોટ વિસ્તારમાં તથા જેતલસરથી ટ્રેન બદલીને જૂનાગઢ,સોમનાથ ઉપરાંત ધોરાજી,ઉપલેટા,પોરબંદર જવા-આવવા માટે ખૂબ જ અનુકૂળ ટ્રેન સેવા હતી.

### ગાંધીધામ તાલુકાના ખારીરોહર ગામનો બનાવ

# રિસામણે બેઠેલી પત્નીને 'તું તલાક કેમ નથી આપતી' કહી પતિ સહિત 13 જણાનો હથિયારોથી ખૂની હુમલો



(એજન્સી) ગાંધીધામ | તા.22
ગાંધીધામ તાલુકાનાં ખારીરોહર ગામમાં બે પરિવાર વચ્ચે પારિવારિક ડખ્ખો થયો હતો. જેમાં રિસામણે ગયેલી પત્નીને તું મને તલાક કેમ નથી આપતી કહી બે મહિલા સહીત ૧૩ શખ્સો ધારિયા અને ધોકા લઈ મહિલાનાં ઘરમાં ઘૂસી ગયા હતા. જેમાં છુટા પથ્થર મારતા બે મહિલાને ઈજાઓ પહોંચી હતી. આ બનાવમાં એક શખ્સે બંદૂક તાકી ધમકી આપ્યા હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાના વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર પ્રસરી છે.

ગાંધીધામનાં ખારીરોહર પીર કોલોની રહેતા રફીક ઈબ્રાહીમભાઈ સાયચાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ફરિયાદીની બહેન અને ભાણેજીને તેમનો બનેવી સીદીક કાસમ ટાંક અવાર-નવાર મારકૂટ કરી ઝઘડો કરતો હતો. જેથી ફરિયાદીની બહેન તેની દિકરીને લઈ પોતાના પિતાના માવતરે આવી ગઈ હતી. જેમાં મહિલા રિસામણે તેના માવતરે આવી જતા આરોપી સીદીક ફરિયાદીનાં ઘરે જઈ ફરિયાદીનાં બહેનને તું મને તલાક કેમ નથી આપતી કહી, આરોપીઓ નુરમામદ ઉર્ફે નુરોગોલી દાઉદ ટાંક, મામદ કાસમ ટાંક, અલ્તાફ ઉર્ફે ભાલુ હાજી ટાંક, મામદ ઉર્ફે ટેણી નુરમામદ ટાંક, હાજી સીદીક છરેચા, સુલતાન હાજી ટાંક, મૌસીમ સલીમ ટાંક, મુસા દાઉદ ટાંક, કાસમ મુસા ટાંક, નૂરાગોલીની માતા સકીનાબેન અને બહેન અમીનાબેન તેમજ ગડીઆઈ (રહે. તમામ ખારીરોહર, ગાંધીધામ) સાથે ફરિયાદીનાં ઘર પર પથ્થરમારો કરી ધારિયા અને ધોકા જેવા હથિયારો લઈ ફરિયાદીનાં ઘરમાં ઘૂસી ગયા હતા. જેમાં આરોપી સિદીકીએ ફરિયાદીનાં પિતા ઈબ્રાહીમ સામે બંદૂક તાકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઝઘડા દરમિયાન હાજરાબાઈ અને નૂરબાઈને પગનાં ભાગે પથ્થર વાગી જતા ઈજાઓ પહોંચી હતી. જેથી ફરિયાદીએ આ અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.




## ડાકોરમાં આજે પૂનમ હોવાથી દર્શનના સમયમાં વધારો કરાશે

આણંદ : સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર ખાતે પુનમને લઈ શ્રી રણછોડરાય ટેમ્પલ કમિટિ દ્વારા ભક્તોના ધસારાને ધ્યાનમાં લઈ દર્શનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ તા.૨૨મી જૂન, ૨૦૨૪ને શનિવારના રોજ જેષ્ઠ સુદ-૧૫ હોઈ ડાકોરના શ્રી રણછોડરાય મહારાજ મંદિરના દર્શનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. મળતી સૂત્રોના જણાવ્યા મુજબ સવારના ૫-૦૦ કલાકે નિજ મંદિર ખુલી ૫-૧૫ કલાકે મંગળા આરતી થશે. સવારે ૮-૩૦ કલાક સુધી દર્શન ખુલ્લા રહેશે. સવારના ૮-૩૦ થી ૯-૦૦ કલાક સુધી શ્રી ઠાકોરજી વિવિધ ભોગ આરોગવા બિરાજશે. આ સમય દરમ્યાન દર્શન બંધ રહેશે. બાદમાં ૯-૦૦ કલાકથી ૧૨-૩૦ કલાક સુધી દર્શન ખુલ્લા રહેશે. ૧૨-૩૦ થી ૧-૦૦ કલાક દરમ્યાન ઠાકોરજી રાજભોગ આરોગવા બિરાજશે. આ સમય દરમ્યાન દર્શન બંધ રહેશે. બપોરના ૧-૦૦ કલાકથી ૨-૩૦ કલાક સુધી દર્શન ખુલ્લા રહેશે અને ત્યારબાદ ઠાકોરજી પોડી જશે એટલે દર્શનાર્થીઓનો મંદિરમાં પ્રવેશ બંધ રહેશે. બાદમાં ૩-૪૫ કલાકે નિજ મંદિર ખુલી જશે.



## કોન્ટ્રાક્ટરના આપઘાત કેસમાં 6 આરોપીઓ પોલીસ પકડથી દૂર

કપડવંજ : કપડવંજના કોન્ટ્રાક્ટરના આપઘાત કેસમાં સ્યૂસાઈડ નોટ મળી હોવા છતાં પોલીસે ગુનો નહીં નોંધી તથા કાર્યવાહી ના કરતા તમામ છ આરોપીઓ ફરાર થવામાં સફળ થયા છે. પરિવાર શોકાગ્રસ્ત સ્થિતિમાં હોવાથી બનાવના પાંચ દિવસે પોલીસ ફરિયાદ નોંધાવતા આખરે કપડવંજ ગ્રામ્ય પોલીસે માત્ર ગુનો નોંધીને સંતોષ માન્યો છે. ત્યારે મૃતક પાસેથી મહત્વનો પૂરાવો સ્યૂસાઈડ નોટ મળવા છતાં કોઈ કાર્યવાહી નહીં કરનાર પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. કપડવંજ માર્ગ અને મકાન વિભાગમાં ૩૫ વર્ષથી કોન્ટ્રાક્ટ લઈને કામ કરતા થાંભા ગામના કોન્ટ્રાક્ટર કનુભાઈ સોમાભાઈ પટેલનો નાની ઝેર ગામની સીમમાંથી તા.૧૫ જૂનના રોજ ઝાડ પર ફાંસો ખાઈ લીધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. તેમના ખીસ્સામાંથી સુસાઈડ નોટ પણ પોલીસને મળી આવી હતી. આ અંગે મૃતકના નાનાભાઈએ તા. ૧૯ જૂનના રોજ કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકે આત્મહત્યાના દુષ્પ્રેરણની છ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.







## ઠાસરામાં 1.71 કરોડના ગોલ્ડલોન કૌભાંડમાં 2 આરોપીઓની ધરપકડ

ડાકોર : ઠાસરા વેપારી મંડળમાં ગોલ્ડ લોન લઈને નકલી સોનુ બેંકમાં આપીને રૂ.૧.૭૧ કરોડની છેતરપિંડી આચરી હોવાની ઠાસરા વેપારી મંડળના વેલ્યુઅર સહિત ૧૫ શખ્સો વિરૂદ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે ૧૨૦ દિવસ બાદ એફઆઈઆર નોંધી ૧૫માંથી માત્ર બે શખ્સોને ઝડપી પાડતા પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. તેમજ ફરાર ૧૩ આરોપીઓને સત્વરે ઝડપી લેવા માંગ ઉઠી છે. ઠાસરા વેપારી મંડળમાંથી ગોલ્ડ લોન લઈને કેટલાક શખ્સોએ બોગસ સોનુ પધરાવ્યું હતું. જે અંગે ઠાસરા વેપારી મંડળ દ્વારા ૧૫ શખ્સો વિરૂદ્ધ ઠાસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી સોનાના દાગીના બનાવનાર અબ્દુલહુસૈન અબ્દુલમુકીદ કાઝી (ઉં.વ. ૪૭, રહે. કાજીવાડો, ઠાસરા, મુળ રહે. પશ્ચિમ બંગાળ) અને ખેડૂત અજીતસિંહ રમણભાઈ રાઠોડ (ઉં.વ. ૪૮, રહે. મીઠાનામુવાડા, તા. ગળતેશ્વર)ને બુધવારે ઝડપી પાડયા હતા. પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી બંનેના રિમાન્ડ મેળવવા તથા અન્ય ફરાર આરોપીઓ અંગે વધુ તપાસ હાથ ધરી છે.



## ખંભાતના મીતલી ગામના શખ્સે કિશોરી ઉપર દુષ્કર્મ કર્યાની ફરિયાદ

આણંદ : ખંભાત તાલુકાના મીતલી ગામે કરિયાણાની દુકાન ચલાવતા દુકાનદારે બપોરના સુમારે એક કિશોરીની એકલતાનો લાભ લઈ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હોવાના બનાવે ભારે ચકચાર જગાવી છે. આ બનાવ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે દુકાનદાર વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખંભાત તાલુકાના મીતલી ગામે રહેતો મહેશભાઈ મંગળભાઈ જાદવ છેલ્લા કેટલાક A ગામમાં અનાજ કરિયાણાની દુકાન ચલાવે છે. ગામમાં રહેતી એક કિશોરી તેની દુકાન ખાતે અવારનવાર અનાજ કરિયાણું લેવા માટે આવતી હતી. આશરે એક માસ અગાઉ બપોરના સુમારે આ કિશોરી અનાજ કરિયાણું લેવા માટે મહેશ જાદવની દુકાન ખાતે પહોંચી હતી. તે સમયે મહેશ જાદવે કિશોરીને વાતો કરી ફોસલાવી દુકાનમાં લઈ ગયો હતો અને તેણીની એકલતાનો લાભ લઈ કિશોરી ઉપર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં જો આ અંગે કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ભયભીત થઈ ગયેલ કિશોરીએ જે તે સમયે આ અંગે કોઈને જાણ કરી ન હતી.

# મનપાના અધિકારી સામે બળાત્કારની ફરિયાદ નોંધાતા કચેરીમાંથી નેમ પ્લેટ હટાવી લેવાઈ

(એજન્સી) ભાવનગર | તા.22
ભાવનગર મહાપાલિકાના અધિકારી સામે ગત ગુરૂવારે એક મહિલાએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે આજે શુક્રવારે મહાપાલિકાની કચેરીમાં ચર્ચાનો માહોલ જામ્યો હતો અને મહાપાલિકાએ અધિકારીના વિભાગની બહારથી નેમ પ્લેટ હટાવી લીધી છે. મહાપાલિકાના અધિકારી રજા મુકયા વગર ફરાર થયા ગયા હોવાનુ જાણવા મળેલ છે. આગામી દિવસોમાં અધિકારી સામે મનપા કાર્યવાહી કરશે. શહેરના વાઘાવાડી રોડ, ઘરશાળા પાસે આવેલ પદ્મશ્રી એપાર્ટમેન્ટમાં રહેતા અને ભાવનગર મહાનગરપાલિકાના વોટર વર્કસ તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા ફાલ્ગુન મહેન્દ્રભાઈ શાહ (એફ.એમ.શાહ) સામે એક ૩૬ વર્ષીય પરિણીત મહિલાએ બળાત્કારની ફરિયાદ ગત ગુરૂવારે નોંધાવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. બળાત્કારની ફરિયાદ નોંધાયા બાદ અધિકારીએ મોબાઈલ બંધ કરી દીધો હતો અને ત્યારબાદ ફરાર થઈ ગયા હોવાનુ જાણવા મળેલ છે. આજે શુક્રવારે અધિકારી ફાલ્ગુન શાહ કચેરીએ પણ આવ્યા ન હતા અને તેઓ સામે બળાત્કારની ફરિયાદ નોંધાતા મનપાની કચેરીમાં ચર્ચાનો માહોલ જામ્યો હતો. અધિકારી-કર્મચારીઓ, પદાધિકારીઓ, નગરસેવકો વગેરેમાં અધિકારી સામે નોંધાયેલ ફરિયાદની ચર્ચા સાંભળવા મળી હતી. મહાપાલિકાના અધિકારી પાસે બે વિભાગના ચાર્જ હતા અને આ બંને વિભાગમાંથી તેઓની નેમ પ્લેટ હટાવી લેવામાં આવી હતી.

### દોઢેક વર્ષથી અલંગમાં આવતા શીપોની ઘટતી સંખ્યા, શીપ બ્રેકિંગ યાર્ડ પોતાના અસ્તિત્વ સામે ઝઝુમી રહ્યું છે

# અલંગમાં ઈતિહાસની સૌથી લાંબી મંદી, માત્ર 25 ટકા પ્લોટ જ શરૂ

(એજન્સી) ભાવનગર | તા.22
એશિયાનું સૌથી મોટું શીપ બ્રેકિંગ યાર્ડ અલંગ અત્યારે મંદીના સૌથી લાંબા દૌરમાંથી પસાર થઈ રહ્યું છે. અલંગમાં ભાંગવા માટે આવતા શીપોથી સતત ઘટતી જતી સંખ્યા પાછળ અનેક આંતરરાષ્ટ્રીય પરિબળો જવાબદાર છે. બીએસઆઈનો કાયદો, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથેની હરિફાઈ જેવા અનેક કારણોને લીધે અલંગ પોતાના અસ્તિત્વ સામે ઝઝુમી રહ્યું છે. એક તો ભાવનગરમાં ગણ્યાગાંઠ્યા ઉદ્યોગો રહ્યાં છે તેમાંનો શીપ બ્રેકિંગ ઉદ્યોગ અનેક લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી આપી રહ્યો હોવાથી અલંગની મંદી અનેક લોકોને અસર કરી રહી છે. છેલ્લા દોઢેક વર્ષથી અલંગમાં આવતા શીપોની સંખ્યા સતત ઘટી રહી છે. અલંગની સ્થાપના બાદથી અત્યાર સુધીના ૪૧ વર્ષમાં હાલના સમયમાં શીપ બ્રેકિંગ ઉદ્યોગ સૌથી લાંબી મંદીના દૌરમાંથી પસાર થઈ રહ્યો છે.




છેલ્લા દોઢ વર્ષથી અલંગ અલંગમાં ભંગાવવા માટે આવતા શીપોની સંખ્યા સતત ઘટી રહી છે. ભાવનગરમાં ગણ્યાગાંઠયાં ઉદ્યોગો બચ્યાં છે તેમાંનો સૌથી મોટો ઉદ્યોગ શીપ બ્રેકિંગ ઉદ્યોગ છે. અનેક લોકો શીપ બ્રેકિંગ ઉદ્યોગમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મેળવે છે. પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી અલંગમાં આવતા શીપોની ઘટતી સંખ્યા ચિંતા વધારનારી છે. હાલની પરિસ્થિતિએ અલંગ શીપ બ્રેકિંગ યાર્ડમાં કુલ ૧૩૧ પ્લોટમાંથી આશરે ૨૫ ટકા પ્લોટ જ શરૂ છે અને તેની પાછળનું કારણે છે ઘટતી જતી શીપોની સંખ્યા, અત્યાર સુધીમાં અલંગે અનેક મંદીનો સામનો કર્યો પરંતુ આ મંદી સૌથી લાંબી ચાલી છે. વર્ષ ૨૦૦૮માં આવેલી આર્થિક મંદીથી સ્ટીલ માર્કેટ તુટયું હતું અને શીપ બ્રેકિંગ ઉદ્યોગને આર્થિક નુકસાન થયું હતું. જે પછી વર્ષે ૨૦૧૫માં માર્કેટ અને ડોલરના ભાવના લીધે અલંગમાં જહાજોનો ફ્લો ૪-૫ મહિના ઘટયો હતો.

## ચોબારીમાં આડાસંબંધોની આશંકામાં વણોઈવાંઢના યુવાનની બેરહમીથી હત્યા

ગાંધીધામ: ભચાઉ તાલુકાનાં ચોબારી ગામે માત્ર ૨ દિવસના ગાળામાં જ હત્યાનો બીજો બનાવ બન્યો છે. આ પહેલા બનેલા હત્યાના બનાવમાં પણ પ્રેમ સંબંધ જ મુખ્ય કારણ હતો તો બીજા બનાવમાં પણ પ્રેમ સંબંધ જ હત્યાનો કારણ બન્યો છે. જેમાં પરિણીતા સાથે પ્રેમ સંબંધ રાખવા પર ગુસ્સે ભરાયેલા પિતા અને તેના બે પુત્રોએ યુવાનને લીમડાના ઝાડ સાથે બાંધી ધોકા વડે ઢોરની માફક માર માર્યો હતો. જે બાદ યુવાનને સીમાડા દેકી દેવામાં આવ્યો હતો. જ્યાં યુવાનનું મોત થઈ ગયું હતું. આ બનાવ અંગે રાપર તાલુકાનાં વાણોઈવાંઢ ગામે રહેતા ૨૨ વર્ષીય હરેશ અરજણભાઈ કોલીએ ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે, તા. ૨૦-૬ના સાંજના આઠેક વાગ્યે ફરિયાદી તેના કૌટુંબિક ભાઈ અશોક હરજીભાઈ કોલીને ભચાઉ તાલુકાનાં ચોબારી જવાનું હોવાથી બંને બાઈક પર ચોબારી જતાં હતા ત્યારે રસ્તામાં બાઈકની ચેઈન તુટી ગઈ હતી. દરમિયાન ફરિયાદીના ગામનો જ હરેશ મોહનભાઈ કોલી રસ્તામાં મળ્યો હતો અને ઘરે ચા-પાણી કરીશુ તેમ કહિ તેની બાઈક પર તેના ઘરે લઈ ગયો હતો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
મંગલ કાર્યો માટે મહત્વપૂર્ણ નિર્ણય કરી શકશો. આવકમાં વધારાનો યોગ. ધંધા-વ્યવાસયમાં પ્રગતિના યોગ.

**વૃષભ (બ,વ,ઉ)**
કોમ્પિટીશના ક્ષેત્રમાં આગળ વધશે. સમસ્યાઓનું સમાધાન આવશે. નિવેશના યોગ બને છે.

**મિથુન (ક,છ,ઘ)**
ધંધા વ્યવસાયમાં પ્રગતિ થાય. પારિવારિક જીવનમાં ખુશીઓ આવે. સુખ સમૃદ્ધિમાં વૃદ્ધિના યોગ બની રહ્યા છે.

**કર્ક (ડ,હ)**
આત્મવિશ્વાસ સાથે કાર્યોમાં લાગેલા રહેશો. પારિવારીક સંબંધોમાં સુધારો આવે. સ્ત્રીઓ તરીફથી સારા સમાચાર મળે.

**સિંહ (મ,ટ)**
માન-સન્માન, અને પ્રગતિ સાથે દરેક કાર્યોમાં અગ્રેસર રહેશો. ઈચ્છાઓ પૂરી થાય. નોકરીમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ)**
કાર્યક્ષેત્રમાં, બુદ્ધિમાનીથી કામ કરશો. ધંધામાં પ્રગતિની સાથે આવકમાં વધારો થાય. શાસન-પ્રશાસનથી લાભ.

**તુલા (ર,ત)**
મુંઝવણની સ્થિતિમાં રહેશો, પરંતુ ભાગ્યનો સાથ મળશે. બગડેલા કામોમાં સફળતા મળી રહેશે.

**વૃશ્ચિક (ન,ય)**
હિંમત અને તાકાતનું પ્રદર્શન કરશો. રોગ-શત્રુ પર સફળતા મળશે. જ્ઞાનના માધ્યમથી સુખ-સુવિધા મળે.

**ધન (ભ,ધ,ફ)**
મકાન-પ્રોપર્ટીને લગતા કાર્યો પૂર્ણ થાય. વાહન સુખના યોગ બની રહ્યા છે. પરિવારોથી શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ)**
ધન-ધાન્ય-પ્રોપર્ટીમાં વૃદ્ધિના યોગ છે. કાર્યોમાં ધીરે ધીરે સફળતા મળશે. કુટુંબીઓથી નવા સમાચાર મળે.

**કુંભ (ગ,શ,સ)**
દરેક કાર્યોમાં સફળતાના યોગ બની રહ્યા છે. આવકમાં વધારો થશે. જ્ઞાન-ને વૃદ્ધિના પ્રભાવથી સ્ત્રી પ્રસન્ન રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
સારા કાર્યોમાં માન-સન્માન મળશે. પૈસા આવવાના યોગ બની રહ્યા છે.

# પ્રિ-ઓપન-સેશનની ઓર્ડર-વિન્ડો છેલ્લી દસ મિનિટમાં ગમે ત્યારે બંધ થઈ જશે


મુંબઈ । તા.૨૨



આઈપીઓ પછી લિસ્ટિંગ થાય ત્યારે લિસ્ટિંગ પ્રાઈસને ગેરરીતિ આચરીને ઉપર લઈ જવામાં આવતી હોવાની આશંકા હોવાથી બજારનું નિયમન કરતી સંસ્થા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ સર્વેલન્સ વધારવાની સાથે સાથે કેટલાક વધારાના પગલાં લાગુ કર્યા છે. જ્યારે કોઈ પણ શેરનું લિસ્ટિંગ થાય છે ત્યારે તે દિવસે શેરબજારમાં એક કલાકનું એક સેશન યોજવામાં આવે છે. આ સેશનને પ્રિ ઓપન કોલ ઓક્શન સેશન કહે છે. આ સેશન દરમિયાન બજારના ખેલાડીઓ ચોક્કસ ભાવે સોદા માટેના બિડ મુકે છે. આ પ્રકારે જે બિડ મુકવામાં આવ્યા હોય તેને તમામ બિડને ગણતરીમાં લઈને તેના આધારે સ્ટોક એક્સચેન્જ દ્વારા ઓપનિંગ પ્રાઈસ નક્કી કરવામાં આવે છે. આઈપીઓ અને રિલિસ્ટેડ શેરોના ચોક્કસ કેસોમાં બજાર નિયમનકારના ધ્યાન પર એવી બાબત આવી હતી કે કોલ ઓક્શન સેશનમાં ઊંચી કિંમતે મોટી સંખ્યામાં શેરોના સોદા માટે ઓર્ડર મૂકવામાં આવતા હતા અને આ સેશન પુરું થવાનો થોડી મિનિટોની જ વાર હોય ત્યારે આ ઓર્ડર રદ કરી દેવામાં આવતાં હતા. આવી પ્રવૃત્તિ શંકાના દાયરામાં આવતી હતી અને સેબીને શંકા હતી કે આવી રીતે માંગ અને પુરવઠાના ખોટા સમીકરણો સર્જીને એક પ્રકારે ગેરરિતી આચરી લિસ્ટિંગ ઊંચા ભાવે થાય એવો પ્રયાસ કરવામાં આવતો હતો. આવી ગેરરીતિ અટકાવવા માટે સેબીએ પ્રિ ઓપન કોલ ઓક્શન સેશનમાં ઓર્ડર એન્ટ્રીના સમયગાળા દરમ્યાન સેશનના રેન્ડમ ક્લોઝરનો પ્રસ્તાવ મુક્યો છે. આ પ્રસ્તાવ મુજબ ઓર્ડર એન્ટ્રીની છેલ્લી દસ મિનિટ દરમિયાન સેશન ગમે ત્યારે બંધ થઈ જશે એટલે કે, ઓર્ડર એન્ટ્રી વિન્ડોની ૩૫મી થી ૪૫મી મિનિટ દરમિયાન ગમે ત્યારે સત્ર બંધ થઈ જશે. આ પ્રકારનું રેન્ડમ ક્લોઝર સિસ્ટમ દ્વારા જ સંચાલિત થશે. આવી રીતે આ વિન્ડો ગમે ત્યારે બંધ થવાથી લિસ્ટિંગ પ્રાઈસ ઊંચી લઈ જવા માંગતા તત્ત્વોએ જો ઊંચી કિંમતે મોટી સંખ્યામાં બિડ મુક્યા હશે તો તેમની પાસે આ ઓર્ડર કેન્સલ કરવાનો સમય નહીં રહે. ઉપરાંત સ્ટોક એક્સેન્જોને નિર્દેશ આપ વામાં આવ્યો છે કે, જો કોઈ ખેલાડી દ્વારા રદ કરવામાં આવેલા વેચાણના સોદા સંબંધિત સેશનમાં થયેલા કુલ કેન્સલેશનના પાંચ ટકાથી વધુ હોય અથવા એક જ ક્લાયન્ટ માટે ૫૦ ટકાથી વધુ ઓર્ડર રદ કરવામાં આવ્યા હોય તો તુરંત એલર્ટ મોકલે. સ્ટોક એક્સચેન્જ આવા કેન્સલેશન અથવા કિંમતોમાં સંશોધન માટે ખુલાસો પણ માંગી શકે છે. બિડ માટે વાસ્તવિક સમયનો ડેટા પણ વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નવા નિયમો ત્રણ માસ બાદ લાગુ થશે. નોર્મલ ટ્રેડિંગ શરૂ થાય તે પહેલાં ૨થી ૧૦ વાગ્યા સુધીમાં જે શેરનું લિસ્ટિંગ થવાનું હોય તેને માટે એક કલાકનું એક ખાસ સેશન યોજાય છે, જેને પ્રિ ઓપન કોલ ઓકશન સેશન કહે છે. આ સેશનના પ્રથમ ૪૫ મિનિટ સુધી કોઈ પણ ખેલાડી સંબંધિત શેરના વેચાણ કે ખરીદી માટેના સોદા કરવા માટે પોતાના બિડ મુકે છે. આ બિડમાં કેટલા શેર ક્યા ભાવે વેચવા માંગે છે કે ખરીદવા માંગે છે તેની વિગતો હોય છે. સેશનની પ્રથમ ૪૫ મિનિટમાં આ પ્રકારે ઓર્ડર આપી પણ શકાય છે અને જે ઓર્ડર આપવામાં આવ્યા હોય તેમાં સુધારો પણ કરી શકાય છે કે તેને રદ પણ કરી શકાય છે. ત્યાર પછીની દસ મિનિટમાં સ્ટોક એક્સચેન્જ વેચાણ અને ખરીદી માટેના જે બિડ હોય તેની સંખ્યા અને ભાવના આધારે સંબંધિત શેરની ઓપનિંગ પ્રાઈસ કેટલી રાખવી તે નક્કી કરે છે. છેલ્લી પાંચ મિનિટનો સમય પ્રિ ઓપન સેશનમાંથી નોર્મલ ટ્રેડિંગમાં ટ્રાન્ઝિશન માટે રાખવામાં આવે છે. લિસ્ટિંગના દિવસે યોજાતા એક કલાકના પ્રિ ઓપન કોલ ઓકશન સેશનમાં ઊંચા ભાવે સંબંધિત શેરની માંગ વધુ છે એવું પ્રસ્થાપિત કરવા માટે ઊંચા ભાવે મોટા સોદાના બિડ મુકે છે અને ૪૫ મિનિટની ઓર્ડર વિન્ડો પૂરી થાય તેની થોડી મિનિટો પહેલાં જ આવા ઓર્ડર રદ કરી દેવાય છે. આવું થવાથી શક્ય છે કે લિસ્ટિંગ વખતે શેરના ભાવ ઊંચા હોય પરંતુ તે પછી આ ભાવ ઘણા નીચા જાય. આવું થાય તો સામાન્ય રોકાણકારોને રડવાનો વારો આવે છે.

# મુકેશ અંબાણીનો ડીપ ફેક વીડિયો જોઈ મહિલા ડોક્ટર સ્કેમનો શિકાર બની, ૭ લાખ ગુમાવ્યાં

મુંબઈ । તા.૨૨





અંધેરીમાં રહેતી ૫૪ વર્ષીય આર્યુવેદિક ડોક્ટર ડીપ ફેકનો શિકાર બની રૂ. ૭ લાખ ગુમાવ્યા હોવાની ફરિયાદ કરી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર દેશના ટોચના ધનિક મુકેશ અંબાણીનો રાજીવ શર્મા ટ્રેડ ગ્રુપને પ્રમોટ કરતો ડીપ ફેક વીડિયો જોઈ રોકાણ કર્યું હતું. જેમાં અંબાણી બીસીએફ ઈન્વેસ્ટમેન્ટ એકેડમી સૌથી વધુ નફો કમાવી આપતી હોવાનો દાવો કરતાં નજરે ચડ્યા હતા. મહિલા ડોક્ટરે ઈન્સ્ટાગ્રામ પર ડીપ ફેક વીડિયો જોયા બાદ તે કંપની વિશે ઓનલાઈન રિસર્ચ કર્યું હતું, જેમાં તેની હેડ ઓફિસ બીકેસી અને લંડનમાં હોવાની દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ તેને કંપની જેન્યુઅન લાગતાં રોકાણ કર્યું હતું. મહિલા ડોક્ટરે ૨૮ મેથી ૧૦ જૂન દરમિયાન મુકેશ અંબાણીનો ડીપ ફેક વીડિયોથી પ્રેરિત થઈ લિંક મારફત વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ હતી. જેમાં તેને અનેકગણું રિટર્ન આપવાનુ વચન આપતાં એપ ડાઉનલોડ કરવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. અને એપ મારફત વિવિધ બેંક એકાઉન્ટમાં કુલ રૂ. ૭.૧ લાખ ટ્રાન્સફર કર્યા હતા. એપ માં તેને રૂ. ૩૦ લાખનો નફો થયો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે તે આ રકમ ઉપાડવા ગઈ ત્યારે તેને છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ. કેમ કે, નફો વિડ્રોલ થઈ રહ્યો ન હતો. અને તેનું મૂળ રોકાણ પણ ગુમાવ્યુ હતું. બુધવારે ઓશિવારા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ કરી હતી. પોલીસે જણાવ્યા અનુસાર, સ્કેમર્સ દ્વારા જે વીડિયો બનાવવામાં આવ્યો હતો તેમાં ડીપ ફેક ટેક્નોલોજીનો ઉપયોગ થયો હતો. પોલીસ ફરિયાદીની બેંક પાસેથી ટ્રાન્સફર સંબંધિત માહિતી મેળવી ગુનેગારોને શોધી રહી છે. પોલીસે ઈન્ડિયન પેનલ કોડ (ઞ) અને આઈટી એક્ટની ધારા ૬૬ (ડી) અંતર્ગત ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. અગાઉ પણ અંબાણીનો ડીપ ફેક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ તયો હતો. માર્ચમાં અંબાણીના નામે ડીપ ફેક વીડિયોમાં વ્યૂઅર્સને મફત રોકાણ સલાહ મેળવવા સ્ટુડન્ટ વીનિતને ફોલો કરવા અપીલ કરવામાં આવી હતી.

# ચાલુ વર્ષે રેલવે રૂ.૫૦ હજાર કરોડના ખર્ચે નવા ટ્રેક પાથરશે


મુંબઈ । તા.૨૨



ચાલુ વર્ષે રૂ.૫૦ હજાર કરોડના ખર્ચે નવા ટ્રેક પાથરવામાં આવશે. જેથી ભારતનું વિશાળ રેલવે નેટવર્ક વધુ સલામત અને ઝડપી પાટાથી સજ્જ બનશે.છેલ્લા કેટલાક વર્ષોથી કેન્દ્ર સરકાર નવા ટ્રેક પાથરવા બજેટમાં સતત વધારો કરી રહી છે. ત્યારે ફેબ્રુઆરીના વચગાળાના બજેટમાં કરાયેલી ફાળવણી કરતાં આ પાછળના ખર્ચમાં ૩૨ ટકાનો તીવ્ર વધારો આવી શકે છે. માં જારી થનારા સામાન્ય બજેટમાં વધુ નાણાંકીય ફાળવણીથી રેલવેને પોતાના નેટવર્કમાં વધારો કરવામાં મદદ મળશે. વધુ બજેટ ફાળવણીથી રેલવે ખાસ કરીને યાત્રીઓનો વધુ પ્રવાહ ધરાવતા ક્ષેત્રો અને ઝડપથી વિકસી રહેલા બે શહેરો વચ્ચે પોતાના નેટવર્કને વિસ્તારી શકશે. રેલવેએ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં અનુક્રમે રૂ.૨૧ હજાર કરોડ, રૂ.૨૬ હજાર કરોડ અને રૂ.૩૪,૫૦૦ કરોડ સુયોજિત કર્યા હતા. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વચગાળાના બજેટમાં તેમાં વધારો કરી રૂ.૩૬ હજાર કરોડ ફાળવ્યા હતા. અલબત્ત ઝડપી ગતિથી સલામત રીતે ટ્રેનો દોડાવવા સારી ગુણવત્તાના ટ્રેક અને ઊંચા નિર્માણ ખર્ચને કારણે વધુ રકમની બજેટ ફાળવણી છતાં વાર્ષિક ધોરણે નવા ટ્રેકના ઉમેરામાં કોઈ નોંધપાત્ર વધારો થયો ન હતો. રેલવેના વિઝન ૨૦૪૭ ડોક્યુમેન્ટના ભાગરૂપે નવી લાઈનો બિછાવવામાં આવશે, જે હેઠળ ૨૫ વર્ષોમાં એક લાખ કિ.મી. ટ્રેક્સના ઉમેરાની અપેક્ષા છે. આગામી પાંચ વર્ષમાં ૨૫ હજાર કિ.મી. નવા ટ્રેક પાથરવાની યોજના છે. જે માટે રૂ.૩.૫ ટ્રિલિયનનું રોકાણ કરવામાં આવશે. વાર્ષિક ધોરણે પાંચ હજારથી ૫,૫૦૦ કિ.મી.ની નવી રેલવે લાઈન નાંખવાની યોજના છે. નોંધનીય છે કે, સરકાર વન્દે ભારત ટ્રેનનું વધુ શહેરોમાં વિસ્તરણ કરવા માંગે છે. જે માટે જરૂરી છે કે, સારી ગુણવત્તાના મજબૂત ટ્રેક પૂરા પાડવામાં આવે. આ જરૂરિયાત પૂરી કરવામાં આવશે તો જ વન્દે ભારત ૨૦૦ કિ.મી.ની ગતિએ દોડી શકે તેમ છે. રેલવેનું સંપૂર્ણ ધ્યાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા તરફ કેન્દ્રિત છે. જેમાં નવી લાઈનો દ્વારા નેટવર્કને વિસ્તારવાનો વિચાર પણ સામેલ છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમ્યાન રેલવેએ ૧૪,૨૮૫ કિ.મી. લાંબી રેલવે લાઈન પાથરી હતી જ્યારે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમ્યાન ૩૧,૧૮૦ કિ.મી. લાંબી રેલવે લાઈન નાંખી છે.

# કઠોળની સંગ્રહખોરી અટકાવવા તુવેર, ચણા તથા કાબુલી ચણા પર સ્ટોક મર્યાદા લાગુ કરાઈ

મુંબઈ । તા.૨૨



દેશમાં કઠોળની સંગ્રહખોરી અટકાવીને ભાવમાં કૃત્રિમ ઉછાળો અટકાવવાના ભાગરૂપ સરકારે તુવેર, ચણા તથા કાબુલી ચણા પર સ્ટોક લિમિટ લાગુ કરી છે. આ મર્યાદા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી લાગુ રહેશે એમ ગ્રાહક બાબતોના વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

હોલસેલરો માટે તુવેર, ચણા તથા કાબુલી ચણાની દરેક માટે ૨૦૦ મેટ્રીક ટન જ્યારે રિટેલરો માટે આ મર્યાદા જણાવેલ દરેક કઠોળ માટે પાંચ ટન રખાઈ છે. મોટા ચેઈન રિટેલરોના ડેપો ખાતે ૨૦૦ ટન અને રિટેલ આઉટલેટ ખાતે પાંચ ટન સ્ટોક મર્યાદા લાગુ કરવામાં આવી છે. આયાતકારોના કિસ્સામાં તેઓ કસ્ટમ ક્લિઅરન્સની તારીખથી ૪૫ કરતા વધુ દિવસ સુધી માલ જાળવી શકશે નહીં. જે દૂકાનદારો કે હોલસેલરો પાસે જાહેર કરાયેલી લિમિટથી વધુ સ્ટોક હશે તેમણે તે ૧૨ જુલાઈ સુધીમાં નિશ્ચિત મર્યાદા સુધી લાવી દેવાનો રહેશે. મિલરોને પણ આ મર્યાદામાં આવરી લેવાયા છે. નવું ધોરણ ૨૧ જૂનથી તાત્કાલિક રીતે અમલમાં આવશે.

**રૂપિયા સામે ડોલરમાં રેકોર્ડ તેજીને બ્રેક**

# સોનું ફરી ઉછળી રૂ. ૭૫,૦૦૦ કુદાવી ગયું: પ્લેટીનમ વધી ૧૦૦૦ ડોલર બોલાયું

મુંબઈ । તા.૨૨

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ વધુ ઉંચકાયા હતા. વિશ્વ બજારના સમાચાર પ્રોત્સાહક હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે નવી વેચવાલી ધીમી પડતાં માનસ લેવાનું રહ્યું હતું. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૩૪૧ વાળા વધી ૨૩૬૮ થઈ ૨૩૬૩થી ૨૩૬૪ ડોલર રહ્યા હતા. ઘરઆંગણે અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૦ વધી રૂ.૭૫ હજારની સપાટી ઉંચામાં વટાવી ગયા હતા. અમદાવાદ સોનાના ભાવ વધી ૯૯.૫૦ના રૂ.૭૪૯૫૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૫૧૫૦ બોલાતા થયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ આજે કિલોદીઠ રૂ.૨૫૦ વધી રૂ.૯૧૫૦૦ રહ્યા હતા. દરમિયાન, વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ઉંચામાં ૩૦.૮૫ થઈ ૩૦.૨૮થી ૩૦.૨૯ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સમાં પીછેહટ તથા બોન્ડ યીલ્ડમાં ઘટાડાના પગલે વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાના નિર્દેશો મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ઔંશના વધી ૧૦૦૦ ડોલર પાર કરી ૧૦૦૪ થઈ ૧૦૦૧થી ૧૦૦૨ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ નીચામાં ૯૨૬ તથા ઉંચામાં ૯૭૬ થઈ ૯૭૪થી ૯૭૫ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે બે ટકા ગબડયા હતા. ચીનના પ્રોપર્ટી બજારના વેંચાણના આંકડા આજે અપેક્ષાથી નબળા આવ્યાના નિર્દેશો વચ્ચે કોપરના ભાવ ગબડતા જોવા મળ્યા હતા.

# ડોલરમાં મજબૂતાઈથી બિટકોઈનમાં નબળાઈ: ભાવ ૬૫,૦૦૦ ડોલરની અંદર

મુંબઈ । તા.૨૨

વૈશ્વિક ચલણો સામે ડોલરમાં આવેલી મજબૂતાઈ બાદ ક્રિપ્ટોકરન્સીસ બજારમાં વેચવાલી જોવા મળી હતી. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં ૨૫૦૦ ડોલરથી વધુ ઘટી મોડી સાંજે ૬૩૭૭૫ ડોલર બોલાતી હતી. બિટકોઈનની પાછળ એથરમ સહિતની અન્ય ક્રિપ્ટોસમાં પણ નરમાઈ આવી હતી.એથરમનો ભાવ ૩૪૯૮ ડોલર મુકાતો હતો. સપ્તાહ અંતે ડોલર ઈન્ડેકસ ૧૦૫.૭૧ના સ્તર સાથે આઠ સપ્તાહની ઊંચી સપાટીએ જોવા મળ્યો હતો. સામાન્ય રીતે ડોલર ઈન્ડેકસમાં વધારાની સ્થિતિમાં બિટકોઈનમાં નેગેટિવ વલણ જોવા મળે છે. ડોલર ઈન્ડેકસ ઊંચે જવાનો અર્થ અમેરિકન ડોલરમાં મજબૂતાઈના સંકેત મળે છે. ડોલર ઈન્ડેકસ ઊંચે જતા રોકાણકારો પણ જોખમી એસેટસમાંથી રોકાણ પાછા ખેંચી ડોલર તરફ વળવા લાગે છે, એમ બજારના વર્તુળોએ જણાવ્યું હતું.

# ટેક સ્ટાર્ટઅપ્સ ફંડિંગમાં ૧૩ ટકાનો ઘટાડો

મુંબઈ । તા.૨૨

ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક (જાન્યુઆરી-જૂન) સમયગાળા દરમિયાન ડોમેસ્ટિક ટેક સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે ઠલવાતા ભંડોળમાં ૧૩ ટકાનો ઘટાડો થતાં તે ૪.૧ બિલિયન ડોલર રહ્યું હતું. ૨૦૨૩ના સમાન સમયગાળામાં કંપનીઓએ ૪.૮ બિલિયન ડોલર એકત્ર કર્યા હતા. આમ ટેક સ્ટાર્ટઅપ્સથી રોકાણકારો દૂર થઈ રહ્યા છે. ગયા વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ૯૮૯ના સમયગાળા દરમિયાન ફંડિંગ રાઉન્ડની સંખ્યામાં પણ ૫૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ટેક સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે ભંડોળમાં ઘટાડો તબક્કાવાર રહ્યો હતો. આ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સીડ સ્ટેજ ફંડિંગમાં વાર્ષિક ધોરણે ૧૭.૩% ઘટાડો થયો હતો, જ્યારે પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટઅપ્સમાં ભંડોળ ૨૮% નીચું રહ્યું હતું અને અંતિમ તબક્કાની કંપનીઓમાં ૧.૩%થી થોડું ઓછું હતું. ૐ૧ ૨૦૨૨થી સતત ચાર અર્ધ-વર્ષના ભંડોળમાં ઘટાડો થવા છતાં, અમે હવે સ્થિરતાના સંકેતો નજરે પડી રહ્યા છે તેમ આ રિપોર્ટમાં જણાવાયુ હતું.

જો કે, જ્યારે ૨૦૨૩ ના બીજા અર્ધવાર્ષિક ગાળાની તુલના કરવામાં આવે તો, આ વર્ષના પ્રથમ છ મહિનામાં ભંડોળના દ્રશ્યમાં સુધારો થયો છે. એકંદરે ભંડોળ ગયા વર્ષના બીજા ભાગમાં ૩.૯૬ બિલિયન ડોલરથી ૪% વધ્યું છે, જ્યારે તમામ તબક્કામાં, ભંડોળમાં પણ વધારો જોવા મળ્યો હતો. એપ્રિલમાં ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ૮૬૨ મિલિયન ડોલરનું સૌથી વધુ માસિક ભંડોળ જોવા મળ્યું હતું, જ્યારે જાન્યુઆરીમાં ગયા વર્ષના ૐ૧માં ૧.૪૧ બિલિયન ડોલરનું સૌથી વધુ ભંડોળ જોવા મળ્યું હતું. આ વર્ષે અત્યાર સુધીમાં આઠ ૧૦૦ મિલિયન ડોલરથી વધુના ફંડિંગ સોદા જોવા મળ્યા છે. ફ્લિપકાર્ટ, એપોલો ૨૪૫૭ અને મેશો જેવી કંપનીઓએ આ સમયગાળા દરમિયાન ૨૫૦ મિલિયન ડોલરથી વધુ ભંડોળ એકત્ર કર્યું હતું. ફ્લિપકાર્ટે સૌથી વધુ રકમ ૩૫૦ મિલિયન ડોલર. રિટેલ, એન્ટરપ્રાઈઝ એપ્લીકેશન્સ અને ફિનટેક ઈન્ડસ્ટ્રીઝમાં સ્ટાર્ટઅપ્સે આ સમયગાળા દરમિયાન સૌથી વધુ ભંડોળ નોંધાવ્યું હતું. ત્રણ સ્ટાર્ટઅપ્સ - ઝેપ્ટો, ઈક્રીડ ફાયનાન્સ અને પોર્ટર - આ વર્ષના પહેલા ભાગમાં ભારતીય સ્ટાર્ટઅપ્સમાં યુનિકોર્ન બની ગયા હતા. આ વર્ષના પ્રથમ છ મહિનામાં ટોચના રોકાણકારો એક્સેલ, બ્લુમ વેન્ચર્સ અને પીક ઠફ પાર્ટનર્સ હતા. એકંદરે, સાઉથ-ઈસ્ટ એશિયન સ્ટાર્ટઅપ્સે ૐ૧ ૨૦૨૨થી સતત ચાર અર્ધ-વર્ષના સમયગાળા પછી ભંડોળમાં ઘટાડો કર્યા પછી, આ વર્ષના પ્રથમ છ મહિનામાં ભંડોળમાં થોડો વધારો જોવા મળ્યો છે.

# પહેલી જુલાઈથી BBPSનો અમલપણ હજુ ૩૪પૈકી ૮બેંકો જ અમલ માટે સક્ષમ

મુંબઈ । તા.૨૨

ક્રેડ, ફોનપે, બિલડેસ્ક અને ઈન્ફીબીમ એવન્યુઝ જેવા ફિનટેક સ્ટાર્ટઅપ્સ ક્રેડિટ કાર્ડ બિલની ચૂકવણી કેન્દ્રીયકૃત બિલિંગ નેટવર્ક દ્વારા જારી કરવાની આવશ્યકતા ધરાવતા નિયમનને કારણે નોંધપાત્ર વિક્ષેપનો સામનો કરી રહ્યા છે. જે નિયમ પહેલી જૂલાઈથી લાગુ થનાર છે. ભારતના સૌથી મોટા કાર્ડ જારીકર્તા એચડીએફસી બેંકને બે કરોડ ક્રેડિટ કાર્ડ, આઈસીઆઈસીઆઈ બેંકને ૧.૭ કરોડ કાર્ડસ અને એક્સિસ બેંકને ૧.૪ કરોડ કાર્ડ સાથે હજુ ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (બીબીપીએસ) સક્રિય કરવાનું બાકી છે. જેના પરિણામે બીબીપીએસ સભ્યો એવા ફોનપે અને ક્રેડ જેવા પેમેન્ટ પ્લેટફોર્મ તેઓની માટે અને બિન-અનુપાલન ધિરાણકર્તાઓ માટે કાર્ડ ચૂકવણની પ્રક્રિયા નહીં કરી શકે. ફિનટેક્સને દહેશત છે કે, આ સ્થિતિને કારણે તેમને મોટા પ્રમાણમાં ટ્રાન્ઝેક્શન વોલ્યૂમમાં ઘટાડાનો સામનો કરવો પડશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ નિર્દેશ કર્યો છે.

# ફક્ત ૧.૫% ભારતીય અમેરિકન અર્થતંત્રનું ગ્રોથ સેન્ટર; અબજો ડોલર ટેક્સ સાથે કરોડોને આપે છે રોજગારી

મુંબઈ । તા.૨૨



અમેરિકામાં રહેતા ભારતીય મૂળના નાગરિકોની સંખ્યા ૫૦ લાખથી પણ વધી છે. અમેરિકામાં સૌથી વધુ પ્રભાવશાળી પ્રવાસી સમુદાય ભારતીયોનો છે. ભારતીય અમેરિકનો સાથે જોડાયેલ એક એનજીઓ ઈન્ડિયાસ્પોરાનું કહેવું છે કે અમેરિકાની જનસંખ્યામાં ૧.૫ ટકા હિસ્સો ભારતીયોનો હોવા છતાં તેઓ અહીંની અર્થવ્યવસ્થાને વેગ આપવામાં મોટું યોગદાન આપી રહ્યા છે. ફોર્ચ્યુન ઈન્ડિયાસ્પોરાએ તાજેતરમાં જ એક રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે કઈ રીતે ભારતીય અમેરિકનોએ અમેરિકાની અર્થવ્યવસ્થાને મજબૂત કરવામાં ભૂમિકા નિભાવી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાંથી ૧૬ના સીઈઓ ભારતીય મૂળના છે. જેમાં સુંદર પિચાઈ અને રેશમા કેવલરમાની સામેલ છે. જે ૧૬ કંપનીઓના સીઈઓ ભારતીય છે તેમાં ૨૭ લાખ અમેરિકનો નોકરી કરે છે. આ કંપનીઓ દર વર્ષે એક લાખ કરોડ ડોલરની આવક કરે છે. અમેરિકાના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં પણ ભારતીય અમેરિકનોનું મોટું યોગદાન છે. અમેરિકાના ૬૪૮ યુનિકોન સ્ટાર્ટઅપમાંથી ૭૨ના કો ફાઉન્ડર ભારતીય અમેરિકન છે. ભારતીય અમરિકનોના સ્ટાર્ટ અપની કુલ વેલ્યુ ૧૯૫ અબજ ડોલર છે અને તેનાથી ૫૫ હજાર લોકોને રોજગારી મળે છે. અમેરિકાની ૬૦% મોટેલ્સના માલિક પણ ભારતીય અમેરિકન છે. આ ઉપરાંત ભારતીય અમેરિકનોના બિઝનેસ ૧.૧ કરોડથી ૧.૨ કરોડ અમેરિકનોને રોજગારી આપી રહ્યા છે. અમેરિકામાં ભારતીય અમેરિકન દર વર્ષે ૨૫૦થી ૩૦૦ અબજ ડોલરનો ટેક્સ ભરે છે, જે કુલ ટેક્સમાં પાંચથી છ ટકા હિસ્સો છે. રિપોર્ટ અનુસાર ૧૯૭૫ અને ૨૦૧૯ વચ્ચે અમેરિકામાં ભારતીય મૂળના ઈનોવેટર્સ પાસે પેટન્ટની હિસ્સેદારી ૨%થી વધી ૧૦% થઈ છે. ૨૦૧૩માં ભારતીય મૂળના તમામ વૈજ્ઞાનિકોને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હેલ્થની ૧૧%ની ગ્રાન્ટ મળી છે. અમેરિકાની કોલેજ અને યુનિવર્સિટીની ફૂલ ટાઈમ ફેકલ્ટીઝમાં ૨.૬ ટકા ભારતીય અમેરિકન છે. ભારતીય અમેરિકને અમેરિકાને સાંસ્કૃતિક રૂપથી ઘણા હદ સુધી પ્રભાવિત કર્યા છે. વિકાસ ખન્ના અને મનીત ચૌહાણ જેવા ભારતીય મૂળના શેફએ અમેરિકામાં ભારતના ખાનપાનને લોકપ્રિય બનાવ્યું છે.જ્યારે દિપક ચોપડા જેવી હસ્તીઓએ આયુર્વેદને ઓળખ અપાવી છે. સ્વામી વિવેકાનંદનો યોગ અમેરિકનોની દિનચર્યાનો ભાગ બની ગયો છે. ૨૦૨૩ના અંત સુધી દસ ટકા અમેરિકન યોગ કરતા હતા. દિવાળી અને હોળી જેવા ભારતીય તહેવાર પણ હવે અમેરિકામાં ઉલ્લાસભેર ઉજવવામાં આવે છે. રાજનીતિમાં પણ ભારતીય અમેરિકનો ઝડપથી વધી રહ્યા છે. અમેરિકાની સંઘીય સરકારમાં ૧૫૦થી વધુ ભારતીય અમેરિકન મહત્વના હોદ્દાઓ પર છે. જ્યારે ૨૦૧૩ સુધી જવલ્લેજ ભારતીય અમેરિકન હતા.

**હાઈ-વે વચ્ચે માર્ગ વ્યવહાર સ્થાપવા પણ મંજૂરી આપવામાં આવી હતી**

# મુંબઈ નજીક પ્રસ્તાવિત બંદર વિશ્વના ટોચના દસ પોર્ટમાં સામેલ થશે

મુંબઈ । તા.૨૨



ગત બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળે રૂ.૭૬,૨૨૦ કરોડના ખર્ચે મહારાષ્ટ્રમાં વાધવન ખાતે ઓલ વેધર ગ્રીનફીલ્ડ ડીપ ડ્રાફ્ટ મેજર પોર્ટને મંજૂરી આપી હતી. બાંધકામ પૂર્ણ થતાં આ બંદરની ગણના વિશ્વના ટોચના દસ પોર્ટમાં થશે. જવાહરલાલ નહેરૂ પોર્ટ ઓથોરિટી અને મહારાષ્ટ્ર મેરિટાઈમ બોર્ડ દ્વારા રચાયેલ સ્પેશ્યલ પર્પઝ વ્હીકલ હેઠળ વાધવન પોર્ટ પ્રોજેક્ટ લાગુ કરવામાં આવશે, જેમાં જવાહરલાલ નહેરૂ પોર્ટ ઓથોરિટી અને મહારાષ્ટ્ર મેરિટાઈમ બોર્ડ અનુક્રમે ૭૪ ટકા અને ૨૬ ટકાના શેરહોલ્ડર્સ બનશે. પ્રસ્તાવિત બંદર મુંબઈથી ૧૩૦ કિ.મી અને દેશના સૌથી મોટા કન્ટેનર પોર્ટ જવાહરલાલ નહેરૂ પોર્ટ ટ્રસ્ટથી ૧૫૦ કિ.મી.ના અંતરે છે. આ પ્રસ્તાવિત પોર્ટ ખાતે નવ કન્ટેન્ટર ટર્મિનલ્સ હશે. જે દરેક એક હજાર મીટર લાંબા હશે. જેમાં બહુહેતુક બર્થ, કોસ્ટલ બર્થ, ચાર લિક્વિડ કાર્ગો બર્થ, રો-રો બર્થ અને કોસ્ટ ગાર્ડ બર્થ હશે. આ પ્રોજેક્ટની કોસ્ટમાં જમીનની કિંમત, કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ડેવલોપમેન્ટ, ટર્મિનલ્સ અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડમાં અન્ય કોમર્શિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. મંત્રીમંડળ દ્વારા બંદર અને હાઈ-વે વચ્ચે માર્ગ વ્યવહાર સ્થાપવા પણ મંજૂરી આપવામાં આવી હતી. પીએમ ગતિશક્તિના હેતુઓ સાથે સંકલિત આ પ્રોજેક્ટથી આર્થિક ગતિવિધિઓને વેગ મળશે અને લગભગ દસ લાખ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડશે. જવાહરલાલ નહેરૂ પોર્ટ એથોરિટી અને મહારાષ્ટ્ર મેરિટાઈમ બોર્ડ દ્વારા રચાયેલ સ્પેશ્યલ પર્પઝ વ્હીકલ હેઠળ પ્રોજેક્ટ લાગુ કરવામાં આવશે પ્રસ્તાવિત બંદર મુંબઈથી ૧૩૦ કિ.મી અને દેશના સૌથી મોટા કન્ટેનર પોર્ટ જવાહરલાલ નહેરૂ પોર્ટ ટ્રસ્ટથી ૧૫૦ કિ.મી.ના અંતરે છે પીએમ ગતિશક્તિના હેતુઓ સાથે સંકલિત આ પ્રોજેક્ટથી આર્થિક ગતિવિધિઓને વેગ મળશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, જેઠ વદ-01

# વધુ એક પરીક્ષા રદ

મેડિકલ કોલેજોમાં પ્રવેશની પરીક્ષા નીટને લઈને ઉઠેલા ગંભીર સવાલો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે એનટીએ દ્વારા કરાવવામાં આવેલ યુજીસી નેટ પરીક્ષાને રદ કરી દેવી શરમજનક બાબત છે. શું એનાથી શરમજનક કશું હોઈ શકે કે ૧૮ જૂને યુજીસી નેટની પરીક્ષા થઈ અને ૨૪ કલાકની અંદર સમાચાર આવ્યા કે તેનું પેપર લીક થઈ ગયું? આ પરીક્ષા એટલા માટે રદ કરવી પડી, કારણ કે તેનાં પેપરો મેસેજિંગ એપ ટેલિગ્રામ પર ઉપલબ્ધ જોવા મળ્યાં. તેનો અર્થ છે કે એનટીએએ નીટમાં ગરબડોની ફરિયાદો પરથી કોઈ બોધ ન લીધો. યુજીસી નેટ પરીક્ષા રદ કરવાથી તો એ પણ શંકા જાય છે કે એનટીએના તંત્રમાં જ કેટલાક એવા લોકો સામેલ છે જેઓ ગરબડો કરે છે અથવા કરાવે છે. આ શંકા એટલા માટે થાય છે, કારણ કે એક તો આ સંસ્થા પાસે પૂરતું સંખ્યાબળ નથી અને બીજું તે પોતાનું મોટાભાગનું કામ કોન્ટ્રાક્ટ પર કરાવે છે અને તે પણ એવી એજન્સીઓના માધ્યમથી, જેની પાસે આ પ્રકારનું કામ કરવાનો કોઈ અનુભવ નથી. સમજવું મુશ્કેલછે કે જે પરીક્ષાઓમાં લાખો છાત્રો બેસતા હોય, તેનું આયોજન કોન્ટ્રાક્ટ પર કેમ કરાવવામાં આવે છે? પૈસા બચાવવા માટે? આખરે લાખો છાત્રોના ભવિષ્ય સાથે જોડાયેલ આટલું સંવેદનશીલ કાર્ય કોન્ટ્રાક્ટ પર કરાવવું સમજદારી તો નથી જ. યુજીસી નેટ પરીક્ષાનું પેપર લીક થવાની તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવી છે અને જલ્દી ફરીથી પરીક્ષા કરાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું છે. આ પરીક્ષામાં નવ લાખથી વધુ છાત્રો બેઠા હતા. આખરે ફરીથી પરીક્ષા આપવા માટે મજબૂર આટલા બધા છાત્રોના સમય અને સંસાધનની બરબાદીની સાથે તેમણે જે માનસિક પીડાનો સામનો કરવો પડશે, તેની ભરપાઈ કોણ કરશે અને કેવી રીતે? એક પછી એક પરીક્ષાઓની વિશ્વસનીયતાને લઈને ઉઠનારા પ્રશ્ન એનટીએની સાથે સાથે શિક્ષણ મંત્રાલય અને સાથે જ કેન્દ્રીય સત્તાની પ્રતિષ્ઠા પર આઘાત કરી રહ્યા છે. જોકે એનટીએની શાખ જ સવાલોથી ઘેરાઈ ગઈ છે, તેથી તેની કાર્યપ્રણાલીમાં આમૂલ પરિવર્તન કરવું પડશે. તેના દ્વારા આયોજિત કરાતી પરીક્ષાઓને લઈને ભરોસો ત્યારે બહાલ થશે, જ્યારે ખુદ તેની પ્રતિષ્ઠા સ્થાપિત થશે. એ આશ્ચર્યની વાત છે કે ડઝનબંધ પ્રતિયોગી પરીક્ષાઓનાં પેપરો લીક થઈ જવાની ઘટનાઓ છતાં કોઈને એ નથી સમજાતું કે પ્રશ્નપત્રોના વધારે સેટ કેમ નથી બનાવવામાં આવતા, જેથી જો ક્યારેક એક સેટનું પેપર લીક થઈ જાય તો દેશ કે પ્રદેશ ભરમાં પરીક્ષા રદ કરવાની જરૂર ન પડે. આજના આ ટેકનિકલ યુગમાં પરીક્ષા પહેલાં પ્રશ્નપત્ર છાપીને રાખવા અને પછી તેમને શહેર-શહેર મોકલવાની જૂની વ્યવસ્થા બંધ કેમ નથી કરવામાં આવતી? જો આવા પ્રશ્નોનો કોઈ જવાબ ન હોય તો તેનું કારણ છે જૂની ભૂલોથી બોધપાઠ ન લેવો.

# રાજપીપળામાં 17.77 કરોડના ખર્ચે નંખાયેલી ગટર લાઇનો ઉભરાતા સ્થાનિકોમાં ભારે રોષ

ભરત શાહ | રાજપીપળા




પાલિકા વોર્ડ નંબર 5 ના સદસ્ય પ્રજ્ઞેશ રામી એ જણાવ્યું કે અમારા વોર્ડ માં ઠેર ઠેર ભૂગર્ભ ગટર જામ થતા ગંદુ પાણી રોડ ઉપર નિકળે છે અમે આ બાબતે અનેકવાર રજૂઆત કરી છતાં એક મહિના જેવો સમય વિતી ગયો પરંતુ કોઈ જોવા આવ્યું નથી કે કોઈ મરામત પણ કરવામાં આવી નથી. જેના કારણે સ્થાનિકો ને રોગચાળો ફાટે તેવો ભય સતાવી રહ્યો છે. માટે લોકોના સ્વાસ્થ્ય ની ચિંતા રાખી પાલિકા તંત્ર યોગ્ય કરાવે એ જરૂરી છે.

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા શહેર માં ભૂતકાળ માં બે વાર કરોડો રૂપિયા ના ખર્ચે ભૂગર્ભ ગટર કામગીરી કરાઈ હતી પરંતુ એ કામગીરી નિષ્ફળ જતાં ૨૦૨૦ ના વર્ષમાં ત્રીજી વખત કરોડો રૂપિયા મંજૂર કરાવી શહેર માં ભૂગર્ભ ગટર નાખવામાં આવી છતાં આ ગટર લાઇન ની કામગીરી માં વેઠ ઉતારતા હાલમાં ઠેર ઠેર ગટર લાઈનો ઉભરાઈ છે જેના કારણે સ્થાનિકો હેરાન થઈ રહ્યા છે.

રાજપીપળા માં 17.77 કરોડ ના ખર્ચે નંખાયેલી ભૂગર્ભ ગટર લાઈન હાલમાં અનેક ઠેકાણે ઉભરાતી જોવા મળી રહી છે જેમાં સ્થાનિકો અવાર નવાર ફરિયાદ કરવા છતાં કોઈજ નિરાકરણ આવતું નથી. આમ તો કામ કરનાર એજન્સી ની અમુક વર્ષ સુધી જવાબદારી હોય છે છતાં જાણે એજન્સી એ હાથ ખંખેરી લીધા હોત તેમ કોઈ ફરિયાદ પર ધ્યાન અપાતું નથી. સરકાર દ્વારા જ નક્કી કરાયેલી એજન્સી એ આ લાઈનો નાંખી હોવા છતાં કરોડો રૂપિયા જાણે બરબાદ થઈ ગયા હોય તેમ કામગીરી પર સવાલ ઉઠ્યા છે, જેમાં અંતે જેતે સ્થાનિક લોકો એ વેઠવાનો વારો આવ્યો છે. વર્ષો થી ખુલ્લી ગટર થી લોકો ખુશ હતા અને ખુલ્લી ગટર ચોકઅપ થાય તો જાતે તેને સાફ કરાતી હતી પરંતુ ભૂગર્ભ ગટર માં આ બાબત શક્ય નથી માટે કરોડો રૂપિયા ના ખર્ચે નંખાયેલી ભૂગર્ભ ગટર હાલ શહેરીજનો માટે ગંભીર સમસ્યા બની છે. પાલિકા ના મુખ્ય અધિકારી આ એજન્સી ને નોટિસ આપી જ્યાં જ્યાં ગટર જામ છે અને ગંદુ પાણી બહાર આવે છે ત્યાં ત્યાં યોગ્ય કામગીરી કરાવે તેવી માંગ ઉઠી છે.

# એક્ટિવા પર જઈ રહેલા કાકા ભત્રીજાની ગાડીમાં નીચલીમાથાસર પાસે આગ લાગતાં આબાદ બચાવ



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના નીચલીમાથાસર પાસે એક્ટિવા લઈ જઈ રહેલા કાકા ભત્રીજા ની એક્ટિવા માં અચાનક આગ લાગતાં બંને નો આબાદ બચાવ થયો હતો જોકે આ ઘટના માં એક્ટિવા ગાડી બળી જતાં નુકશાન થયું છે. મળતી માહિતી અનુસાર જાહેરાત આપનાર નવસાભાઈ લાલજીભાઈ વસાવા રહે.નીચલી માથાસર સરામણી ફળીયુ તા. દેડીયાપાડા જી.નર્મદા નાઓ હોન્ડા એકટીવા ગાડી નંબર-GJ-22-N-8661 લઈને પોતાના ઘરેથી તેમના ભત્રીજા નરેશભાઈ ચંદુભાઈ વસાવા સાથે પીપરીયા તા.ગરૂડેશ્વર જી.નર્મદા ગામે જતા હતા તે વખતે ભત્રીજો હોન્ડા એકટીવા ચલાવતો હતો અને જાહેરાત આપનાર તેમની પાછળ બેઠેલા હતા, તેઓ નીચલી માથાસર પાસે રોડ ઉપર જતા હતા તે વખતે અચાનક હોન્ડા એકટીવા ગાડીમા આગ લાગવાથી એકટીવા ગાડી સંપુર્ણ બળી ગઈ હતી જેમાં નુકશાન થયું હતું. જોકે એક્ટિવા પર જઈ રહેલા કાકા ભત્રીજા નો આ ઘટના માં આબાદ બચાવ થયો હતો. ડેડીયાપાડા પોલીસે આ બાબતની નોંધ લઈ આગળની કાર્યવાહી કરી છે.

# સોની સમાજની દીકરી વંદના સોની આર્મીમાં સેવા આપશે



મહેશ એલ.સોની નખત્રાણા

માંડવી તાલુકાના દેવપર ગઢની વતની એવી વંદના વસંતભાઈ સોનીની આર્મીમાં સેવા માટે નિયુક્તિ કરવામાં આવી છે. માંડવી તાલુકાના નાના એવા દેવપર ગામની વંદના સોની સમાજની સૌ પ્રથમ એવી દિકરી છે જે આર્મીમાં જોડાઈ રહી છે તેમની આ સિદ્ધિ બદલ ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

અત્રે એ પણ જણાવી દઈએ કે વંદના સોની હાલમાં જજની પરીક્ષા પણ આપવાની છે.

# યોગ દિવસ પર ભુજના યોગ શિક્ષક ભરતભાઈ સોનીને સન્માનિત કર્યાં



મહેશ એલ.સોની નખત્રાણા

ભુજ મધ્યે આવેલા સ્મૃતિવન ખાતે લોકસભા પરીવાર દ્વારા જિલ્લાકક્ષાના યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા કચ્છ મોરબીનાં લોકપ્રિય સાંસદસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડાએ આઝાદી કા અમૃતકાલ તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ભુજના યોગ શિક્ષક શ્રી ભરતભાઈ સોની (ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ) ને સન્માનિત કર્યાં હતા તે વેળાની તસવીર.

# ડેકાય ગામે ખેતરમાં ગયેલ વ્યક્તિ કોઇ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં આવેલા ડેકાય ગામ માં રહેતા ઈસમે કોઈક કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. મળતી માહિતી અનુસાર ડેકાય ગામે ખેતર માં મરનાર ઓકરીયાભાઈ રેમનીયાભાઈ ડુ.ભીલ ઉ.વ.આ.૪૫ હાલ રહે.ડેકાય સબ સ્ટેશની બાજુમાં તા.ગરૂડેશ્વર જી.નર્મદા મુળ રહે કુકરદા વાકીકળવ ફળીયુ તા નસવાડી જી છોટાઉદેપુર ગઈ તા ૨૦/૦૬/૨૦૨૪ બપોરના ડેકાય ગામે ખેતર માં ગયેલ તે દરમીયાન કોઈ અગમ્ય કારણસર ખેતરે કપાસ મા છાંટવાની દવા પી જતા તેમને સામુહીક આરોગ્ય કેંદ્ર ગરુડેશ્વર ખાતે દાખલ કરેલ અને વધુ સારવાર માટે રાજપીપલા સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરતા ફરજ ઉપર ના ડોકટરે તેમને મૃત જાહેર કરતા એકતાનગર પોલીસે અકસ્માત મોત દાખલ કરી દવા પી આપઘાત કરવાનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# મોડાસાના શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે 151 લીમડાના છોડનું વૃક્ષારોપણ કરી સમાજને સંદેશ

રાકેશ મહેતા | ધનસુરા



પર્યાવરણ બચાવો ,દેશ બચાવોના સૂત્ર સાથે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે ગુજરાતમાં એક માત્ર સૂતા હનુમાન તરીકે પ્રસિદ્ધ અને અરવલ્લી જિલ્લામાં શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર ગણાતા મોડાસા તાલુકાના સાકરીયા ગામે આવેલ સ્વયંભુ શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે 151 લીમડાના છોડનું વૃક્ષારોપણ કરીને છોડમાં રણછોડ અને પર્યાવરણની જાળવણીનો સંદેશો ભક્તોને આપ્યો છે.

10 કરોડના ખર્ચે નવ નિર્મિત મંદિર પામતા મંદિરમાં લીલી હરિયાળી બની રહે અને પર્યાવરણ પર વિશેષ મહત્વ આપીને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા આ વર્ષે 151 લીમડાના છોડનું વૃક્ષારોપણ કરી પર્યાવરણની જાળવણી કરવાનો સંદેશો આપ્યો હતો. વનવિભાગ અને મનરેગા શાખાના સહયોગથી કરેલ 151 લીમડાના છોડના વૃક્ષારોપણથી આગામી સમયમાં દર્શનાર્થીઓ હનુમાનજી દાદાના ધાર્મિક સ્થળે લીલી પ્રકૃતિનો આનંદ માણે તેવા આશયથી શ્રી ભીડભંજન ગ્રામ વિકાસ ટ્રસ્ટ ,સાકરીયા દ્વારા 151 લીમડાના છોડનું વૃક્ષારોપણનું આયોજન કરતા દર્શનાર્થીઓએ અને શ્રદ્ધાળુઓ ધાર્મિક સંસ્કારોના સિંચન સાથે વૃક્ષારોપણની સરાહનીય કામગીરીને બિરદાવી હતી. વૃક્ષારોપણમાં ટ્રસ્ટ દ્વારા પાણી બચાવોને ધ્યાનમાં રાખી છોડને ડ્રિપ ઈરીગેશન દ્વારા જરૂરી પાણી મળે અને છોડનો વિકાસ થાય તેવા ડ્રિપનું આયોજન કરવામાં આવ્યું છે.વૃક્ષારોપણ કાર્યમાં સાકરીયા ગામના ઉત્સાહી યુવા ગ્રુપના યુવાનોના સહકાર અને મંદિર ટ્રસ્ટીઓ દ્વારા 151 લીમડાના છોડનું જતન કરવાની જવાબદારી સાથેના પર્યાવરણ અંગે જાગૃતિ અને પ્રકૃતિ સાથે જોડાઈ રહેવાનો અનોખો સંદેશ સમાજને આપ્યો હતો.મંદિરના પાર્કિંગ વિસ્તારમાં કરેલ 151 લીમડાના વૃક્ષારોપણ ભવિષ્યમાં ઘટાદાર વૃક્ષ બની લોકોને, દર્શનાર્થીઓ માટે શીતળતા અને છાંયડો પ્રદાન આપશે તેવા હેતુસર 151 લીમડાનું વૃક્ષારોપણ કર્યું હતું.સ્વયંભુ નવનિર્મિત પામતા ભવ્યાતિભવ્ય શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે આવતા હજારો દર્શનાર્થીઓને ધાર્મિક સંસ્કારોના સિંચન સાથે વૃક્ષો વાવો અને દેશ બચાવો અંગેનો સંદેશ આપતા પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા પર વધુ પ્રાધાન્ય આપ્યું હતું.

# મોટી વિરાણીના શાકભાજીવાળાનું પ્રેરણાદાયી કાર્ય બિરદાવવામાં આવ્યું



મહેશ એલ.સોની | નખત્રાણા

નખત્રાણાથી ત્રણ કિલોમીટર અંતરે આવેલા મોટી વિરાણી ગામનાં શાકભાજીના વેપારી મુબારક ચાકી છેલ્લા એક માસથી રસ્તે આવન જાવન કરતા લોકોને પીવાનું ઠંડુ ફિલ્ટર પાણી પાઈ લોકોની આંતરડી ઠારવાનું કામ કરી રહ્યા છે. છેલ્લાં કેટલાંક સમયથી ગરમીએ માઝા મુકી છે ક્યાંક ૪૫ ડીગ્રી કરતા પણ વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે ત્યારે ઘણી બધી જગ્યાએ સંસ્થા દ્વારા છાસનું કે પાણી વિતરણ કરવામાં આવતું હોય છે ત્યારે એકલા હાથે રોજના ત્રણ બોટલ ઠંડા પાણી ના બોટલો થકી પાણી પીવડાવી આંતરડી ઠારતા મુબારક ભાઈની સેવાને સૌ કોઈ બિરદાવી રહ્યા છે એવું શિવ રાજદેની યાદી માં જણાવવામાં આવ્યું છે.

# ચાણસ્માના ઝીલીયા ગાંધી આશ્રમ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઇ



નિખીલ જોષી | પાટણ

ચાણસ્મા તાલુકાના ઝીલીયા ગામે આવેલ ગાંધી આશ્રમ સંચાલિત શાળામાં વિશ્વ યોગ દિવસ ની ઉજવણી ચાણસ્મા બ્રહ્માકુમારી સેન્ટર અને ગાંધી આશ્રમ ના ઉપક્રમે આયોજિત કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો સાથે શિક્ષકગણ અને બ્રહ્માકુમારી ની બહેનો અને ભાઈઓ દ્વારા વિવિધ યોગ કરી તેનું મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર દેશમાં ૨૧ જુન ના દિવસે યોગ દિવસ મનાવવામાં આવ્યો હતો ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ઝીલીયા ગામે આવેલ ગાંધી આશ્રમ ની અંદર ચાણસ્મા બ્રહ્માકુમારી સેન્ટર ના ઉપક્રમે યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સૌ પ્રથમ શાળા ની પ્રણાલી મુજબ વિધાર્થીઓ દ્વારા પ્રાર્થના કરી હતી ત્યારબાદ યોગ કરાવવામાં આવ્યા હતા ત્યારબાદ તેનું મહત્વ સમજાવ્યું હતું આ કાર્યક્રમમાં ચાણસ્મા બ્રહ્માકુમારી સેન્ટર ની બહેનો અને ભાઈઓ તથા ગાંધી આશ્રમ ના શિક્ષકો તેમજ બાળકો સહીત ભારત સરકાર ના પદ્મશ્રી અને શાળા ના સંચાલક માલજીભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# પુરવઠા વિભાગમાં શંકાસ્પદ વર્તણૂક ધરાવતા ડેટા એન્ટ્રી ઓપરેટરને છુટા કરવાના પત્રથી ફફડાટ

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત માં પુરવઠા ખાતું બદનામ છે ત્યારે હાલમાં પુરવઠા વિભાગમાં શંકાસ્પદ જણાતા ડેટા એન્ટ્રી ઓપરેટરો ને છુટા કરવા અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગર થી પત્ર આવતા કેટલાક ઓપરેટરો માં ફફડાટ જોવા મળ્યો હતો.

પત્રમાં જણાવ્યા મુજબ તાલુકામાં પાચ વર્ષથી વધુ સમયથી પુરવઠા વિભાગની કામગીરી સાથે સંકળાયેલ અને શંકાસ્પદ વર્તણૂક ધરાવતા ડેટા એન્ટ્રી ઓપરેટરને પુરવઠા ખાતાની કામગીરીમાંથી કાયમી ધોરણે તાત્કાલિક અસરથી છુટા કરવા તથા તેમના સ્થાને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ડેટા એન્ટ્રી ઓપરેટરોની સેવાઓ મેળવવાની કાર્યવાહી હાથ ધરવા જણાવાયું છે. જોકે મોટા ભાગના જિલ્લામાં ઓપરેટરો ઘણા વર્ષો થી એકજ જગ્યા ઉપર કામ કરતા રહ્યા છે અને તેમાં કેટલાક ઓપરેટર તો કચેરી માં પોતાનું સામ્રાજ્ય જમાવી બેઠા છે માટે સરકાર ના આ નિર્ણય ને બધા એ આવકાર્યો છે.

પરંતુ કેટલાક જિલ્લામાં આવા પત્ર ની અવગણના કરી ઓપરેટરો ને બદલાતા નથી કે છુટા કરાતા નથી માટે સરકારે લખેલા પત્ર નું પાલન કરાયું છે કે નહિ તેની તકેદારી પણ જરૂરી છે.

## પુરવઠાના નાયબ મામલતદારોને બદલવા જરૂરી

સરકારે પાચ વર્ષથી વધુ સમય થી પુરવઠા માં કામ કરતા ડેટા એન્ટ્રી ઓપરેટરો ને છુટા કરવા પત્ર લખ્યો એ યોગ્ય બાબત છે પરંતુ પુરવઠા માં ફરજ બજાવતા નાયબ મામલતદારો પણ એટલાજ જવાબદાર કહી શકાય કેમ કે તેમની સાઠગાંઠ થી જ ઓપરેટરો ગોરખ ધંધા કરતા આવ્યા હોય માટે ઓપરેટરો ને છુટા કરવાની સાથે સાથે નાયબ મામલતદારો ની પણ બદલી જરૂરી છે.

# રાજુલા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



૨૧ મી જૂનને વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ હેઠળ રાજુલા તાલુકા હેલ્થ કચેરી તળેના આરોગ્ય સ્ટાફ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી લોકોમા યોગ પ્રત્યે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામા આવ્યા.

તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.નિલેશ વી. કલસરીયાના માર્ગદર્શન હેઠળ સી.એચ.ઓ.,નર્સ બહેનો અને મ.પ.હે.વ. ભાઈઓ સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા આરોગ્ય કેન્દ્ર અને શાળા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાના કાર્યક્રમમા હાજર રહી યોગ દિવસની ઉજવણી કરી બાળકો અને લોકોને યોગ દ્વારા આરોગ્ય પ્રત્યે તંદુરસ્ત રહેવા માટેના પ્રયત્નો કરવામા આવેલ.આયુષ્માન આરોગ્ય કેન્દ્રો ખાતે ફરજ બજાવતા કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો દ્વારાતાડાસન,વૃક્ષાસન,વર્જાસન,પદ્માસ,સવાસન અને સૂર્યનમસ્કાર સહિતના આસનો કરાવી તેમના ફાયદા જણાવી બાળકો અને લોકોને આરોગ્ય પ્રત્યે તંદુરસ્ત રહેવા માટેનો સંદેશો આપવામા આવેલ જે યાદીમા જણાવેલ છે.

# ફુલવાડી ગામમાં ઢાબા પર CCTV કેમેરા નહિ લગાડનાર સંચાલક વિરૂદ્ધ SOG એ ગુનો દાખલ કર્યો

ભરત શાહ | રાજપીપળા




નર્મદા જિલ્લામાં SOG પોલીસ કાયદાનું પાલન નહિ કરનારા સંચાલકો સામે હંમેશા પગલાં લઈ કાયદેસર કાર્યવાહી કરે છે જેમાં હાલમાં ગરુડેશ્વર ભતાલુકાના ફૂલવાડી ગામના ઢાબા ઉપર નિયમ મુજબ સીસીટીવી કેમેરા નહિ લગાવતા તેના સંચાલક સામે ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર અ.હે.કો ચંદનભાઈ સંપતભાઈ બ.નં.૭૭૬ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ નર્મદા નાઓ એ એસ. ઓ .જી.નર્મદા ના પીઆઈ વાય એસ સિરસાઠ ના માર્ગદર્શન મુજબ કરેલ ફરિયાદ પ્રમાણે રમેશભાઈ જીણાભાઈ ભાલીયા હાલ રહે.ફુલવાડી તા.ગરૂડેશ્વર જી.નર્મદા મુળ રહે.૪૩૩,વર્ષા સોસાયટી-૨,લંબે હનુમાન રોડ, સુરત ચિત્ય, વરાછા રોડ સુરત નાઓએ ફુલવાડી તા.ગરુડેશ્વર જી.નર્મદા ખાતે પોતાના આવેલ " જય ગોપનાથ કાઠીયાવાડી ઢાબામાં "માં CCTV કેમેરા નહી લગાડી ગુનો કરતા એસ. ઓ.જી.પોલીસે તેમના વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરી છે.

## લીમખેડા આર્ટસ કોલેજ ખાતે

# સાંસદ જશવંતસિંહ ભાભોરનો અભિવાદન સમારોહ યોજાયો

દિપક રાવલ | લીમખેડા દાહોદ




લીમખેડા તાલુકાના મુખ્ય મથક લીમખેડા આર્ટસ કોલેજ ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોર નો લીમખેડા વિધાનસભા નો અભિવાદન સમારોહ યોજાયો હતો. પોતાને જીત અપાવા બદલ સાંસદે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. લીમખેડા આર્ટસ કોલેજ ખાતે સાંસદ નું સન્માન કરવામાં આવ્યું હતું.

અભિવાદન કાર્યક્રમ દરમિયાન સાંસદ જશવંતસિંહ ભાભોરે પોતાને જીત અપાવવા બદલ નાના મોટા કાર્યકર્તાઓ , પદાધિકારીઓ તેમજ મતદારોનો આભાર કર્યો હતો.

સંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે નવા જનતાના વિકાસના કામો સંગઠનને સાથે લઈને કરવામાં આવશે તેમજ છેવડાનો માનવી વિકાસના કામથી વંચિત નહીં રહે તેમ જણાવ્યું હતું. પંચાયત અને કૃષિ વિભાગના રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ ના અથાગ પ્રયત્નોથી દેવગઢ બારીયા વિધાનસભા બેઠક પર દાહોદ જિલ્લામાં સૌથી મોટી લીડ મેળવી સફળતા મેળવી હતી વધુમાં ખાબડે જણાવ્યું હતું કે જે મતદારોએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પર વિશ્વાસ મૂકીને આ બેઠક પર કમળ ખીલવ્યુ છે તે બદલ તમામ પાર્ટીના કાર્યકર્તાઓ અને મતદારોનો આભાર માનું છું. તેમજ આગામી દિવસોમાં જે કામ બાકી છે તે કામની પ્રથમ પ્રાધાન્ય આપી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સાંસદ જશવંતસિંહ ભાભોર સાહેબ અને પંચાયત અને કૃષિ વિભાગના રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ બંને ના સમન્વયથી સાથે મળીને વિકાસના કાર્યો કરવા માટે કટિબદ્ધ હોવાનો અને પોતાના કાર્યકરોએ સાંસદ તેમજ રાજ્યમંત્રી નો સીધો સંપર્ક કરવાનો ભાર મૂક્યો હતો.

અભિવાદન અને આભાર દર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબ, બાંડીબાર મુન્નાભાઈ દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ શંકરભાઈ આં મલીયાર સાહેબ, દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ પર્વતભાઈ ડામોર, સ્નેહલ ધરીયા, મહામંત્રી અનિલ શાહ, મહામંત્રી રમેશ ભાઈ મીનામાં, પાર્ટી પરમુખ રતનસિંહભાઈ રાવત તાલુકા પંચાયત પ્રમુખશ્રી કનકસિંહ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત મંગુભાઈમુણીયા લીમખેડા પ્રભારી વિનોદભાઈ રાજગોર ધારાસભ્યો, તાલુકા સભ્યો જિલ્લા સભ્યો સરપંચો હોદ્દેદારો કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ બનાવવા લીમખેડા ભારતીય જનતા પાર્ટીના મુદ્દે હોદ્દેદાર કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના સમાપન બાદ તમામ કાર્યકરોએ સમૂહ ભોજન લીધું હતું.

# વિદેશમાં જોબ અપાવતી ટોળકી અનેકનાં સપનાં સાથે ગેમ રમે છે

વિદેશમાં જોબ મેળવવાના અભરખાં અનેક વિદ્યાર્થીઓ અને ૪૦ વર્ષની ઉપરનાઓને ભારે પડેલા છે. વિદેશમાં નોકરીની ઓફર એટલે લોટરી લાગી છે એમ સમજનારા અંતે પોલીસ સ્ટેશને ધક્કા ખાતા જોવા મળે છે. વિદેશમાં જોબ કરવાના સપનાં જોતા લોકોને અનેક વાર ગઠીયા ભટકાઈ જતા હોય છે. વિદેશમાં જોબ આપવાના કોભાંડમાં વિદેશમાં જોબ કરવાની લાલચનો લાભ કૌભાંડીઓ ઉઠાવતા હોય છે.

વિદેશમાં જોબ અપાવવાના ખેલને સમજવા જવો છે. સોશ્યલ નેટવર્ક મારફતે, વિઝા એજન્ટો મારફતે, ઓનલાઈન એસ્ટ્રોલોજીની સલાહ આપનારાઓ મારફતે વિદેશમાં જોબ કરવાની ઈચ્છા રાખનારાઓને આસાનીથી શોધી લેવામાં આવે છે. તાજેતરમાં મોહાલી પોલીસે ધ ટ્રાવેલ વિઝા ગૃપ નામની એક કૌભાંડી સિન્ડીકેટને પકડી હતી. વિદેશમાં નોકરી આપવાની લાલચ આપીને આ ટોળકી લોકો પાસેથી ૧૨-૧૩ લાખ પડાવતી હતી અને પછી વિવધ બહાના બતાવીને તેમને ધક્કા ખવડાવે રાખતી હતી.

અઝરબૈજાનમાં નોકરી આપવાની લાલચ આપીને લોકોને ફસાવવામાં આવતા હતા. એરપોર્ટ પર ઉતર્યા પછી તેમના એજન્ટ રહેવા ખાવાની સવલત કરી આપે અને પછી તેને જોબ પણ શોધી આપવામાં આવશે એવી ખાત્રીઓ આપ્યા પછી તે ઘેર કેટલા પૈસા મોકલી શકે એમ જણાવવમાં



આવે છે. જો અમે છેતરપીંડી કરીએ છીએ એવું લાગે તો પોલીસમાં ફરિયાદ કરી શકો છો એમ કહીને પૈસા ખંખેરી લેવામાં આવતા હતા. અડધા પૈસા એડવાન્સમાં લીધા બાદ બાકીના એરપોર્ટ પર ઉતર્યા પછી લઈ લેવામાં આવતા હતા. દરેક વાલીઓ ખાસ કરીને હરિયાણા, પંજાબ અને કેરળના વાલીઓનું એક સપનું હોય છે કે પોતાનો દીકરો વિદેશ જઈને નોકરી કરે અને અમને પૈસા મોકલાવે. પોતાનું સપનું સાકાર કરવા તે ઘર પર લોન લે છે અને દાગીના પણ વેચી દે છે.

વિદેશમાં જોબ એટલે તગડી કમાણી એમ સમજવામાં આવે છે.પરંતુ ત્યાંની હાડમારી પર

**તાજેતરમાં મોહાલી પોલીસે ધ ટ્રાવેલ વિઝા ગૃપ નામની એક કૌભાંડી સિન્ડીકેટને પકડી હતી. વિદેશમાં નોકરી આપવાની લાલચ આપીને આ ટોળકી લોકો પાસેથી ૧૨-૧૩ લાખ પડાવતી હતી અને પછી વિવધ બહાના બતાવીને તેમને ધક્કા ખવડાવે રાખતી હતી**

પડદો નાખી રાખવામાં આવે છે. સમૃધ્ધ ઘરના લોકો વહેલાં થાકી જાય છે અને પરત આવી જાય છે જ્યારે મધ્યમ વર્ગ થોડો લાંબો સમય તકલીફ ભોગવીને સેટ થવાનો પ્રયાસ કરે છે. તેમના ફેમિલીએ એજન્ટને આપેલા પૈસા પાણીમાં જાય છે. વિદેશમાં જોબ મળવાની વાતને સ્ટેટસ ગણાવનારા જોબ કૌભાંડીઓના ટ્રેપમાં ફસાતા હોય છે. જ્યોતિષોને કેટલાક લોકો વિદેશમાં જોબ ક્યારે મળશે એમ પૂછતા હોય છે. આવા લોકોની યાદી કેટલાક જ્યોતિષો કૌભાંડીઓને આપે છે અને પછી અરજદારને ફસાવવા ટ્રેપ ગોઠવાય છે.

મોહાલીમાંથી પકડાયેલા લોકો તો બોગસ વિઝા આપીને છેતરતા હતા. વિદેશ જવા માંગતા લોકો અનેક ગણી ચોકસાઈ રાખે છે પરંતુ કૌભાંડીઓ તેમને વાકચાતુર્યથી ફસાવી દે છે. મોહાલીના કૌભાંડીઓએ ૨૦ લોકોને શિકાર બનાવ્યા હતા. દરેક પાસેથી ૧૨ લાખ પડાવ્યા હતા. આવા કેસો ભારતમાં સામાન્ય બની ગયા છે. જોર્ડન,સાઉદી અરેબીયા અને કતારમાં જોબ આપવાનું પ્રોમીસ આપતી એક વિઝા કંપની છ વર્ષથી નોઈડામાં કામ કરતી હતી. કેરળમાં ૯૦૦ લોકોને વિદેશમાં મોકલવાનું પ્રોમિસ આપીને ઉલાળીયો કરનારી સાત લોકોની ગેંગ છ મહિના પહેલાં પકડાઈ હતી. એક વાત નિશ્ચિત રીતે સમજી લેવું જોઈએ કે ભારતના શહેરોમાં કૌભાંડીઓ વિવિધ રૂપે વસી રહ્યા છે.

પ્રજાના ખિસ્સામાંથી પૈસો કેવી રીતે પડાવવો તેની સ્કીમ તેમના મગજમાં રમતી હોય છે. આ લોકો વાકચાતુર્યથી છલકાતા હોય છે અને ચન્દ્ર પર મોકલવા સુધીના વચનો આપતા ખચકાતા નથી. સુધરવાનું લોકોએ છે, સો વાર વિચાર કરીને પોતાનો પૈસો બીજાના હાથમાં સોંપવો જોઈએ.

## નોર્થ ઈન્ડિયામાં ચાનું ઉત્પાદન ૨૧૦ લાખ કિલોથી પણ વધુ ઘટયું છે

# હીટવેવનો સૌથી મોટો ફટકો ચા ના ઉત્પાદન પર પડયો છે

**દેશમાં ચા બજાર તથા ઉધોગ ક્ષેત્રે પ્રવાહો બદલાતા જોવા મળ્યા છે. આપણા પાડોશી દેશ શ્રીલંકાથી મળતા સમાચાર મુજબ ત્યાં ચાના બગીચાઓમાં કામ કરતા ખેત મજૂરોના વેતનમાં ખાસ્સી વૃદ્ધી થઈ છે અને તેના પગલે ત્યાં ખાસ કરીને ઓર્થોડોક્સ ચાના ભાવ ઉંચા જવાની સંભાવના જોતાં ભારતમાં ઉત્પન્ન થતી ઓર્થોડોક્સ ચામાં દરિયાપારની માગ વધવાની આશા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. શ્રીલંકામાં ઓર્થોડોક્સ ચાનું ઉત્પાદન વધુ થાય છે અને ત્યાં વેતનવૃદ્ધીના પગલે ચા ઉત્પાદન ખર્ચ ઉંચે જતાં ત્યાંની ચામાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સરસાઈ ઘટવાની તથા ભારતની ઓર્થોડોક્સ ચામાં નિકાસકારોની માગ વધવાની ગણતરી બજારના જાણકારો બતાવી રહ્યા હતા.**

દરમિયાન, ભારતમાં આસામ તથા પશ્ચિમ બંગાળના ચા ઉગાડતા વિવિધ વિસ્તારોમાં તાજેતરમાં આકરી ગરમી તથા અપુરતા વરસાદના પગલે ચાના ઉત્પાદનને ખાસ્સો ફટકો પડયો છે. ભારતમાં ચાના બગીચાઓ તથા પ્લાનટર્સનું દેશવ્યાપી ધોરણે પ્રતિનિધિત્વ કરતા ધી ઈન્ડિયન ટી એસોસીએશનના સૂત્રોના જણાવ્યા મુજબ આસામમાં બ્રહ્મપુત્ર વેલી વિસ્તારમાં તથા પશ્ચિમ બંગાળમાં આવી ચિંતાજનક સ્થિતિ જોવા મળી છે. અધુરામાં પુરું આસામમાં બરાક વેલીમાં એપ્રિલમાં થંડરસ્ટ્રોર્મ આવતાં સેકન્ડ ફલશ તથા ઓવર ઓલ ચાના ઉત્પાદને અસર થઈ છે. દરમિયાન, ભારત સરકારના ટી-બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે જાન્યુઆરીથી માર્ચના પ્રથમ ૩ મહિનામાં નોર્થ ઈન્ડિયામાં ચાનું ઉત્પાદન ૨૧૦ લાખ કિલોથી પણ વધુ ઘટયું છે જ્યારે ઓલ ઈન્ડિયા ચા ઉત્પાદન આ ગાળામાં ૧૩૦ લાખ કિલો જેટલું ઘટયું છે.

જો કે આ ગાળામાં ખાસ કરીને દક્ષિણ ભારતના ચા ઉત્પાદક રાજ્યોમાં ઉત્પાદન ઊંચું ગયાના વાવડ પણ મળ્યા હતા. આ ગાળામાં દેશમાં એકંદરે ચાનું ઉત્પાદન ઘટવા છતાં ચાના બજાર ભાવ પણ સુસ્તાઈમાં રહેતાં ચા ઉગાડતા પ્લાન્ટરો પર નાણાંકીય દબાણ વધતું જોવા મળ્યું હતું. નેપાળથી આવતી ચાની હરિફાઈ પણ આ ગાળામાં વધી હતી. દરમિયાન, દક્ષિણ ભારતમાં કેરળમાં કોચી ખાતે તાજેતરમાં યોજાયેલા ચાના ઓક્શનોમાં માગ વધતાં ઓર્થોડોક્સ ચાના ભાવ ઉંચા જતા જોવા મળ્યા હતા ત્યાં ચાના ઓક્શનોમાં તાજેતરમાં ઉત્તર-



ભારતની તથા દરિયાપારની માગ વધતી જોવા મળી હતી. ત્યાં એક ઓકશનમાં જેટલો માલ મુકવામાં આવ્યો હતો એ પૈકી ૯૯ ટકા માલ ઉપડી ગયો હતો. રશિયા, તુર્કી તથા ઈરાક માટે બાઈંગ થતું જોવા મળ્યું હતું. નોર્થ ઈન્ડિયામાં સેકન્ડ ફલશની મોસમના ચાના ભાવ ઉંચા જતાં ત્યાં રહેતું બાઈંગ સાઉથ ઈન્ડિયા તરફ સ્વીચ ઓવર થયાની ચર્ચા પણ ચા બજારમાં સંભળાઈ હતી. મધ્ય પૂર્વના દેશો તથા સીઆઈએસના દેશોની માગ પણ ચા બજારમાં તાજેતરમાં જોવા મળી હતી. સીટીસી ચાના ઓકશનમાં ૨૫થી ૨૬ હજાર કિલો માલ ઓફર કરાયો હતો અને બધો માલ ૧૦૦ ટકા ઉપડી ગયાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. લંડન બજારમાં રોબસ્ટા કોફીના ભાવ તાજેતરમાં વધી ટનના ઉંચામાં ૪૪૦૦ ડોલરની સપાટી નજીક પહોંચતાં નવો રેકોર્ડ સર્જાયો હતો. વિયેતનામમાં પાક ઘટતાં વિશ્વ બજારમાં રોબસ્ટા કોફીમાં શોર્ટ સપ્લાય જેવી સ્થિતિ જોવા મળી હતી. દરમિયાન, ઘરઆંગણે નોર્થ ઈસ્ટર્ન ટી-એસોસીએશનના સૂત્રોના જણાવ્યા મુજબ અમુક જંતુનાશક દવાઓના વેંચાણ પર પ્રતિબંધ મુકવાની માગ આસામ સરકાર સમક્ષ તેમ જ કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી છે. આસામમાં ઉત્પાદીત થતી બધી

**સીટીસી ચાના ઓકશનમાં ૨૫થી ૨૬ હજાર કિલો માલ ઓફર કરાયો હતો અને બધો માલ ૧૦૦ ટકા ઉપડી ગયાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. લંડન બજારમાં રોબસ્ટા કોફીના ભાવ તાજેતરમાં વધી ટનના ઉંચામાં ૪૪૦૦ ડોલરની સપાટી નજીક પહોંચતાં નવો રેકોર્ડ સર્જાયો હતો**

ચાની ગુણવત્તા સરકારના ફુડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડના નિયમોને અનુરૂપ બને એ માટે આ માગ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, સિલીગુરી ચા ઉદ્યોગ તથા બજારમાંથી મળેલા સમાચાર મુજબ ત્યાં ચાના બગીચાવાળાઓ તથા માઈનિંગ ટોળી વચ્ચે તંગદિલી વધી છે તથા ચાના ગાર્ડનોને કનેકટ કરતા માર્ગો બંધ કરી દેવામાં આવતાં માલોની તથા ખેતમજૂરોની અવરજવરને અસર પડી છે.

આ તરફ શ્રીલંકામાં સરકારે ખેતમજૂરોના વેતનમાં ૭૦ ટકા સુધીની વૃદ્ધી કરતાં ત્યાં ચા ઉત્પાદકોમાં નારાજગી વધી છે. આવા માહોલમાં ભારતમાં ઓર્થોડોકસ ચામાં વૈશ્વિક માગ વધવાની ગણતરી પણ જાણકારો બતાવી રહ્યા છે.

# ૨,૦૦૦ ભૂતિયા ગ્રાહકો ઊભા કરી બેંકને ૧૫૦ કરોડનો ચૂનો ચોપડયો

બેંકોના બહુ અનુભવી સ્ટાફને કૌભાંડીઓ ચૂનો લગાડતા હોય છે. બેંકો પાસે બહુ ભણેલો અને ઓડિટ કરી શકે એવો સ્ટાફ હોવા છતાં તેમને આસાનીથી છેતરતી એક ટોળકી મિઝોરમથી પકડાઈ છે. આ ટોળકી આજકાલની નહીં, પણ છેલ્લાં ચાર વર્ષથી પોતાની જાળ બિછાવીને બેઠી હતી. મિઝોરમના સ્થાનિક પાંચ કાર ડીલરનું ભેજું તેમાં કામ કરતું હતું. જેને ૧૫૦ કરોડનો ચૂનો ચોપડાયો છે તે પ્રાઈવેટ નોન-બેંકીંગ કંપની છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે આ કૌભાંડમાં ૨,૦૦૦ જેટલા ભૂતિયા (જેમનું અસ્તિત્વ જ ન હોય એવા) ગ્રાહકો સંડોવાયા છે. મિઝોરમના પોલીસ વડાએ આ કૌભાંડ પકડયું ત્યારે બે હજાર ભૂતિયા ગ્રાહકોને જોઈને ચોંકી ગયા હતા. જેમનું નામોનિશાન નહોતું એવા બે હજાર લોકોના નામે લોન લઈને પૈસા ફેરવવામાં આવતા હતા. આ ભૂતિયા ગ્રાહકો છેલ્લાં ચાર વર્ષથી કૌભાંડીઓના ચોપડે 'સક્રિય' હતા. વાહનો માટે લોન મેળવવા માટેનું આ કૌભાંડ ભૂતિયા ગ્રાહકોને આધારીત હતું. કૌભાંડના મુખ્ય સૂત્રધારોમાં મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર ફાયનાન્શિયલ સર્વિસના એરિયા બિઝનેસ મેનેજર ઝાકિર હુસૈન અને તેમની બ્રાન્ચના કેટલાક કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ કૌભાંડીઓનું ગણિત એવું હતું કે ૨૦૦૦ ભૂતિયા ગ્રાહકોના નામે લોન મેળવવા તેમના ખોટા ડોક્યુમેન્ટ ઊભા કરવા. તેમના નામે લોન એપ્રૂવ કરાવ્યા પછી જે-તે વ્હીકલની ડિલીવરી લેવી અને પછી ડિસ્કાઉન્ટ ભાવે અન્ય ગ્રાહકને આ વાહનો વેચી મારીને રોકડી કરી લેવી. કૌભાંડના રૂપિયાનું બેંક મારફતે લેવડદેવડ કરવા માટે મહેન્દ્ર ફાયનાન્સ લિમિટેડ નામનું ખોટું બેંક એકાઉન્ટ પણ ખોલાયું હતું. આ કૌભાંડમાં બેંકનો પૈસો ડૂબતો હતો, કેમ કે લોન જેના નામે લેવાતી હતી તે બધાં ભૂતિયા લોકો હતા. ૨૦૨૦માં મહેન્દ્ર ફાયનાન્સ બેંકના કેટલાક કર્મચારીઓને ભૂતિયા નામે લોન લેવાનો આઈડિયા આવ્યો હતો. થોડી સફળતા પછી ૨૦૦૦ જેટલાં ભૂતિયા નામો તૈયાર કરીને બેંકના પૈસા પર હલ્લો કર્યો હતો. મહેન્દ્ર ફાયનાન્સ બેંકના નામે એકાઉન્ટ ખોલાવીને વેચેલાં વાહનોના પૈસા તેમાં જમા કરાવવામાં આવતા હતા. જોકે ભૂતિયા ગ્રાહકોના નામે વાહનો પર લોન લેવાનું અને તેને સસ્તા ભાવે વેચીને કંપનીના ભળતા નામવાળા એકાઉન્ટમાં રૂપિયા જમા કરવાનું કૌભાંડ બહુ લાંબુ ચાલ્યું નહીં. ડિસ્કાઉન્ટ ભાવે વાહન વેચવામાં પાંચ કાર ડીલરો પણ સંડોવાયા હતા. તેઓ સસ્તા ભાવે કાર ખરીદવા ઈચ્છતા લોકોને શોધી લાવતા હતા. પૈસા બેંકમાંથી આવે છે અને બેંકના ખાતામાં પૈસા જમા થશે એમ કહીને બોગસ એકાઉન્ટમાં પૈસા જમા કરાવતા હતા. કાર લોન લેવા માટેની મહત્ત્વની પ્રોસેસ જેવી કે વેરીફીકેશન, ઓડિટિંગ, જામીન વગેરે મુદ્દા પર કોઈ ધ્યાન અપાયું નહોતું. જ્યારે બેંકની નોન-પર્ફોમીંગ એસેટ વધી ત્યારે તેની તપાસ કરવામાં આવી. ભૂતિયા ગ્રાહકોને અપાયેલી કાર લોનના કોઈ હપ્તા જમા થયા નહોતા. બેંકે ઓડિટ શરૂ કર્યું ત્યારે ભૂતિયા ગ્રાહકોની લોનની ફાઈલ મેનેજર ઝાકિર હુસૈને ગુમ કરી નાખી. ગઈ ૨૦ માર્ચે કંપનીએ મેનેજર સામે પોલીસ કેસ કરીને કૌભાંડની તપાસ આગળ વધારી હતી.

# વાહ!!! રામ મિલાય જોડી આમ જાહેરમાં રોમાન્સ ફરમાવાનું.....



સગાઈ

- રુપાલી દવે

વિષ્ણુભાઈ આવતા જ જીલ કાર ની પાછળ ની સીટમાં ગોઠવાઈ ગઈ.કાર સ્ટાર્ટ થતાં જ વિષ્ણુભાઈ અને જીલ એ નીતિન ને "જય શ્રી કૃષ્ણ" કર્યા. નીતિન એની સામે કાર મા બેસીને દૂર દૂર અલોપ થતી જીલ ને નિહાળી ને મનોમન બોલ્યો કે ઠાકોરજી, તમારી કૃપાથી મૂંઝવણ ની સાપસીડી ની રમત જેમ માંડ માંડ નીકળ્યો.શું એકસરખા આટલા બધા ચહેરા હોય એ શક્ય છે?હુબહુંબ જીલ જેવી લાગતી જુહુની ચોપાટી માં દોડીને હાથ પકડી મારી સાથે કલાકો વિતાવનાર યુવતી,દીપલના લગ્નમાં આવેલ કેટરિંગ ટીમ સાથે આવેલ યુવતી, દીપલ ની સગાઈ બાદ રાત્રે ભજન સંધ્યા માં સ્ટેજ પરથી ભજન ગાય રહેલી સ્ત્રીનો દેખાવ પણ જીલ જેવો હતો.આમ એકીસાથે ત્રણ સ્ત્રીઓ ચહેરે મોહરે અદલ જીલ જેવી લાગવી એ ખરેખર આશ્ચર્ય છે આ આશ્ચર્ય બા એ નજર સામે નિહાળ્યું ત્યારે એનું પણ બી.પી વધી ગયું હતું તો મારું શું થયું હશે? પરિવારના બધાય સદસ્યને ખબર છે કે જીલ ના જેવો હાવભાવ,દેખાવ,બોલવાની સ્ટાઈલ ધરાવતી ત્રણ મોડેલ સુરત મુંબઈ વચ્ચે ફરે છે. પરંતુ ખુદ જીલ આ વાતથી અજાણ છે.ત્યાં વિષ્ણુભાઈ ની કાર પરત ફરીને જ્યાં નીતિન બેઠો હતો ત્યાં આવીને ઊભી રહી. કાર ની પાછળની સીટ પરથી જીલ નીચે ઉતરી ને બોલી કે મને તારે લિફ્ટ આપવી પડશે. પપ્પા ને અચાનક મુંબઈ જવાનું થયું છે.હોટલની બહારના હીંચકા પરથી ઉભો થતાં નીતિન એ કહ્યું કે મતલબ મેડમ પુનઃ સાસરે પધરામણી કરવા માંગે છે.. માન ના માન મે તેરા મહેમાન.જીલ એ આંખ ના ભવા ઊંચા નીચા કરતા કહ્યું કે બંદર,તુ ભૂલી ગયો લાગે છે કે સુરત મા મારો પણ બંગલો છે ત્યાં સુધી લિફ્ટ આપવાની છે..

નીતિન અને જીલ સુરત પરત ફરી રહ્યા હતાં ત્યાં બા નો ફોન નીતિન પર આવ્યો કે જીલ ને સાથે ઘરે લઈને આવજે,એના પપ્પા બે દિવસ મુંબઈ છે એટલે.બા નો ફોન કટ થતાં જ નીતિન ખડખડાટ હસવા લાગ્યો હસતા હસ્તા બોલ્યો કે જીલ,મને લાગે છે કે મારા પરિવારના તને પોતાની નજીક રાખવાનો એકપણ મોકો ગુમાવવા માંગતા નથી. ચાલ ત્યારે બીજું શું?પડ મારા ગળે ફરીથી..

બીજા દિવસના સાંજના ૪વાગ્યે જ્યારે જીલ એ નેહા સાથે બા ના રૂમમાં રૂ ની દિવેટો બનાવી રહી હતી ત્યાં એનો ચારજીંગમાં મૂકેલ સ્માર્ટ ફોન રણક્યો એ દોડીને લેવા જાય એ પહેલા તો નેહા એ ઊભા થઈને ફોન પિક કરીને જીલ ને આપતા બોલી કે ,' તારી મમ્મીનો ફોન લાગે છે' ,જીલ ફોન પિક કરતા બોલી કે જય શ્રી કૃષ્ણ માં..બાં એ નોંધ્યું કે જીલ ના અવાજની રણક અવાજમાં તો છે પરંતુ ચહેરાના ભાવ અલગ બોલે છે પણ શું? હતા.આટલા વખત ના પરિવાર સાથે જીલના પ્રેમાળ અને સેવાભાવી વ્યવહાર ના લીધે સમજી શકાય છે કે બિચારીને માં નથી એટલે નાનીને માં બોલતી હશે.કેવી કમભાગી છોકરી છે બાળપણ થી જ માં અને બાપના પ્રેમથી વંચિત છે.ઠાકોરજી સમગ્ર પરિવાર જીલ ને ખુશી અને પ્રેમ આપી શકીએ એવી કૃપા કરજો.

જીલ મોબાઈલ લઈને દોડતી ગાર્ડનમાં રાખેલ ઝૂલા પર બેસીને બોલી કે ,' બોલ મમ્મી' મોબાઈલ ના સામેના છેડેથી મમ્મી બોલી કે કેમ બેટા આટલું બધું હાફી રહી છો,કોઈને ખબર તો નથી પડી ગઈ ને.જો બેટા તું જ્યાં છો એ પરિવાર નાં લોકો તો ખૂબ પ્રેમાળ અને સંસ્કારી છે,એને તારી માં જીવે છે એ ખબર પડે એનો મને કોઈ વાંધો નથી.પરંતુ તારા બાપ ને જાણ થશે તો એ મને મારી નાખશે અથવા તો પહેલા ની જેમ એના વૈભવી પિંજરામાં પૂરીને મારી પર માનસિક અત્યાચાર કરશે....ઓહો!!મમ્મી, તું ચિંતા નાં કર એવું કશું નથી થવાનું કે થશે.બાને ખબર છે કે હું નાની ને મમ્મી કહું છું એટલે એને કશી ખબર પડી નથી.તારે ફોન તાત્કાલિક નાનીને ફોન કરી દેવો પડશે,જેથી નાની ને વાતની ખબર રહે.છોડ એ બધું મમ્મી તારી તબિયત સારી છે ત્યાં બધું બરોબર છે..

નાની કહેતી હતી કે તારુ ભજન મંડળ યુએસ ની હવેલી માં ભજન સંધ્યા માટે જવાનું છે. વાહ!!માં,તું તો વિદેશ પ્રવાસે જઈશ,ત્યાં મને ના ભૂલતી..દીકરીની વાત સાંભળી ને જીલ ની મમ્મી બોલી કે તું તો મારો જીવ છો મારા દીકરા,મારા શરીર માં તારા કારણેજ જીવ ચાલી રહ્યો છે,બેટા..મમ્મીની વાત સાંભળીને જીલ બોલી કે મધર ઈન્ડિયા ના રોલ માંથી બહાર નીકળી જા ને રિયલ લાઈફમાં પાછી ફર,તારો પાસપોર્ટ વગેરે તો રેડી છે. એ તો કહે કે યુએસ માં કોને ત્યાં ભજન મંડળી પર્ફોર્મ કરવાની છે..મમ્મી એ ધીમેથી કહ્યું કે બેટા,સૌરભશેઠ અને માયા બેન એ હવેલીમાં ભાગવત કથા રાખેલ છે એટલે કથા ના અંતે બે ત્રણ દિવસ ભજન સંધ્યા બાદ ગરબા નું આયોજન કરેલ છે.

જીલ એ ખુશ થતા કહ્યું કે અરે!!વાહ સરસ સૌરભકાકા નાનજી નાનાજી ના ખાસ મિત્ર મગનદાદા નાં દીકરા છે.જ્યારે પણ યુએસ થી ચોરવાડ આવે છે ને ત્યારે એ મારી માટે ખૂબ ચોકલેટ્સ અને ગિફ્ટ લઈને આવે છે.મમ્મી એ ધીમેથી કીધું કે હા!!દીકરા,સૌરભભાઈ એ અમારા મંડળ ને ત્યાં આમંત્રણ આપ્યું છે.એતો મારા જીવન ની બધી કથની જાણે છે એમણે જ તારા પપ્પા ના અત્યાચાર માંથી મને છોડાવવા પ્રયત્નો કર્યા હતા. મને માયાભાભી નો સાથ સહકાર વધારે છે.. એમણે તો તારા નાનજી ને કેટલીવાર સમજાવ્યું હતું કે તારા લગ્ન એના દીકરા સારંગ સાથે નક્કી કરે,પરંતુ તારા પપ્પા ના ડરના કારણે એવું એમને સમજાવ્યું કે જમાઈ ને પૂછ્યા વગર ના કરી શકાય

બન્ને માં દીકરી નો ફોન લાંબા સમય સુધી વાતચીત કર્યા બાદ "જય શ્રી કૃષ્ણ" બોલી ફોન કટ કર્યો.મમ્મી સાથે ઘણા દિવસો બાદ વાત કરી ને જીલ એ હસતા હસ્તા બેધ્યાન પણે બંગલા અંદર જવના દાદરા ચડતા હતી એટલે એને સામેથી આવતા નીતિન ના દેખતા જીલ નીતિન સાથે ભટકાઈ ને પાડવા જતી હતી ત્યાં નીતિને એને બન્ને હાથોથી પકડી લીધી.દરવાજે ઉભેલી નેહા એ ફિલ્મી દ્રશ્ય નિહાળતા જ તાળીઓ પાડીને હસવા લાગી ને બોલી કે વાહ!!! રામ મિલાય જોડી આમ જાહેરમાં રોમાન્સ ફરમાવાનું.ભાઈ, લગે રહો મે એટલે તો દીપલ દીદી એ તો જીલ ને ૧૦૦% ભાભી માની લીધી છે.બાકી ઠાકોરજીની મરજી પણ જરૂરી ખરી. નેહા ના શબ્દો કાને પડતાજ નીતિન એકદમ જીલ થી અલગ થઈને બોલ્યો કે નેહા,ધીમું બોલ બધા સાંભળી જશે,તને નથી લાગતું તારી શેતાની વધી રહી છે.હવેથી મારી પાસેથી ૫૦૦રૂપિયા લેવા આવજે.ઓહો!! ભાઈ,ચિંતા ના કરો બે મહિના સુધીનો સ્ટોક છે... જીલ,હળવેથી અલગ થઈને શરમાતા શરમાતા ઘરની અંદર જવાના પગથિયાં ચડવા લાગી.

# વધતા તાપમાનથી જીવન બેહાલ

છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક તાપમાન નવા-નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. આ વર્ષે ભારત સહિત દુનિયાના કેટલાય દેશોમાં જેટલી આકરી ગરમી પડી રહી છે, એનાથી નક્કી લાગે છે કે વર્ષ ૨૦૨૪ માનવ સભ્યતાના ઈતિહાસનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. એ આશંકા એ તમામ ચેતવણીઓનો નિચોડ છે, જેમાં દાવો કરવામાં આવે છે કે જો માણસે ગ્લોબલ વોર્મિંગને અટકાવવા અને જળવાયુ પરિવર્તનની હાલની ચાલને પલટવાની વ્યવસ્થા ન કરી તો બની શકે કે ગરમી માનવ સભ્યતાના વિનાશનું કારણ બની જાય. શું દુનિયાને આ આકરી ગરમીથી છૂટકારો મળી શકે છે કે પછી તે આ જ રીતે વધતી રહેશે? હાલમાં સંપન્ન લોકસભા ચૂંટણીઓ દરમ્યાન દેશના અલગ-અલગ હિસ્સામાં મતદાન દરમ્યાન લોકોનાં ગરમીને કારણે મોતના સમાચારો મળતા હતા. આ તરફ સઉદી અરબમાં હજ કરવા ગયેલા કેટલાક લોકોના મોતનું કારણ પર ભારે ગરમી ગણાવવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુનિયાભરમાં દર વર્ષે કામકાજ દરમ્યાન લગભગ ૧૯ હજાર લોકો માત્ર ગરમીને કારણે માર્યા જાય છે. હાલમાં એવા આંકડા પણ સામે આવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો કે દિલ્હીના મુંગેશપુરમાં પારો ૫૨ ડિગ્રીને પાર કરી ગયો. ગરમીની સિઝનમાં એમ તો શહેર, ગામ, પહાડ, જંગલ - બધી જગ્યાએ સૂરજ પોતાનો પ્રકોપ દેખાડે છે, પરંતુ હાલનાં વર્ષોમાં એ વાત નોંધવામાં આવી છે કે હવે ભારતનાં શહેરો કેટલાક વધારે જ તપવા લાગ્યા છે.



# 'મને એક્ટિંગ સિવાય કશું જ આવડતું નથી': કોમેડિયન સુનીલ ગ્રોવર

મુંબઈ : એક્ટર અને કોમેડિયન સુનીલ ગ્રોવર હાલમાં જ ફિલ્મ 'બ્લેક આઉટ'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેનો રોલ ગ્રે શેડ ધરાવે છે. પોતાની કોમિક ઈમેજથી દૂર જઈને એક અલગ જ રૂપ દેખાડ્યું છે. આ દરમિયાન તેમણે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી હતી. સુનિલે કહ્યું કે હું એક્ટિંગ સિવાય બીજું કંઈ જાણતો નથી. મારી કરિયરનો બેસ્ટ સમય આવવાનો હજુ બાકી છે. આ સિવાય પોતાની ફિલ્મ 'બ્લેક આઉટ' વિશે પણ વાત કરી હતી.

મને નીરજ કોઠારીજીનો ફોન આવ્યો હતો. તેમણે કહ્યું કે આ ફિલ્મના લેખક અબ્બાસ અને હુસૈન દલાલ તમને કંઈક કહેવા માગે છે. પછી જ્યારે હું તેમને મળવા ગયો ત્યારે અબ્બાસ અને હુસૈન સાથે આ વાર્તા લખનાર ડિરેક્ટર દેવાંગ પણ ત્યાં હતા. જ્યારે મેં વાર્તા સાંભળી ત્યારે મને આનંદ થયો. મને લાગ્યું કે મારે આ ફિલ્મ કરવી જોઈએ અને પછી મેં ફિલ્મ માટે સંમતિ આપી. આ આખી ફિલ્મમાં ઘણું સસ્પેન્સ છે. મારા રોલ સાથે પણ કંઈક સસ્પેન્સ જોડાયેલું છે. જેમણે હજુ સુધી આ ફિલ્મ જોઈ નથી, હું ઈચ્છું છું કે તેઓ આવું કરે. જ્યારે મેં સ્ક્રિપ્ટ વાંચતી વખતે એ બધું સસ્પેન્સ વાંચ્યું ત્યારે મને તે ખૂબ ગમ્યું. મને પણ ઘણો પ્રતિસાદ મળ્યો છે કે લોકો મારા રોલને ખૂબ પસંદ કરી રહ્યા છે.

### સાંભળ્યું છે કે તમે જ્યારે શૂટિંગ માટે આવ્યા હતા ત્યારે તમને કોઈ શારીરિક તકલીફ હતી?

શૂટિંગ શરૂ કરતાં પહેલાં મને સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક સમસ્યાઓ હતી, પરંતુ તે સાજા થયા પછી જ મેં શૂટિંગ શરૂ કર્યું. હા, મેં આમાં કેટલાક એક્શન સીન પણ કર્યા છે પરંતુ તે કરવામાં મને બહુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી. બાકી, દિગ્દર્શક દેવાંગ ભાવસાર સાથે કામ કરવાનો અનુભવ ઘણો સારો રહ્યો હતો. મને આ રોલ કરવામાં ખૂબ જ મજા આવી હતી. તેમની સાથે જોડાયેલા લોકો પણ ઘણા સારા છે.

**તમારી પાસે કયા પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે?** : એક વેબ સિરીઝ પણ છે, તેના પર કામ પણ આવતા મહિનાથી શરૂ થવાનું છે. એક ફિલ્મ એવી પણ છે જેનું શૂટિંગ હું જુલાઈમાં શરૂ કરીશ. હું આ સમયે નામ જાહેર કરી શકીશ નહીં.

કપિલ શર્માના શોમાંથી બ્રેક દરમિયાન, શું તમને ક્યારેય 'ચલા લંલન હીરો બને...' ફરી શરૂ કરવાનું મન થયું છે? હું માનું છું કે દરેક વસ્તુનું આયુષ્ય હોય છે. એક સમય એવો હતો જ્યારે હું 'ચલા લંલન હીરો બને' શો કરી રહ્યો હતો. તે સમયે લોકોને તે શો પણ ઘણો પસંદ આવ્યો હતો. તેમાં પણ મેં ઘણા અવતાર લીધા હતા. મેં પોતે પણ આ શોનો ખૂબ આનંદ લીધો. લગભગ બે વર્ષ સુધી મેં તે શો કર્યો. ત્યારપછી મેં એક અલગ જર્ની શરૂ કરી, અલગ-અલગ રોલ કર્યા. જો તે આ જ કામ કરતો રહ્યો હોત, તો તે તેમાંથી કેવી રીતે બહાર આવ્યો હોત? જોકે તે શો કરવામાં ખૂબ જ મજા આવી. જુદા જુદા રોલ ભજવવાની ઘણી મજા આવે છે. હું 5-6 વર્ષ સુધી કપિલ શર્માના શોમાં વ્યસ્ત રહ્યો. આવી સ્થિતિમાં અન્ય પ્રોજેક્ટ કરવા માટે સમય નહોતો. જ્યારે પણ મને વચ્ચે થોડો સમય મળતો ત્યારે હું ફિલ્મો પણ કરતો હતો. પછી જ્યારે મને કોઈ પ્રોજેક્ટ મળે છે, તે વાંચીને મને લાગે છે કે તે કરવામાં મજા આવશે, પછી હું તેના માટે સમય કાઢું છું. અન્ય પ્રોજેક્ટ્સ શું અને કેવી રીતે આવી રહ્યા છે તેના પર પણ તે આધાર રાખે છે. જો મને એક વર્ષમાં 5 સારા પ્રોજેક્ટ મળશે તો હું તે બધા કરીશ.

## ગોપી વહુએ 'વડાપાવ ગર્લ' પર નિશાન સાધ્યું

### બિગ બોસ OTT-3'માં આવતા સ્પર્ધકોને નિશાન બનાવતા કહ્યું, 'તમે રસ્તામાં ઝઘડો કરશો તો શો મળશે'

મુંબઈ :'બિગ બોસ OTT-3' શરૂ થઈ ગયું છે. શોના એક પ્રોમોમાં શોની પ્રથમ કન્ફર્મ થયેલ સ્પર્ધક ચંદ્રિકા દીક્ષિતના નામનું સામે આવ્યું હતું. ચંદ્રિકા દીક્ષિત 'વડાપાવ ગર્લ' તરીકે વધુ જાણીતી છે, જેના ઝઘડાના વીડિયો છેલ્લા ઘણા દિવસોથી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. 'બિગ બોસ 15'ની સ્પર્ધક દેવોલિના ભટ્ટાચાર્યએ શોમાં તેની એન્ટ્રી પર કટાક્ષ કર્યો છે. નોંધનીય છે કે, દેવોલિના ગોપી વહુ તરીકે વધુ જાણીતી છે. દેવોલિના ભટ્ટાચાર્યએ હાલમાં જ એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પોસ્ટ કરીને વડાપાવ ગર્લ પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું છે કે, લોકો મને પૂછતા હતા કે બિગ બોસમાં આવવા માટે શું કરવું પડશે, જ્યાં ઓડિશન આપવાનું છે. તેમના માટે જવાબ છે કે અમારા સમયમાં એવું નહોતું. સમય બદલાયો છે, ભાવનાઓ બદલાઈ છે. વધુમાં લખ્યું, વર્તમાન સ્થિતિને જોતા મને ખાતરી છે કે લોકોએ એક મહિના સુધી રસ્તા પર સતત બૂમો પાડવી જોઈએ અને લડવું જોઈએ. જો તમે મને 1-2 વાર થપ્પડ મારશો તો તમારે પોલીસ સ્ટેશન જવું પડશે, જેનાથી તમારી પ્રસિદ્ધિમાં વધારો થશે. તે પછી તમે તમે આપોઆપ વાઈરલ થઈ જશો. ત્યાં ઘણા માધ્યમો ઉપલબ્ધ છે. તમારા વીડિયો અને ડ્રામા ફરજિયાત બનાવવા માટે બ્લોગર્સને કૉલ કરો. આ બધા પછી જ્યારે લોકો તમારી સાથે દુર્વ્યવહાર કરવા લાગે તો સમજવું કે તમે બિગ બોસમાં સિલેક્ટ થઈ ગયા છો. 'બિગ બોસ OTT-3' 21 જૂનથી શરૂ થઈ ગયું છે. તે Jio સિનેમા પર સ્ટ્રીમ થઈ રહ્યું છે.



પ્રીમિયર પહેલાં જ જિયો સિનેમાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ચંદ્રિકા દીક્ષિત ઉર્ફે વડાપાવ ગર્લની એન્ટ્રીનો એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. પ્રોમોમાં ચંદ્રિકા તેના પર લાગેલા આરોપો પર સ્પષ્ટતા કરતી જોવા મળે છે.

ચંદ્રિકા દીક્ષિત ઉપરાંત ઈનફ્લુએન્સર અરમાન મલિક તેની બે પત્નીઓ પાયલ મલિક અને કૃતિકા મલિક સાથે શોમાં જોવા મળશે. આ સિવાય એક્ટ્રેસ સના મકબૂલ, સના સુલતાના, એક્ટર સાઈ કેતન રાવ, મેક્સટર્ન, લવ કટારિયા, નીરજ ગોયથ, પૌલોમી દાસ, શિવાની કુમારી, દીપક ચૌરસિયા, મનીષા ખટવાણી અને વિશાલ પાંડે પણ આ શોનો ભાગ છે.

## 'રેખામાં એવું શું છે જે મારી પાસે નથી?': હોટલના લેડીઝ રૂમમાં શબાના આઝમીએ મીરા નાયરને આવું કેમ?

મુંબઈ : શબાના આઝમીએ એકવાર મીરા નાયરને ફાઈવ સ્ટાર હોટલના લેડીઝ રૂમમાં રોકી હતી. મીરાએ રેખા સાથે ફિલ્મ 'કામસૂત્ર' કરી હતી, જ્યારે શબાના આઝમીને એક ફિલ્મમાં નાનો રોલ આપવામાં આવ્યો હતો. આ જોઈને શબાના આઝમીએ મીરા નાયરને પૂછ્યું કે રેખામાં એવું શું છે, જે તેનામાં નથી.

વાત એમ છે કે, શબાના આઝમી પોતાની ફિલ્મમાં ફિલ્મ નિર્માતા મીરા નાયર સાથે કામ કરવા માગતી હતી. જોકે તેણે ફિલ્મ 'ધ રિલક્ટન્ટ ફન્ડામેન્ટલિસ્ટ'માં કામ કર્યું હતું, પરંતુ તેમાં હોલિવૂડના બીજા ઘણા સ્ટાર્સ હતા. શબાના આઝમીનો રોલ ઘણો નાનો હતો. શબાના આઝમી હજુ રાહ જોઈ રહી છે કે તેને મીરા નાયર સાથે કામ કરવાની તક ક્યારે મળશે. શબાના આઝમીએ ન્યૂયોર્ક ફિલ્મ ફેસ્ટિવલમાં મીરા નાયર સાથેની વાતચીત દરમિયાન એક રમૂજી ઘટના સંભળાવી, જ્યારે તેમણે ફાઈવ સ્ટાર હોટલના વોશરૂમમાં મીરા નાયરની પાછળ જઈને ફિલ્મ વિશે વાત કરવાનું શરૂ કર્યું. મીરા નાયરે શબાના આઝમીને તેમની પાંચ દાયકા લાંબી કારકિર્દીમાં જેમની સાથે કામ કર્યું છે તે યાદગાર દિગ્દર્શકોના નામ આપવા કહ્યું હતું.

શબાના આઝમીએ મીરા નાયરને ફરિયાદ કરી હતી તેના જવાબમાં શબાના આઝમીએ કહ્યું, 'મને એવા ડિરેક્ટર સામે ફરિયાદ છે જેની સાથે હું ઘણા વર્ષોથી વાત કરી રહી છું અને કહી રહી છું કે આપણે સાથે કામ કરવું જોઈએ. અને અંતે, તે મને એક નાનકડો રોલ આપે છે, જે અમારા સંબંધ અથવા મારામાંના તેના વિશ્વાસને ન્યાય આપતી નથી, અને તે મારી બાજુમાં બેઠેલી સ્ત્રી(મીરા નાયર) છે.' મીરા નાયરે શબાનાના લેડીઝ રૂમની વાર્તા સંભળાવી આ સાંભળીને મીરા નાયર હસ્યા અને પછી કહ્યું, 'હું પહેલીવાર શબાનાને મળી જ્યારે તે મારી પાછળ જુહુની એક ફાઈવ સ્ટાર હોટેલમાં લેડીઝ રૂમમાં આવી અને પૂછ્યું, 'રેખા પાસે એવું શું છે જે મારી પાસે નથી?

## એક્ટરોની વધતી ડિમાન્ડ અંગે અનુરાગે કર્યો ખુલાસો

### બોલ્યો, 'એક્ટરે હેલ્ધી ડાયટના નામે દરરોજ 2 લાખ ફી લેનાર શેફની ડિમાન્ડ કરી'

મુંબઈ : છેલ્લાં ઘણા સમયથી એક્ટરોની વધેલી ફી ચર્ચામાં છે. કલાકારોની ફી વધવાને કારણે ફિલ્મનું બજેટ પણ વધી જાય છે, આવી સ્થિતિમાં દિગ્દર્શકોએ અન્ય કલાકારોના પૈસા કાપવા પડે છે. આ સિવાય કલાકારોની મનગમતી ડિમાન્ડ પણ ચર્ચામાં છે. કરન જોહર અને ફરાહ ખાન બાદ હવે અનુરાગ કશ્યપે આ પ્રકારની ડિમાન્ડનો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું છે કે એક એક્ટરે તેની ફિલ્મ કરવા માટે એક શેફની ડિમાન્ડકરી હતી, જે દરરોજ રસોઈ બનાવવા માટે 2 લાખ રૂપિયા લેતો હતો.



અનુરાગ કશ્યપે જેનિસ સિક્વેરાને આપેલા ઈન્ટરવ્યૂમાં કોઈનું નામ લીધા વગર કલાકારોની ડિમાન્ડનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું, 'મેં સાંભળેલી અત્યાર સુધીની સૌથી ખરાબ ડિમાન્ડ એ છે કે એક્ટરે મને કહ્યું કે એક શેફ છે જે દરરોજ રસોઈ બનાવવા માટે 2 લાખ રૂપિયા ચાર્જ કરે છે, જ્યારે ફૂડને જોયા પછી મને વિચાર આવ્યો કે આ ખોરાક છે કે પક્ષીઓના દાણા. આટલું ઓછું. એક્ટરોનું અનુકરણ કરતાં અનુરાગ કશ્યપે કહ્યું હતું કે, 'મને થોડી સ્વાસ્થ્ય સમસ્યા હતી. હું તો ફક્ત આ જ ખાવ છું.

વધુમાં કહ્યું, 'આમાં નિર્માતાઓ અને તેમના એજન્ટોની ભૂલ છે. મને સમજાતું નથી કે નિર્માતા સેટ પર આ બધું કેમ થવા દે છે. મારા સેટ પર આવું થતું નથી. અનુરાગે એમ પણ કહ્યું છે કે કેટલાક હેર અને મેકઅપ આર્ટિસ્ટ રોજના 75 હજાર રૂપિયા લે છે. તેમની ફી ટેકનિશિયન કરતા વધુ છે. તેમણે કહ્યું છે કે જો તે પોતે હેર કે મેકઅપ આર્ટિસ્ટ હોત તો વધુ અમીર હોત. કલાકારોની ફી અને માગણીઓ પર ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે. હાલમાં જ ફિલ્મ એસોયેએશને પણ એક બેઠક યોજીને સ્ટાર્સની વધતી ફી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ દરમિયાન નવાઝુદ્દીન સિદ્દીકીએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, 'ઘણી બિનજરૂરી ડિમાન્ડ છે જે કલાકારો કરે છે. તેઓને તમામ લકઝુરી જોઈએ.



## સોનાક્ષીના લગ્ન સમયે જ શત્રુઘ્નનું જૂનું નિવેદન વાઇરલ :'અમારે દીકરો જોઈએ'

### જમાઈ નહીં : ઘરમાં સાથે રહેવાની પણ ઈચ્છા વ્યક્ત કરી'


મુંબઈ : એક્ટ્રેસ સોનાક્ષી સિંહા 23 જૂને એક્ટર ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરવા જઈ રહી છે. આ દરમિયાન શત્રુઘ્ન સિંહાનો એક જૂનો ઈન્ટરવ્યૂ વાઈરલ થયો છે, જેમાં તેમણે કહ્યું હતું કે તેઓ તેમના જમાઈ તરીકે બીજો પુત્ર ઈચ્છે છે. શત્રુઘ્ને કહ્યું કે લગ્ન પછી તે સોનાક્ષીના પતિને પોતાની સાથે રાખશે. જ્યારથી સોનાક્ષીના લગ્નના સમાચાર સામે આવ્યા છે ત્યારથી એવી ચર્ચા હતી કે સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિંહા અને પરિવારના બાકીના સભ્યો આ લગ્નથી ખુશ નથી. હવે શત્રુઘ્ને આ બધી અફવાઓ પર પૂર્ણવિરામ મૂક્યું છે.

ગયા ગુરુવારે શત્રુઘ્ન ભાવિ જમાઈ ઝહીર ઈકબાલ સાથે જોવા મળ્યો હતો. બંનેએ સાથે પાપારાઝી માટે પોઝ પણ આપ્યા હતા. આ દરમિયાન સોનાક્ષીની માતા પૂનમ સિંહા પણ જોવા મળી હતી.

2011માં એક ઈન્ટરવ્યૂમાં સિમી ગરેવાલે શત્રુઘ્નને પૂછ્યું હતું કે તેમને કેવો જમાઈ જોઈએ છે. જેના પર દિગ્ગજ એક્ટરે જવાબ આપ્યો હતો કે એક દિવસ સોનાક્ષી લગ્ન કરીને તેમના સાસરે જશે. હા, મોકો મળશે તો જમાઈ નહીં પણ જમાઈ તરીકે દીકરા લાવીશું. જે અમારી સાથે રહેશે. ત્યારબાદ તેમણે સોનાક્ષીને મેસેજ કર્યો અને કહ્યું- સોનાક્ષી, હું તને ખૂબ પ્રેમ કરું છું. અમે હંમેશા તમારી સાથે છીએ. હું તારા માટે બેસ્ટ પિતા છું.

આ ઈન્ટરવ્યૂમાં સોનાક્ષીની માતા પૂનમ પણ હાજર હતી. સોનાક્ષીના લગ્ન વિશે તેનું આ કહેવું હતું - હું હંમેશા કહું છું કે સોનાક્ષીનો પતિ એવો હોવો જોઈએ જે તેને સૌથી વધુ પ્રેમ કરે. વાતચીત દરમિયાન શત્રુઘ્ને કહ્યું હતું કે સોનાક્ષી ખૂબ જ ભાવુક છે. શેવિંગ કરતી વખતે શત્રુઘ્નને ઈજા થાય તો પણ તે રડવા લાગે છે. સોનાક્ષી સિન્હા 23 જૂને એક્ટર ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરવા જઈ રહી છે. બંને પહેલાં રજિસ્ટર્ડ મેરેજ કરશે. ત્યાર બાદ તે જ દિવસે સાંજે મુંબઈના દાદરમાં બાસ્ટન રેસ્ટોરાંમાં રિસેપ્શન પાર્ટી હશે. સોનાક્ષી અને ઝહીર 7 વર્ષથી રિલેશનશિપમાં છે. બંનેની પહેલી મુલાકાત સલમાન ખાનની એક પાર્ટીમાં થઈ હતી. થોડા સમયની મિત્રતા પછી બંને વચ્ચે સંબંધ બંધાઈ ગયો.

## રણવીર સિંહે લૂક બદલ્યો, બ્રહ્માસ્ત્ર ટૂની તૈયારી હોવાનો સંકેત



મુંબઈ : રણવીર સિંહે પોતાનો લૂક બદલી નાખ્યો છે. ચાહકો તેના આ નવા લૂકને વખાણી રહ્યા છે. પરંતુ, સાથે સાથે તે 'બ્રહ્માસ્ત્ર ટૂ'મા દેવની ભૂમિકાની તૈયારી કરી રહ્યો હોવાની અટકળ પણ તેના બદલાયેલા લૂકના આધારે વ્યક્ત કરી રહ્યા છે.

અયાન મુખર્જીએ બ્રહ્માસ્ત્રના ત્રણ ભાગ બનાવવાની જાહેરાત કરી હતી. દર્શકો હવે બીજા ભાગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. બીજા ભાગનું શૂટિંગ ૨૦૨૫માં શરુ થઈ રહ્યાના અહેવાલો હતા પરંતુ તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ફિલ્મની કાસ્ટ અંગે પણ હજુ કોઈ ઘોષણા કરાઈ નથી. ફિલ્મના પહેલા ભાગમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ મુખ્ય રોલમાં હતા. હવે બીજા ભાગમાં રણવીરની મુખ્ય ભૂમિકા હશે તેમ મનાય છે.



## જેઠાલાલ ક્યારેય કપડાં રિપીટ નથી કરતા: ઈટાલીથી ફેબ્રિક આવે, સેટ પર હજારો કપડાંનો સ્ટોક; ટીવી શોમાં માત્ર કપડાં પાછળ જ કરોડોનો ધુમાડો

મુંબઈ : દરરોજ એક ચોક્કસ સમયે આપણે કોઈ સિરિયલ જોવા માટે ટીવીની સામે ગોઠવાઈ જઈએ છીએ. તેમાં આપણે સિરિયલોની ભવ્યતા જોઈ હશે. આજે આપણે જાણીશું કે આ ભવ્યતા માટે મોંઘા સેટ, પ્રખ્યાત સ્ટાર કાસ્ટ, આકર્ષક સ્ક્રિપ્ટ અને ભારે કોસ્ચ્યુમ જવાબદાર હોય છે. શોનું મોટાભાગનું બજેટ કોસ્ચ્યુમ પાછળ ખર્ચવામાં આવે છે. શોમાં એક્ટરો કેવા કપડાં પહેરશે તે શોના ડિરેક્ટર, ક્રિએટિવ ડિરેક્ટર અને ચેનલ સાથે જોડાયેલા લોકો નક્કી કરે છે. આ માટે કોસ્ચ્યુમ ડિઝાઈનરોને પણ રાખવામાં આવે છે. કોસ્ચ્યુમ ડિઝાઈનર્સ ઓન બોર્ડ હોય છે, પછી શોના રોલ વિશે બ્રીફ આપવામાં આવે છે. આ જ બ્રીફ અનુસાર, કોસ્ચ્યુમ ડિઝાઈનર દરેક રોલ માટે કપડાં તૈયાર કરે છે.

આ અઠવાડિયે રીલ ટુ રિયલમાં, અમે પોશાકની પસંદગી, પડકારો, બજેટ અને ટીવી સિરિયલોમાં ડિઝાઈનરની ભૂમિકા વિશે વાત કરી. આ માટે અમે સિરિયલ 'કૃષ્ણા મોહિની'ના સેટ સહિત ઘણા સ્થળોએ પહોંચ્યા હતા. ત્યાં રહેલાં કોસ્ચ્યુમ ડિઝાઈનર પાર્થો ઘોષાલે અમને કેટલીક રસપ્રદ વાતો જણાવી હતી. પાર્થોએ કહ્યું કે, સામાન્ય રીતે ટીવી શોમાં કોસ્ચ્યુમ પાછળ દર મહિને 10 લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થાય છે. શો લાંબા સમય સુધી ચાલતા હોવાથી તેમનું બજેટ કરોડોમાં જાય છે.

આ ઉપરાંત, અમે કોસ્ચ્યુમ ડિઝાઈનર જીતુ લાખાણી સાથે પણ વાત કરી, જેઓ પ્રખ્યાત ટીવી પાત્ર જેઠાલાલ (દિલીપ જોષી) ના કપડાં ડિઝાઈન કરે છે. તેમણે જણાવ્યું કે સ્ક્રીન પર સામાન્ય દેખાતા જેઠાલાલના કપડાં માટેનું ફેબ્રિક ઈટાલીથી આયાત કરવામાં આવે છે. લોકો ઓર્ડર પણ આપે છે અને જેઠાલાલ જેવા કપડાં પણ ખરીદે છે.

### છેલ્લી ક્ષણે કપડાં ઢીલા અથવા ટાઈટ થવા લાગે છે

ક્યારેક એવું બને છે કે શૂટિંગ દરમિયાન કપડાં ઢીલા અથવા ટાઈટ થઈ જાય છે, આ કિસ્સામાં દરજીની મદદથી કપડાંને તરત જ બદલી નાખવામાં આવે છે. 'ક્રિષ્ના મોહિની' ટીવી સીરિયલની એક્ટ્રેસ દેબાત્માએ કહ્યું, 'ક્યારેક અમને આપવામાં આવેલા કપડાં અમને સમજાતા નથી. તેમને છેલ્લી ક્ષણે બદલવાની જરૂર પડે છે.'

ટીવી શોનાં પાત્રો માટે કપડાં બનાવવાની પ્રથમ પ્રક્રિયા શું છે? પાર્થોએ કહ્યું, 'પ્રથમ અમને શોના નિર્દેશક દ્વારા તમામ પાત્રો વિશે બ્રીફ કરવામાં આવે છે. પછી અમે સ્ક્રિપ્ટ સાથે લેખક સાથે બેસીએ છીએ. હવે ધારો કે શોમાં એક એવું પાત્ર છે જે આર્થિક રીતે સક્ષમ નથી અથવા આપણે કહી શકીએ કે શોમાં તેને ગરીબ બતાવવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં તેના ડ્રેસને ડિઝાઈન કરતી વખતે બે-ત્રણ બાબતોનું ધ્યાન રાખવું પડે છે. સૌપ્રથમ, તે ડ્રેસને એવી રીતે બનાવો કે તે નવો ન લાગે. તેમાં વધારે ચમક ન હોવી જોઈએ. વણાટ એવું હોવું જોઈએ કે એવું લાગે કે કાપડ ઘણા વર્ષો જૂનું છે.'

**ધાર્મિક અને પૌરાણિક ટીવી શો માટે કોસ્ચ્યુમ બનાવવું એ સૌથી પડકારજનક** : પાર્થોએ કહ્યું કે, પૌરાણિક શો માટે કલાકારો માટે કપડાં તૈયાર કરવા એ સૌથી પડકારજનક છે. ઘણી બધી ડીટેઈલિંગ કરવાની થાય છે. આ મામલો ધર્મ સાથે જોડાયેલો હોવાથી પહેલાં રોલ પર ઘણું સંશોધન કરવામાં આવે છે. અભ્યાસ પણ થાય છે. જો ભગવાન વિષ્ણુ પર કોઈ શો બનાવવામાં આવી રહ્યો છે, તો અમારે પહેલા તેમના લૂક વિશે સંશોધન કરવું પડશે. શોના ડિરેક્ટર સાથે લાંબી ચર્ચા કરવી પડે છે કે, તેના કેરેક્ટરને કયો ડ્રેસ સુટ કરશે. શું પાત્રો ટીવી શોમાં કપડાંનું પુનરાવર્તન કરે છે? પાર્થોએ કહ્યું, 'શોમાં જ્યાં એક મધ્યમવર્ગીય પરિવારની વાર્તા બતાવવામાં આવી હોય છે, ત્યાં કપડાંનું પુનરાવર્તન થાય છે. આ એટલા માટે છે કે દર્શકોને શો પ્રસ્તુત લાગે . જ્યારે કોઈ શોમાં થોડી રોયલ્ટી બતાવવાની હોય ત્યાં કપડાંનું પુનરાવર્તન થવાની શક્યતા ઘણી ઓછી હોય છે.

**'જેઠાલાલના કપડાં 16 વર્ષમાં ક્યારેય રિપીટ થયાં નથી'** : અમે મુંબઈના બોરીવલીમાં ડિઝાઈનર જીતુ લાખાણીના સ્ટોર પર પહોંચ્યા. અહીં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના પ્રખ્યાત પાત્ર જેઠાલાલના કપડાં ડિઝાઈન કરવામાં આવ્યા છે. જીતુ લાખાણી લગભગ 16 વર્ષથી જેઠાલાલ એટલે કે દિલીપ જોશી માટે કપડાં બનાવે છે. આ 16 વર્ષમાં જેઠાલાલના કપડાં રિપીટ થયા નથી. તે કપડાં સામાન્ય લાગે છે, પરંતુ તેના ફેબ્રિક ઈટાલીથી આયાત કરવામાં આવે છે. જીતુ લાખાણીના નાના ભાઈ રોહિત લાખાણીએ જણાવ્યું કે, 'દેશ-વિદેશથી લોકો તેને ફોન કરે છે અને જેઠાલાલ જેવા કપડાં બનાવવાનો ઓર્ડર આપે છે.'પાર્થો ઘોષાલે જણાવ્યું કે, 'કોસ્ચ્યુમ ડિઝાઈનરને કપડાં બનાવવા માટે બહુ ઓછો સમય મળે છે. કેટલીક વાર અમને ફક્ત એક જ દિવસમાં કપડાં તૈયાર કરવાનું કહેવામાં આવે છે.' પાર્થો અમને એક રૂમમાં લઈ ગયો. લગભગ 3 હજાર કપડાં ત્યાં રાખવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ તમામ કપડાં કલાકારોને પહેરવા માટે રાખવામાં આવ્યા છે. કપડાં ઉપરાંત શૂઝ અને જ્વેલરી પણ રાખવામાં આવી હતી. શૂટિંગ સમયે અહીંથી કપડાં અને શૂઝ બહાર કાઢીને કલાકાર સુધી પહોંચાડવામાં આવે છે. કપડાંની જાળવણી ઉપર પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે. મહિનામાં એક કે બે વાર કપડાંને બહાર કાઢવામાં આવે છે અને લોન્ડ્રી માટે મોકલવામાં આવે છે. કેટલાક કપડાં એવા હોય છે જે વારંવાર ધોઈ શકતા નથી, તેથી તેને સ્ટ્રિમ કરવામાં આવે છે જેથી તે નવા અને ફ્રેશ જ જોવા મળે છે. આપણે ઘણીવાર જોયું હશે કે ટીવી સિરિયલોમાં કલાકારો ખૂબ જ હેવી ડ્રેસ પહેરેલા જોવા મળે છે. ખાસ કરીને મહિલા કલાકારોમાં આ ગેટઅપ જોવા મળે છે. જો કે, તેઓ અસલમાં જેટલા દેખાય છે તેટલા ભારે નથી. તેમને બનાવવા માટે ખૂબ જ હળવા અને આરામદાયક કાપડનો ઉપયોગ કરવામાં આવે છે. અમે પાર્થોને પૂછ્યું કે તે એક્ટરોને ભારે કપડાં પહેરવા માટે કેવી રીતે સમજાવે છે? જવાબમાં તેમણે કહ્યું, 'લગ્નનો સીન દરેક ફંક્શનમાં ચોક્કસથી ફિલ્માવવામાં આવે છે. જેમાં ખાસ કરીને મહિલા કલાકારો લહેંગામાં જોવા મળે છે. આ લહેંગા ભારે હોય છે. આ સ્થિતિમાં અમે લહેંગા અથવા સાડી માટે હળવા ફેબ્રિકનો ઉપયોગ કરીએ છીએ, જેના કારણે પહેરવામાં કોઈ સમસ્યા નથી થતી.'

# શું વરસાદના કારણે ભારત ફાઈનલ રમી શકશે નહીં?:સેમિફાઈનલમાં ભારે વરસાદની શક્યતા



## સુપર-8માં ત્રણેય જીતીને ટોપ રહેવું પડશે; બાકી ટીમ બહાર ફેંકાશે

એજન્સી નવી દિલ્હી તા 22

ટીમ ઈન્ડિયાએ T-20 વર્લ્ડ કપમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે સુપર-8માં ત્રણેય મેચ જીતવી પડશે. પ્રથમ મેચમાં અફઘાનિસ્તાનને હરાવીને ટીમ આજે રાત્રે 8 વાગ્યાથી બાંગ્લાદેશ સામે ટકરાશે. ભારતની ત્રીજી અને છેલ્લી મેચ ઓસ્ટ્રેલિયા સામે રમાશે. ટીમ ઈન્ડિયાએ સુપર-8માં ત્રણેય મેચ જીતવી પડશે કારણ કે ભારતની સેમિફાઈનલ 27 જૂને ગયાનામાં રમાશે. ત્યાં વરસાદની સંભાવના વધારે છે, મેચ માટે કોઈ રિઝર્વ ડે નથી. તેનો અર્થ એ છે કે, જો સેમિફાઈનલ રદ કરવામાં આવે છે, તો ફક્ત તે ટીમ જ ફાઈનલમાં પહોંચશે જે ગ્રૂપની તમામ મેચો જીતીને પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર હશે. જાણો ભારતનો સેમિફાઈનલનો રસ્તો અને તમામ સમીકરણો... ભારતે અફઘાનિસ્તાનને હરાવ્યું, આજે બાંગ્લાદેશ સામે ટકરાશે બાર્બાડોસની મુશ્કેલ પિચ પર ભારતે અફઘાનિસ્તાનને 47 રનથી હરાવ્યું હતું. મોટી જીત સાથે ટીમ ઈન્ડિયાએ પોતાનો રન રેટ વધારીને 2.35 કરી દીધો છે, પરંતુ ટીમ ગ્રૂપ-1ના પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે. કારણ કે ઓસ્ટ્રેલિયાએ તેની પ્રથમ મેચમાં DLS પદ્ધતિ હેઠળ બાંગ્લાદેશને 28 રનથી હરાવ્યું હતું. ટીમનો વિજય માર્જિન ભારત કરતાં ઓછો હતો, પરંતુ DLS પદ્ધતિને કારણે રન રેટ વધુ સારો બન્યો હતો. ઓસ્ટ્રેલિયા 2.47 રન રેટ સાથે ટેબલમાં નંબર વન પર છે. ભારતની બીજી મેચ આજે બાંગ્લાદેશ સામે એન્ટીગુઆમાં રાત્રે 8 વાગ્યે રમાશે. ભારતે બાંગ્લાદેશ સામે 13 T20 રમી, 12 જીત્યા અને માત્ર એક હાર્યું. એટલે કે આજે ભારત સુપર-8માં સતત બીજી મેચ જીતી શકે છે. આ જીત સાથે ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ટોપ પર પહોંચી જશે. જો કે, કાંગારૂ ટીમની આજે સવારે 6 વાગ્યાથી તેની બીજી મેચ છે, તેને મોટા અંતરથી જીતીને તે ફરીથી ટોચ પર આવી શકે છે. ભારત સુપર-8માં 2 મેચ જીતીને પણ સેમિફાઈનલમાં જગ્યા બનાવી શકે છે, કારણ કે આ સ્થિતિમાં બાંગ્લાદેશ 2 મેચ હારી જશે અને જો આવતીકાલે ઓસ્ટ્રેલિયા પણ તેની બીજી મેચ જીતી જશે તો અફઘાનિસ્તાનની પણ બીજી હાર થશે. આનો અર્થ એ થયો કે બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની ટીમ સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ જશે, કારણ કે છેલ્લી મેચ જીત્યા બાદ પણ બંને 4 પોઈન્ટ સુધી પહોંચી શકશે નહીં. જ્યારે ભારત અને ઓસ્ટ્રેલિયાના 4-4 પોઈન્ટ હશે.

સેન્ટ લુસિયામાં 24 જૂને સુપર-8ના ગ્રૂપ-1માં ભારત અને ઓસ્ટ્રેલિયા સામસામે ટકરાશે. જો વર્તમાન પરિસ્થિતિ પર નજર કરીએ તો બંને ટીમ 2-2 મેચ જીત્યા બાદ આ મેચ રમશે. એટલે કે સેન્ટ લુસિયામાં જે પણ ટીમ જીતશે તે ગ્રૂપ-1માં પ્રથમ સ્થાન મેળવશે. જ્યારે, હારનાર ટીમ બીજા સ્થાને રહીને સેમિફાઈનલમાં પ્રવેશ કરશે.સુપર-8માં આઠ ટીમને 4-4ના બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. ગ્રૂપ-1માં ભારત, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ છે. જ્યારે ગ્રૂપ-2માં ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા છે. બંને ગ્રૂપના પોઈન્ટ્સ ટેબલમાં ટોપ-2 સ્થાન મેળવનારી ટીમ સેમિફાઈનલ રમશે. સેમિફાઈનલમાં ગ્રૂપ-1ની ટોપર ટીમનો મુકાબલો ગ્રૂપ-2ની બીજા સ્થાને રહેલી ટીમ સાથે થશે. તેવી જ રીતે, બીજી સેમિફાઈનલમાં, ગ્રૂપ-2માં પ્રથમ સ્થાને રહેલી ટીમનો મુકાબલો ગ્રૂપ-1માં બીજા સ્થાને રહેલી ટીમ સાથે થશે. નંબર વન બનીને સેમિફાઈનલમાં પહોંચવું કેમ મહત્વનું?

સૌ પ્રથમ, ગ્રૂપમાં ટોચ પર રહેવું મહત્વપૂર્ણ છે જેથી આપણે બીજા ગ્રૂપની નબળી ટીમ એટલે કે બીજા સ્થાને રહેલી ટીમ સાથે સ્પર્ધા કરી શકીએ. અને બીજું કારણ ICC નિયમો છે. ICC એ ટુર્નામેન્ટ પહેલાં જ નક્કી કર્યું હતું કે જો સેમિફાઈનલ વરસાદને કારણે રદ થશે તો સુપર-8 પોઈન્ટ્સ ટેબલમાં પહેલું સ્થાન મેળવનારી ટીમને વિજેતા માનવામાં આવશે.ICCએ ટુર્નામેન્ટ પહેલાં જ નક્કી કર્યું હતું કે જો ભારત સેમિફાઈનલમાં પહોંચશે તો મેચ ગુયાનામાં યોજાશે. આ મેચ 27 જૂને ભારતીય સમય અનુસાર રાત્રે 8 વાગ્યે શરૂ થશે. આ માટે કોઈ રિઝર્વ ડે રાખવામાં આવ્યો નથી, કારણ કે વેસ્ટ ઈન્ડિઝના સમય અનુસાર મેચ સવારે 10:30 વાગ્યે શરૂ થશે.જો ભારતની સેમિફાઈનલમાં વરસાદ પડે છે, તો 250 મિનિટનો વધારાનો સમય એટલે કે 4 કલાક, 10 મિનિટ રહેશે. આમાં, જો બંને ટીમ વચ્ચે 10-10 ઓવરની રમત પણ શક્ય નથી, તો મેચ રદ કરવામાં આવશે.

આ સ્થિતિમાં સુપર-8 ગ્રૂપની ટોપર ટીમ ફાઈનલ રમશે.27 જૂને ગુયાનામાં વરસાદની 70% શક્યતા છે, એટલે કે જો ભારત સેમિફાઈનલમાં તેની સ્થિતિ મજબૂત કરવા માગે છે, તો ટીમને ગ્રૂપ-1માં ત્રણેય મેચ જીતવી પડશે અને પોઈન્ટ્સમાં ટોચ પર રહેવું પડશે. ટેબલમાં જો ઓસ્ટ્રેલિયા અથવા બાંગ્લાદેશ સામે હાર્યા બાદ ટીમ ઈન્ડિયા બીજા સ્થાને રહે છે અને આ વરસાદની સ્થિતિમાં સેમિફાઈનલ રદ થઈ જાય છે તો ભારત ફાઈનલમાં પહોંચી શકશે નહીં.

# અમેરિકા સેમિફાઈનલની રેસમાંથી બહાર:વેસ્ટ ઈન્ડીઝે 9 વિકેટે હરાવ્યું



એજન્સી નવી દિલ્હી તા 22

ICC T-20 વર્લ્ડ કપ 2024 સુપર-8ની છઠ્ઠી મેચમાં વેસ્ટ ઈન્ડીઝે અમેરિકાને 9 વિકેટે હરાવ્યું છે. બાર્બાડોસના કેન્સિંગ્ટન ઓવલ સ્ટેડિયમમાં શનિવારે વેસ્ટ ઈન્ડીઝે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો અને અમેરિકાને 19.5 ઓવરમાં 128 રનમાં આઉટ કરી દીધી. જવાબમાં વેસ્ટ ઈન્ડીઝે 10.5 ઓવરમાં એક વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. વેસ્ટ ઈન્ડીઝ તરફથી શાઈ હોપે 39 બોલમાં 82* રનની ઈનિંગ રમી હતી. નિકોલસ પૂરને 12 બોલમાં 27* રન બનાવ્યા હતા. અમેરિકા તરફથી એકમાત્ર વિકેટ હરમીત સિંહને મળી હતી. આ જીત સાથે જ વેસ્ટ ઈન્ડીઝે સેમિફાઈનલની આશા જીવંત રાખી છે. હવે તેમનો મુકાબલો સાઉથ આફ્રિકા સામે છે. સા. આફ્રિકા આ વર્લ્ડ કપમાં હજુ સુધી હાર્યું નથી. તો બીજી તરફ પહેલીવાર T20 વર્લ્ડ કપ રમી રહેલી એસોસિયેટ નેશન એવી અમેરિકાની ટીમ ટૉપ-4ની રેસમાંથી બહાર થઈ ગઈ છે.

અગાઉ, અમેરિકા તરફથી એન્ડ્રીસ ગૌસે 29, નીતિશ કુમારે 20, મિલિંદ કુમારે 19 અને અલી ખાને 14 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડીઝ તરફથી આન્દ્રે રસેલ અને રોસ્ટન ચેઝે 3-3 વિકેટ ઝડપી હતી. અલ્ઝારી જોસેફે 2 વિકેટ લીધી હતી. ગુડાકેશ મોતીને એક વિકેટ મળી હતી. મિલિંદ કુમાર રન આઉટ થયો હતો. વેસ્ટ ઈન્ડીઝની ટીમ બે વખત T-20 વર્લ્ડ કપનો ખિતાબ જીતી ચૂકી છે. અમેરિકા પ્રથમ વખત વર્લ્ડ કપ રમી રહ્યું છે. ભારતીય મૂળના હરમીત સિંહે અમેરિકન ટીમને પ્રથમ સફળતા અપાવી. વેસ્ટ ઈન્ડિઝની પ્રથમ વિકેટ 67 રનના સ્કોર પર પડી હતી. હરમીતે વેસ્ટ ઈન્ડિઝના ઓપનર જોન્સન ચાર્લ્સને 7મી ઓવરના છેલ્લા બોલ પર મિલિંદ કુમારના હાથે કેચ આઉટ કરાવીને પેવેલિયન મોકલ્યો હતો. જોન્સને 14 બોલનો સામનો કર્યો અને 15 રન બનાવ્યા. ચાર્લ્સ અને શાઈ હોપ વચ્ચે પ્રથમ વિકેટ માટે 67 રનની ભાગીદારી થઈ હતી.

# આ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાની સતત પાંચમી જીત મેળવી

એમેરિકા તા 22



ICC T-20 વર્લ્ડ કપની ચોથી સુપર-8 મેચમાં ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને 28 રને હરાવ્યું. એન્ટીગુઆના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બાંગ્લાદેશે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 140 રન બનાવ્યા અને ઓસ્ટ્રેલિયાને 141 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 11.2 ઓવર પછી 2 વિકેટના નુકસાન પર 100 રન બનાવ્યા હતા ત્યારે વરસાદને કારણે રમત બંધ કરવામાં આવી હતી. જે બાદમાં મેચ રમાઈ શકી નહોતી અને ઓસ્ટ્રેલિયાએ DLS પદ્ધતિથી મેચ 28 રને જીતી લીધી હતી. મેચમાં હેટ્રિક સહિત ત્રણ વિકેટ ઝડપતા પેટ કમિન્સને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કર્યો હતો. કમિન્સ T20 વર્લ્ડ કપમાં હેટ્રિક વિકેટ લેનારો બીજો ઓસ્ટ્રેલિયન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે આ મેચમાં હેટ્રિક વિકેટ લીધી છે. કમિન્સ T20 વર્લ્ડ કપમાં હેટ્રિક વિકેટ લેનારો વિશ્વનો સાતમો બોલર બન્યો છે. કમિન્સ આ સિદ્ધિ હાંસલ કરનાર બીજો ઓસ્ટ્રેલિયન છે. તેની પહેલાં બ્રેટ લીએ 2007 વર્લ્ડ કપમાં આ સિદ્ધિ મેળવી હતી. અગાઉ, બાંગ્લાદેશ તરફથી કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ સૌથી વધુ 41 રન બનાવ્યા હતા. તેના સિવાય તૌહીદ હૃદયે 40 રનની ઈનિંગ રમી હતી. આ બંને સિવાય બાંગ્લાદેશનો અન્ય કોઈ ખેલાડી મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન પેટ કમિન્સે ત્રણ વિકેટ ઝડપી હતી. આ તેની હેટ્રિક વિકેટ હતી. એડમ ઝામ્પાએ 2 હિટ લીધી. મિચેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઈનિસ અને ગ્લેન મેક્સવેલને 1-1 વિકેટ મળી હતી.

# ટીમ ઈન્ડિયા નવેમ્બરમાં આફ્રિકાના પ્રવાસે જશે:4 T-20 મેચની શ્રેણી રમાશે



એજન્સી નવી દિલ્હી તા 22

BCCI અને સાઉથ આફ્રિકા ક્રિકેટ બોર્ડ (CSA)એ પુષ્ટિ કરી છે કે નવેમ્બરમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે 4 મેચની T20 શ્રેણી રમાશે. આ શ્રેણીની પ્રથમ T20 મેચ 8 નવેમ્બરે કિંગ્સમીડ સ્ટેડિયમમાં રમાશે. ક્રિકેટ બોર્ડ ઓફ સાઉથ આફ્રિકા (CSA) અને બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઈન્ડિયા (BCCI)એ શુક્રવારે એક સંયુક્ત નિવેદનમાં આની જાહેરાત કરી હતી.

બંને દેશોના ક્રિકેટ બોર્ડના નિવેદન મુજબ, ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે 8 નવેમ્બરથી ડરબનના કિંગ્સમીડ સ્ટેડિયમમાં T20 શ્રેણી શરૂ થશે. ત્યારબાદ 10 નવેમ્બરે ગકબરહામાં બીજી T20 મેચ. ત્રીજી ટી20 મેચ 13 નવેમ્બરે સેન્ચુરિયનમાં અને ચોથી અને અંતિમ T20 મેચ 15 નવેમ્બરે જોહાનિસબર્ગમાં રમાશે. BCCI અને વર્લ્ડ ક્રિકેટનો આભાર માનવા ઈચ્છું છું: લોસન નાયડુ ક્રિકેટ સાઉથ આફ્રિકાના ચેરપર્સન લોસન નાયડુએ એક નિવેદનમાં કહ્યું, 'હું BCCI અને વિશ્વ ક્રિકેટને દક્ષિણ આફ્રિકાના ક્રિકેટને સતત સમર્થન આપવા બદલ આભાર માનું છું. ભારતીય ક્રિકેટ ટીમનો આપણી ધરતી પરનો પ્રવાસ હંમેશા રોમાંચક હોય છે. હું જાણું છું કે અમારા ચાહકો આતુર હશે. આ શ્રેણીની રાહ જોઈ રહ્યા છીએ, જે બંને ટીમની પ્રતિભા દર્શાવે છે.'

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે હંમેશા મજબૂત સંબંધો રહ્યા છે: જય શાહ BCCIના સેક્રેટરી જય શાહે જણાવ્યું હતું કે, 'ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે હંમેશા મજબૂત સંબંધો રહ્યા છે, જેના પર બંને દેશોને ગર્વ છે. ભારતીય ક્રિકેટ ટીમને હંમેશા દક્ષિણ આફ્રિકાના ચાહકો તરફથી પ્રશંસા અને પ્રેમ મળ્યો છે અને તે જ વર્તન ભારતીય ટીમને પણ આપવામાં આવ્યું છે. ભારતીય ચાહકો પણ દક્ષિણ આફ્રિકાની ટીમ તરફ જુએ છે.'

ટીમ ઈન્ડિયા સાઉથ આફ્રિકા પ્રવાસ પહેલાં હોમ સિરીઝ રમશે

સાઉથ આફ્રિકાના પ્રવાસે જતા પહેલાં ભારતીય ક્રિકેટ ટીમ ઘરઆંગણે બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડનો સામનો કરશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 2 ટેસ્ટ મેચ રમાશે, જે ચેન્નઈ અને કાનપુરમાં રમાશે. અને 6 થી 12 ઓક્ટોબર વચ્ચે બંને ટીમ 3 T-20 મેચમાં સામસામે ટકરાશે. આ 3 T-20 મેચ ધર્મશાલા, દિલ્હી અને હૈદરાબાદમાં રમાશે. બાંગ્લાદેશ સામેની શ્રેણી પૂરી થયાના ચાર દિવસ બાદ ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ સાથે 3 ટેસ્ટ મેચની શ્રેણી રમશે. કિવી ટીમ ભારત સાથે 16 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી 3 ટેસ્ટ મેચ રમશે. પ્રથમ મેચ બેંગલુરુમાં, બીજી પુણેમાં અને ત્રીજી ટેસ્ટ મેચ મુંબઈમાં રમાશે.

# રોમાંચક મેચમાં સાઉદ આફ્રિકાએ ઈંગ્લેન્ડને કારમો પરાજય આપ્યો

એજન્સી આફ્રિકા તા 22



સાઉથ આફ્રિકાએ T20 વર્લ્ડ કપના સુપર 8 રાઉન્ડમાં સતત બીજી જીત હાંસલ કરી છે. આફ્રિકન ટીમે શુક્રવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને 7 રનથી હરાવ્યું હતું. સેન્ટ લુસિયાના ડેરેન સેમી સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ઝડપી શરૂઆત બાદ આફ્રિકાની ટીમ 20 ઓવરમાં 6 વિકેટે 163 રન જ બનાવી શકી હતી. ટીમે પાવરપ્લેમાં વિના નુકશાન 63 રન બનાવ્યા હતા અને એકપણ વિકેટ ગુમાવી ન હતી.

ક્વિન્ટન ડી કોકના આઉટ થયા બાદ બેટર્સે મિડલ ઓવરોમાં ધીમી ગતિએ રન બનાવ્યા હતા.

મિલરે સ્કોર 150ને પાર કરાવ્યો હતો. એક સમયે ટીમ 200 રન સુધી પહોંચે તેવું લાગતું હતું.

ઈનિંગની શરૂઆત કરવા આવેલા ક્વિન્ટન ડી કોકે 38 બોલમાં 65 રનની ઈનિંગ રમી હતી. તેણે 171.05ની સ્ટ્રાઈક રેટથી 4 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી રન બનાવ્યા. મિલરે 43 રનની ઉપયોગી ઈનિંગ રમી હતી. રન ચેઝમાં ઈંગ્લિશ ટીમે 61 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી લિયામ લિવિંગ્સ્ટન અને હેરી બ્રુકે 42 બોલમાં 78 રનની આક્રમક ભાગીદારી કરીને ઈંગ્લિશ ટીમને મેચમાં લાવી હતી. ત્યાર બાદ છેલ્લી 3 ઓવરમાં કાગિસો રબાડા, માર્કો યાન્સેન અને એનરિચ નોર્કિયાએ ઈંગ્લેન્ડને 20 ઓવરમાં 156 રન પર રોકી દીધું હતું. ત્રણેયએ મળીને 18 બોલમાં 25 રન ડિફેન્ડ કર્યા હતા.ગતું હતું.

ઈનિંગની શરૂઆત કરવા આવેલા ક્વિન્ટન ડી કોકે 38 બોલમાં 65 રનની ઈનિંગ રમી હતી. તેણે 171.05ની સ્ટ્રાઈક રેટથી 4 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી રન બનાવ્યા. મિલરે 43 રનની ઉપયોગી ઈનિંગ રમી હતી.

# મારી ઓવરમાં સ્વીપ ના મારશો...', રાશિદે સૂર્યકુમારને ચાલુ મેચમાં કેમ કહ્યું આવું?

એજન્સી નવી દિલ્હી તા 22

ભારતે T20 વર્લ્ડકપ-2024માં યાત્રા આગળ વધારતા પોતાની સુપર-8 ગ્રુપની પહેલી મેચ બાર્બાડોસ ખાતે અફઘાનિસ્તાન સામે રમી હતી. આ મેચમાં ભારતે 47 રનથી ભવ્ય વિજય મેળવ્યો હતો. પરંતુ મેચ દરમિયાન એક રમુજી ઘટના બની હતી. આ સમગ્ર મામલો 11મી ઓવર દરમિયાનનો છે. જ્યારે ભારતે વિરાટ કોહલી અને રિષભ પંતની વિકેટ ગુમાવી ચૂકી હતી. સૂર્યકુમાર યાદવ સ્ટ્રાઈક ઉપર ફુલ ફોર્મમાં હતો. રાશિદ ખાન સૂર્યકુમારના શોટ્સને કારણે મુશ્કેલીમાં દેખાતો હતો. રાશિદ ખાને બેટર સૂર્યકુમાર યાદવને તેના બોલ પર સ્વીપ શોટ ન મારવા કહ્યું હતું. આ ઘટના ત્યારે બની જ્યારે સુર્યકુમારે તેના પર રાશિદનું દબાણ ઓછું કરવા માટે સતત તેના બોલ પર સ્વીપ શોટ મારીને ચોગ્ગા ફટકારતો હતો. આઈસીસીએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર બંને ક્રિકેટરો વચ્ચેની વાતચીતનો વીડિયો પોસ્ટ કર્યો છે. સૂર્યકુમાર યાદવે મેચ બાદ જણાવ્યું હતું, 'મને 7થી 15 ઓવર દરમિયાન બેટિંગ કરવું પસંદ છે. આ સૌથી મુશ્કેલ તબક્કો હોય છે મને આ તબક્કે રમવું ગમે છે. હું તેનો આનંદ માણું છું. વિરાટ કોહલી આઉટ થયા બાદ હું ઝડપથી રન કરવા માંડ્યો હતો. મેં ફક્ત મારી રમત રમવાની કોશિશ કરી હતી. હું રોહિત શર્મા સાથે ઘણી મેચ રમ્યો છું. તે મારી રમતને સમજે છે'.



# શું મોહમ્મદ શમી સાથે લગ્ન કરશે સાનિયા મિર્ઝા?

નવી દિલ્હી તા 22

હાલમાં સોશિયલ મીડિયા પર પૂર્વ ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા અને ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીના લગ્ન થવાના છે, તેવી અફવાઓનું બજાર ગરમ છે. સોશિયલ મીડિયા પર બંને ટ્રેન્ડ કરી રહ્યાં છે. જેના કારણે ચાહકો વિવિધ પ્રકારની અટકળો લગાવી રહ્યા છે, કે શું ખરેખર બંને લગ્ન કરવા જઈ રહ્યા છે. પરંતુ હવે સાનિયા મિર્ઝાના પિતા ઈમરાન મિર્ઝાએ આ અફવાઓ પર પૂર્ણવિરામ મુકી આ અફવાઓની હકીકત જણાવી છે. સાનિયાના પિતાએ એક ટીવી ચેનલ પર વાત કરતાં પુષ્ટિ કરી હતી કે, સોશિયલ મીડિયા પર હાલમાં જે પણ સમાચાર ફેલાઈ રહ્યા છે, તે બિલકુલ બકવાસ છે. થોડા દિવસ પહેલા જ સાનિયા મિર્ઝા અને પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિક એકબીજાથી અલગ થઈ ગયા છે. બીજી તરફ મોહમ્મદ શમી પણ તેની પત્ની હસીન જહાંથી અલગ થઈ ગયો છે.

# ગૌતમ ગંભીર નહીં... ઝિમ્બાબ્વે પ્રવાસમાં ટીમ ઈન્ડિયાને આ દિગ્ગજ આપશે કોચિંગ

એજન્સી નવી દિલ્હી તા 22

ICC મેન્સ ટી20 વર્લ્ડ કપ 2024ની સાથે જ ટીમ ઈન્ડિયાના વર્તમાન હેડ કોચ રાહુલ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. રિપોર્ટ અનુસાર ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરનું નામ હેડ કોચની રેસમાં સૌથી આગળ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ગંભીરની તમામ શરતો માની લીધી છે, બસ સત્તાવાર તેની જાહેરાત થવાની બાકી છે. જોકે હેડ કોચ બનવા પર પણ ગૌતમ ગંભીરના ઝિમ્બાબ્વે પ્રવાસ પર જવાની શક્યતા નથી. ભારતનો ઝિમ્બાબ્વે પ્રવાસ 6 જુલાઈથી શરૂ થઈ રહ્યો છે, જ્યાં બંને દેશોની વચ્ચે પાંચ ટી20 મેચ થવાની છે. રિપોર્ટ અનુસાર ઝિમ્બાબ્વે ટૂર પર વીવીએસ લક્ષ્મણ ભારતીય ટીમના હેડ કોચની ભૂમિકામાં જોવા મળશે. ગંભીર જો કોચ બને છે તો તે શ્રીલંકા પ્રવાસની સાથે પોતાના કાર્યકાળની શરૂઆત કરશે. શ્રીલંકા પ્રવાસની શરૂઆત 27 જુલાઈથી થવાની છે અને ઓગસ્ટના પહેલા અઠવાડિયા સુધી આ પ્રવાસ જારી રહેવાની શક્યતા છે.રાહુલ દ્રવિડે જ્યારે પણ બ્રેક લીધો છે તો વીવીએસ લક્ષ્મણ હંમેશા મુખ્ય રહ્યાં છે અને ટી20 વર્લ્ડ કપના તાત્કાલિક બાદ થનારી ઝિમ્બાબ્વેમાં પણ આવું જ ચાલુ રહેવાની આશા છે. વીવીએસ લક્ષ્મણ નેશનલ ક્રિકેટ એકેડેમી (NCA) ના વર્તમાન ડાયરેક્ટર છે. એટલું જ નહીં તે અંડર-19 મેન્સ ટીમનો હેડ કોચ પણ છે. 2022નો અંડર-19 વર્લ્ડ કપ યશ ઢુલ એન્ડ કંપનીએ વીવીએસ લક્ષ્મણની જ કોચિંગમાં જીત્યો હતો. લક્ષ્મણે કુલ 134 ટેસ્ટ મેચમાં 45.97 ની એવરેજથી 8781 રન બનાવ્યાં. 86 વનડે મેચમાં તેમના નામ પર 2338 રન સિરીઝ માટે ભારતીય ટીમને અંતિમ રૂપ આપવા જઈ રહ્યાં છે. બીસીસીઆઈ આ અઠવાડિયાના અંતમાં ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરી શકે છે.

# સેમીફાઇનલમાં કોણ-કોણ રમશે? આ 4 ટીમોની જગ્યા લગભગ પાક્કી



એજન્સી નવી દિલ્હી તા 22

T20 World Cup 2024 Super 8: T20 વર્લ્ડ કપમાં સુપર-8 મેચોનો ઉત્સાહ વધી રહ્યો છે. સુપર-8ની તમામ આઠ ટીમોએ અત્યાર સુધીમાં 1-1 મેચ રમી છે. સુપર-8માં તમામ ટીમોએ 3-3 મેચ રમવાની છે, પરંતુ એક-એક મેચ બાદ સેમીફાઈનલનું ચિત્ર મહદ અંશે સ્પષ્ટ થઈ રહ્યું છે. હવે ચાર ટીમો પર સેમિફાઈનલની રેસમાંથી બહાર થવાનો ખતરો છે, જ્યારે આ ચારેય ટીમો સેમિફાઈનલમાં પહોંચશે તે લગભગ નિશ્ચિત છે. આ 4 ટીમો જઈ શકે છે સેમીફાઈનલમાં સુપર-8માં તમામ 8 ટીમોને 4-4ના ગ્રુપમાં વહેંચવામાં આવી છે. પ્રથમ ગ્રૂપમાં ભારત, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની ટીમો સામેલ છે. જ્યારે બીજા ગ્રૂપમાં ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએની ટીમોનો સમાવેશ થાય છે. આ તમામ ટીમોમાંથી ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાએ પોતાની પ્રથમ મેચ જીતી છે. આ તમામ ટીમોનો નેટ રન રેટ પણ ઘણો સારો છે. હવે આ ટીમો સેમિફાઈનલમાં પહોંચવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. આ ટીમ થઈ શકે છે બહાર

સુપર-8માં બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએની ટીમો તેમની પ્રથમ મેચ હારી છે અને આ તમામ ટીમોનો નેટ રન રેટ પણ ખરાબ થઈ ગયો છે. આ સિવાય આ તમામ ટીમોની આગામી મેચો તેમના કરતા મજબૂત ટીમો સાથે છે, તેથી આ ટીમો માટે જીત મેળવવી એક મોટો પડકાર હશે. સુપર-8 મેચો બાદ આ 8માંથી માત્ર 4 ટીમ જ સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકશે.આ 4 ટીમો જઈ શકે છે સેમીફાઈનલમાં સુપર-8માં તમામ 8 ટીમોને 4-4ના ગ્રુપમાં વહેંચવામાં આવી છે. પ્રથમ ગ્રૂપમાં ભારત, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની ટીમો સામેલ છે. જ્યારે બીજા ગ્રૂપમાં ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએની ટીમોનો સમાવેશ થાય છે. આ તમામ ટીમોમાંથી ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાએ પોતાની પ્રથમ મેચ જીતી છે. આ તમામ ટીમોનો નેટ રન રેટ પણ ઘણો સારો છે. આ સિવાય આ તમામ ટીમોની આગામી મેચો તેમના કરતા મજબૂત ટીમો સાથે છે, તેથી આ ટીમો માટે જીત મેળવવી એક મોટો પડકાર હશે.

# વિરાટ કોહલીની બાયોપિક બને તો કોણ બને હીરો?

દિનેશ કાર્તિકે તાજેતરમાં જ પોતાના અમુક ટીમ મેટ્સની બાયોપિક બનવા પર મત રજૂ કર્યો. દિનેશ કાર્તિકે વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે રણબીર કપૂરમાં વિરાટની પ્લેઈંગ સ્ટાઈલને કેપ્ચર કરવાની ક્ષમતા છેબોલિવૂડમાં સ્પોર્ટ્સ સ્ટાર્સ પર બેઝડ બાયોપિક બનવાનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. એમ એસ ધોની, મેરી કોમ, મિલ્ખા સિંહ પર પહેલા જ બાયોપિક બની ચૂકી છે પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી પર કોઈ બાયોપિક બને છે તો કયો એક્ટર પોતાના રોલ માટે પરફેક્ટ હશે? શિખર ધવનની બાયોપિક માટે દિનેશ કાર્તિકને અક્ષય કુમાર બેસ્ટ લાગે છે. તેમણે કહ્યું કે અક્ષય શિખરના રોલમાં ખૂબ ફન એડ કરી શકે છે.

**સંક્ષિપ્ત સમાચાર**

## અમેરિકામાં ફરી અંધાધૂંધ ગોળીબાર, સુપરમાર્કેટમાં અફરાતફરી

અમેરિકામાં ફરી અંધાધૂંધ ગોળીબાર, સુપરમાર્કેટમાં અફરાતફરી, 2નાં મોત, હુમલાખોર સહિત 7 ઘાયલ 1 અમેરિકામાં અવારનવાર ગોળીબારની ઘટનાઓ બનતી રહે છે. જોકે તેમાં લોકોના જીવ પણ ગુમાવવાને કારણે આવી ઘટનાઓથી ચિંતા વધી ગઈ છે. તાજેતરનો મામલો એક સુપર માર્કેટમાં અંધાધૂંધ ગોળીબારનો છે. અહીં ફાયરિંગની ઘટનામાં બે લોકો મૃત્યુ પામ્યા. જ્યારે હુમલાખોર અને સુરક્ષાકર્મી સહિત સાત લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના અમેરિકાના અર્કાન્સસ રાજ્યના ફોર્ડિસ શહેરમાં બની હતી.

અહીં મેડ બુચર કરિયાણા સ્ટોરમાં હુમલાખોરે અંધાધૂંધ ગોળીબાર કરી દીધો હતો. પોલીસે કહ્યું કે હુમલાખોર પણ ઈજાગ્રસ્ત થયો હતો અને તેની ધરપકડ કીર લેવામાં આવી છે. ઈજાગ્રસ્ત લોકોમાં કોઈની હાલત ગંભીર નથી એટલે ખતરો ટળી ગયો છે. ગવર્નરે સહાનુભૂતિ વ્યક્ત કરી બીજી બાજુ ગવર્નર સારા હુકાબી સેન્ડર્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે મને આ ઘટના વિશે જાણકારી મળી. હું લોકોના જીવ બચાવવા બદલ તપાસ એજન્સીઓ અને સુરક્ષાકર્મીઓ પ્રત્યે આભારી છું. હું પીડિતો પ્રત્યે પણ સહાનુભૂતિ વ્યક્ત કરું છું. અંધાધૂંધ ગોળીબાર કરી દીધો હતો. પોલીસે કહ્યું કે હુમલાખોર પણ ઈજાગ્રસ્ત થયો હતો અને તેની ધરપકડ કીર લેવામાં આવી છે. ઈજાગ્રસ્ત લોકોમાં કોઈની હાલત ગંભીર નથી એટલે ખતરો ટળી ગયો છે.

## પુતિને કીમ જોંગ ઉનને લીમોઝીનમાં ફેરવ્યા, તે પછી તે કાર જ ઉનને ભેટમાં આપી દીધી

ઉનને ખ્યાતનામ અને મોંઘીદાટ કારોનો ગાંડો શોખ છે, તેની પાસે મે-બીચ લિમોઝિન, કેટલીયે મર્સીડીઝ અને રૉલ્સ રૉઈસ ફેન્ટમ પણ છે

પ્યોગ્યાંગ : રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને ઉત્તર કોરિયાના પ્રમુખ કીમ જોંગ ઉનને રશિયન બનાવટની ઔરસ લિમોનિસમાં ઉ.કોરિયાના વન વિસ્તારમાં ફેરવ્યા હતા અને બંને પ્રમુખોએ ખુશનુમા અને હુંફાળાં વાતાવરણમાં પરસ્પર સાથે આનંદ પ્રમોદ ભરી વાતો કરી હતી, પછીથી પુતિને ઉનને તે કાર ફેરવવા માટે કહ્યું અને પોતે બીજી સીટ ઉપર બેસી ગાય હતા. તે પછી પુતિને રશિયાની તે સૌથી મોંઘી કાર કે જેની ઉપર આર્મ્ડ પ્લેટસ પણ જડી હતી તે ભેટ આપી દીધી હતી. આ સમગ્ર ઘટનાક્રમ રશિયન સ્ટેટ ટીવીએ તેના સ્ક્રીન ઉપર દર્શાવ્યો પણ હતો. આ ટૂંકી ડ્રાઈવ પછી બંને પ્રમુખોએ આ વનવિસ્તારમાં કે બીજા સાથે, વાતો કરી હતી. તેનો પણ વિડીઓ વાયરલ થયો છે. (ઉલ્લેખનીય છે કે સામ્યવાદી દેશોમાં રશિયન સેકન્ડ લેન્ગ્વેજ તરીકે હોય છે. તેથી ઉન અને પુતિન મુક્ત મને વાતો કરી શક્યા હતા) ઉનને મોટરકારોનો ઘણો શોખ છે તેમને આવી બીજી રશિયન કાર મળી છે. પહેલી આવી કાર તેઓ રશિયાની મુલાકાતે ગયા હતા. ત્યારે પુતિને તેમને ભેટ આપી હતી. કીમ જોંગ ઉન પાસે દાણચોરીથી મેળવેલી વિદેશીકારો છે. કારણ કે ઉ.કોરિયા ઉપરનો પશ્ચિમના તમામ દેશોએ વ્યાપાર પ્રતિબંધ મુક્યો છે. આમ છતાં કીમ જોંગ ઊને દાણચોરીથી મે-બીચ લિમોઝીન, કેટલીયે મર્સીડીસ અને દુનિયાની સૌથી મોંઘી અને સૌથી શ્રેષ્ઠ એવી રોલ્સ રોઈસ ફેન્ટમ કાર પણ તેમની પાસે છે.

## મેક્સિકોમાં 'હીટવેવ'થી 125ના મૃત્યુ કુલ 2300ને ડીહાઈડ્રેશન સનબર્ન થયા

મેક્સિકો સીટી : ભારતની જેવા જ 'મોન્સૂન રીજીયન' પ્રદેશ મેક્ષિકોમાં હજી વર્ષાઋતુ શરૂ થઈ નથી ત્યાં સુધીમાં ત્યાં ગરમીનું પ્રચંડ મોજું ફરી વળ્યું છે. ત્યાં 'સીવીયર હીટ વેવ'ને લીધે ૧૨૫ના મૃત્યુ થયાં છે. જ્યારે ૨૩૦૦થી વધુને ડીહાઈડ્રેશન (ઝાડા-ઉલ્ટી) અને સનબર્ન (અત્યંત ગરમીથી ચામડી પર પડેલાં ચાંઠા) થયા છે.

દક્ષિણ મેક્સિકોમાં તો પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. કર્મચારીઓ વૃદ્ધોને વૃક્ષોની છાયા નીચે કે અન્ય છાયાવાળા વિસ્તારોમાં સાયકલ ઉપર પણ બેસાડી રાહત આપવા પ્રયત્નો કરી રહ્યાં છે. દક્ષિણ મેક્ષિકોમાં આવેલાં 'વેરા ક્રૂઝ' પ્રાંતમાં તો લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. તેઓ પંખા નીચે કે જેની પાસે એરકન્ડીશનર્સ હોય તેઓ એરકન્ડીશનર્સ દ્વારા ગરમી અને પ્રસ્વેદથી બચવા પ્રયત્નો કરે છે. વેરા-ક્રૂઝ શહેર તો અગનભઠ્ઠી બની ગયું છે. કોગ્રા નર્સિંગ હોમના ડીરેક્ટર એમ.ટી. મેન્ડોઝાએ પત્રકારોને જણાવ્યું હતું કે, આટલું તીવ્ર ગરમીનું મોજું અમે પહેલાં કદી અનુભવ્યું નથી. તે માત્ર તીવ્ર જ નથી પરંતુ લાંબો સમય ચાલી રહ્યું છે. આ હીટ-વેવે વેરા ક્રૂઝ શહેરમાં અનેકના જાન લીધા છે. પ્રાપ્ય સત્તાવાર ડેટા પ્રમાણે ૧૨૫નાં હીટવેવને લીધે મૃત્યુ થયા છે. જ્યારે ૨૩૦૦થી વધુને ડી-હાઈડ્રેશન અને સનબર્ન થયા છે.

આ હીટવેવ પાણીના ધોધની જેમ વહી રહ્યું છે. આથી અમે લોકોને માત્ર અનિવાર્ય જ હોય તો જ ઘરની બહાર નીકળવા કહ્યું છે અને તે પણ સવારના ૧૦થી સાંજના પાંચ વાગ્યા સુધી તો નહીં જ જવા સૂચના આપી છે. આટલું ઓછું હોય તેમ અત્યારે તો મેક્સિકો સહિત મધ્ય અમેરિકા ખંડના રાજ્યો ઉપર દુષ્કાળના ઓળા ઉતરી રહ્યાં છે.

### કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ 5 લાખનો દંડ, રાષ્ટ્રપતિએ કહ્યું-આ અભદ્રતાનો પુરાવો છે; દેશમાં 96% વસતી મુસ્લિમ

# તાજિકિસ્તાનમાં હિજાબ-ઈદી પર પ્રતિબંધ

એજન્સી તાજિકસ્તાન તા 22

હિજાબ પર કડક કાર્યવાહી 2007 માં શરૂ થઈ હતી, જ્યારે તાજિક શિક્ષણ મંત્રાલયે વિદ્યાર્થીઓ માટે ઈસ્લામિક કપડાં અને પશ્ચિમી શૈલીના મિની સ્કર્ટ બંને પર પ્રતિબંધ મૂક્યો હતો. મુસ્લિમ બહુમતી ધરાવતા દેશ તાજિકિસ્તાનને હિજાબના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત ઈદના તહેવાર પર બાળકોને આપવામાં આવતી ઈદી પર પણ દેશમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બિશ્કેકની ન્યૂઝ એજન્સી અનુસાર, રાષ્ટ્રપતિ ઈમોમાલી રહેમાને હિજાબને 'વિદેશી વસ્ત્રો' ગણાવતા પ્રતિબંધની જાહેરાત કરી છે. નવા કાયદાનું પાલન ન કરવા બદલ રૂપિયા 60 હજારથી લઈને 5 લાખ રૂપિયા (ભારતીય ચલણમાં) સુધીના દંડની જોગવાઈ છે. તે જ સમયે, જો કોઈ ધાર્મિક અથવા સરકારી અધિકારી આ કાયદાનું પાલન નહીં કરે તો તેના પર 3-5 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે. તાજિકિસ્તાનની ન્યૂઝ એજન્સી એશિયા-પ્લસના જણાવ્યા અનુસાર દેશમાં ધર્મનિરપેક્ષતાને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ પગલાં લીધા છે.તાજિકિસ્તાન સરકારના આ નિર્ણયની દેશભરમાં ટીકા થઈ રહી છે. માનવાધિકાર સંગઠનો સહિત મુસ્લિમો સાથે જોડાયેલા ઘણા જૂથોએ નવા કાયદાનો વિરોધ કર્યો છે. જો કે તાજિકિસ્તાનમાં હવે હિજાબ વિરુદ્ધ કાયદો બનાવવામાં આવ્યો છે, પરંતુ તે દેશમાં લાંબા સમયથી બિનસત્તાવાર રીતે પ્રતિબંધિત છે.

### ઈસ્લામિક વસ્ત્રો પર 17 વર્ષ પહેલા પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો

હિજાબ પર કડક કાર્યવાહી 2007 માં શરૂ થઈ હતી. જ્યારે તાજિક શિક્ષણ મંત્રાલયે વિદ્યાર્થીઓ માટે ઈસ્લામિક કપડાં અને પશ્ચિમી શૈલીના મિની સ્કર્ટ બંને પર પ્રતિબંધ મૂક્યો હતો. બાદમાં આ પ્રતિબંધ તમામ જાહેર સંસ્થાઓ સુધી લંબાવવામાં આવ્યો હતો. કઝાકિસ્તાન, અઝરબૈજાન, કિર્ગિસ્તાન અને કોસોવો જેવા મુસ્લિમ બહુમતી દેશોએ પણ શાળાઓ, યુનિવર્સિટીઓ અને સરકારી કચેરીઓમાં હિજાબ અને બુરખા પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે.




### ઈદના તહેવાર પર બાળકોને આપવામાં આવતી ઈદી પર પણ દેશમાં પ્રતિબંધ

આ ઉપરાંત ઈદના તહેવાર પર બાળકોને આપવામાં આવતી ઈદી પર પણ દેશમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બિશ્કેકની ન્યૂઝ એજન્સી અનુસાર, રાષ્ટ્રપતિ ઈમોમાલી રહેમાને હિજાબને 'વિદેશી વસ્ત્રો' ગણાવતા પ્રતિબંધની જાહેરાત કરી છે. નવા કાયદાનું પાલન ન કરવા બદલ રૂપિયા 60 હજારથી લઈને 5 લાખ રૂપિયા (ભારતીય ચલણમાં) સુધીના દંડની જોગવાઈ છે.

**વ્યર્થ ખર્ચ અટકાવવા બાળકોની સુરક્ષા માટે ઈદ પર પ્રતિબંધ :** લગભગ 10 મિલિયનની વસ્તી ધરાવતા તાજિકિસ્તાનમાં 96% થી વધુ લોકો ઈસ્લામને અનુસરે છે. દેશની ધાર્મિક સમિતિના અધ્યક્ષ સુલેમાન દવલતજોડાએ જણાવ્યું હતું કે, ઈદ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય નકામા ખર્ચને રોકવા, બાળકોની સુરક્ષા અને શિક્ષણ પર ધ્યાન વધારવા માટે લેવામાં આવ્યો છે. તાજિકિસ્તાન સરકારના આ નિર્ણયની દેશભરમાં ટીકા થઈ રહી છે. માનવાધિકાર સંગઠનો સહિત મુસ્લિમો સાથે જોડાયેલા ઘણા જૂથોએ નવા કાયદાનો વિરોધ કર્યો છે. જો કે તાજિકિસ્તાનમાં હવે હિજાબ વિરુદ્ધ કાયદો બનાવવામાં આવ્યો છે, પરંતુ તે દેશમાં લાંબા સમયથી બિનસત્તાવાર રીતે પ્રતિબંધિત છે.

## હજ માટે મક્કા ગયેલા 98 ભારતીયોના મોત:વિદેશ મંત્રાલયે કહ્યું- માંદગી અને વૃદ્ધાવસ્થાના લીધે મૃત્યુ,

સાઉદી અરેબિયા તા 22

સાઉદી અરેબિયાના મક્કામાં આ વર્ષે હજ કરવા ગયેલા 98 ભારતીયોના મોત થયા છે. વિદેશ મંત્રાલયે આ વાતને સમર્થન આપ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે શુક્રવારે આ તમામ લોકોના મૃત્યુનું કારણ બીમારી અને વૃદ્ધાવસ્થાને ગણાવ્યું હતું. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીયો હજ યાત્રાએ જાય છે. આ વર્ષે પણ 1,75,000 લોકો હજ કરવા માટે સાઉદી અરેબિયા ગયા છે. વિદેશ મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે હજ યાત્રા દરમિયાન 187 ભારતીય નાગરિકોના મોત થયા હતા. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે અમારું હજ મિશન મક્કામાં કામ કરી રહ્યું છે. મુસાફરો માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. અમે આ પ્રકારના અકસ્માત અંગે તાત્કાલિક પગલાં લઈએ છીએ. દરેકનું ધ્યાન રાખવામાં આવે છે. મંત્રાલયે કહ્યું કે મક્કામાં ખૂબ જ ગરમી છે. ત્યાં લોકો ગરમીનો ભોગ પણ બની રહ્યા છે. મક્કામાં ગરમીના કારણે યાત્રીઓ બીમાર પડ્યા હતા. મક્કામાં ગરમીના કારણે યાત્રીઓ બીમાર પડ્યા હતા. 10 દેશોમાંથી 1081 લોકો મૃત્યુ પામ્યા મધ્ય પૂર્વમાં આકરી ગરમી વચ્ચે મક્કામાં 17 જૂને તાપમાન 51.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે 18મી જૂનના રોજ ગરમીનો પારો 47 ડિગ્રીએ રહેતાં થોડી રાહત મળી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અત્યાર સુધીમાં 10 દેશોના 1081 હજ યાત્રીઓના મોત થયા છે. ભારત ઉપરાંત ઈન્ડોનેશિયા, જોર્ડન, ઈરાન, પાકિસ્તાન, ટ્યુનિશિયા વગેરે દેશોના નાગરિકો પણ છે. સાઉદી રાજદ્વારીઓએ સમાચાર એજન્સી એએફપીને જણાવ્યું હતું કે માર્યા ગયેલા લોકોમાં ઈજિપ્તની યાત્રાળુઓની સંખ્યા સૌથી વધુ છે, કારણ કે તેમાંથી ઘણાએ હજ માટે નોંધણી કરાવી ન હતી. હજ યાત્રા સાથે જોડાયેલા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેમાં રસ્તાઓ પર મૃતદેહો દેખાય છે.



## બે ખાલિસ્તાની સમર્થકોને કેનેડાની કોર્ટે ઝટકો માર્યો

એજન્સી ખાલિસ્તકાન તા 22

એપ્રિલ 24, 2018માં વાનકુવરમાં એકને પ્લેનમા જતા રોક્યો હતો, બીજાને 17 મે, '18માં પ્લેનમાં જતાં રોક્યો, કારણ કે તેમના નામ 'નો-ફ્લાઈંગ લિસ્ટ'માં છે ઓટાવા : પોતાના નામ 'નો-ફ્લાઈંગ લિસ્ટ'માંથી દૂર કરવા માટે બે ખાલિસ્તાની સમર્થકોની અરજી આજે કેનેડાની કોર્ટે ફગાવી દીધી હતી. ૨૦૧૮માં આ બંનેને આ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા. કેનેડીયન પ્રેસના રિપોર્ટ પ્રમાણે ભગત સિંહ બરાડ અને પર્વકર સિંહ દુલાઈની અરજી હતી કે 'સિક્યોર એર ટ્રાવેલ એક્ટ' નીચે તેઓના નામ છે, તે દૂર કરવામાં આવે અને તેમને વિમાન પ્રવાસ કરવાની મંજૂરી મળે. પરંતુ કોર્ટે તેમની ઈચ્છા ઉપર પાણી ફેરવી નાખ્યું. આ કેસમાં ૧૩ અને ૧૭મી જૂને સુનાવણી થઈ હતી. ૩ જજોની પીઠે તે અંગે ૧૯ જૂને ફેંસલો આપ્યો હતો.ભગત સિંહ બરાડ લખબીરસિંહનો પુત્ર છે. તે ઈન્ટરનેશનલ શિખ યુથ ફેડરેશનનો પ્રમુખ પણ છે. આ સંગઠન કેનેડામાં પ્રતિબંધિત કરાયું છે. કટ્ટરપંથી નેતા જસૈલ સિંહ ભિંદ્રાનવાલેના ભત્રીજા લખબીર સિંહનું ગત વર્ષે પાકિસ્તાનમાં મૃત્યુ થયું હતું. ભિંદ્રાનવાલેનું મૃત્યુ ૧૯૮૪માં ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન બ્લ્યુ સ્ટાર દરમિયાન અમૃતસરના સ્વર્ણ મંદિરમાં થયું હતું. બરાડને ૨૪ એપ્રિલ ૨૦૧૮ના દિવસે વાનકુવર આંતરરાષ્ટ્રીય વિમાન ગૃહે વિમાનમાં જતા રોકવામાં આવ્યો હતો. ૧૭મી મે ના દિવસે દુલાઈને પણ વિમાન ગૃહેથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં જતા રોકવામાં આવ્યો હતો.

ગ્લોબલ ન્યૂઝે જુલાઈ ૨૦૨૦માં પોતાના એક રિપોર્ટમાં કેનેડાની સલામતી આપતા જણાવ્યું છે કે, બરાડ પાકિસ્તાનની ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ)ની સાથે રહી, ભારતમાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યો.

## ભારતીયો પર બોસ્ટન ગ્રૂપનો રિપોર્ટ:અમેરિકામાં પહેલીવાર ટોપ 50માંથી 35 કોલેજના પ્રિન્સિપાલ ભારતીય

એજન્સી ન્યૂયોર્ક તા 22

અમેરિકામાં ભારતીયોનું વર્ચસ્વ દરેક ક્ષેત્રમાં વધી રહ્યું છે. પ્રથમ વખત અમેરિકાની ટોચની 50 કોલેજોમાંથી 35માં ભારતીય મૂળના પ્રિન્સિપાલ છે. આ કોલેજોમાં સ્ટેનફોર્ડ, પેન, પેન્સિલ્વેનિયા અને ટફ્સ સામેલ છે. હાયર એજ્યુકેશનમાં 25 હજાર ભારતીય ફેકલ્ટી મેમ્બર છે. આ કોઈ પણ પ્રવાસી જૂથમાં સૌથી વધુ છે. અમેરિકામાં 80% ભારતીયો પાસે સ્નાતકની ડિગ્રી છે જ્યારે રાષ્ટ્રીય સરેરાશ 36% છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ દ્વારા ભારતીયો પર હાથ ધરાયેલા અભ્યાસમાં આ હકીકતો સામે આવી છે. આ રિપોર્ટ રાષ્ટ્રપતિ જો બાઈડેનને સોંપવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ, ભારતીયોએ આઈટી સેક્ટરમાં પરંપરાગત પ્રભુત્વ બાદ હવે શિક્ષણ જગતમાં સૌથી વધુ સ્થાન બનાવી રહ્યા છે. દર વર્ષે 2 લાખ 70 હજાર ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ માટે આવી રહ્યા છે, જે કોઈ પણ ઈમિગ્રન્ટ્સમાં સૌથી વધુ છે. રાષ્ટ્રપતિ બાઈડના પ્રશાસનમાં 150 ભારતીયો મહત્ત્વના હોદ્દા પર છે. જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર દરમિયાન 100થી ઓછા ભારતીયો મહત્ત્વના હોદ્દા પર હતા. ફોર્ચ્યુન 500 કંપનીઓમાં 16 સીઈઓ ભારતીય ફોર્ચ્યુન 500 કંપનીઓમાંથી 16 મોટી કંપનીઓના સીઈઓ ભારતીય છે. તેમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ અને વર્ટેક્સના રેશ્મા કેવલરમાનીનો સમાવેશ થાય છે. અમેરિકામાં 648 યુનિકોર્નમાંથી 72ની સ્થાપના ભારતીયોએ કરી છે. આ 72 યુનિકોર્નની કુલ સંપત્તિ 16.5 લાખ કરોડ રૂપિયા છે. વર્ષે 16 કરોડ રૂપિયા દાનમાં આપ્યા ભારતીય પરિવારો વર્ષે 16 કરોડ હજાર રૂપિયા પરોપકારી કાર્યમાં દાન કરે છે. છેલ્લાં 8 વર્ષમાં ભારતીયોએ અમેરિકાની 12 નાની-મોટી યુનિવર્સિટીઓને ખાનગી ક્ષમતામાં 25,000 કરોડ રૂપિયાનું દાન આપ્યું છે.

## અમેરિકામાં છટણી થયેલા સૌથી વધુ 95% ભારતીયને નવી નોકરી

એજન્સી વૉશિંગ્ટન તા 22

અમેરિકાથી સારા સમાચાર છે. નોકરીમાંથી કાઢી મુકાયેલા 95% ભારતીય એચ-1બી વિઝાધારકોને અમેરિકામાં જ નવી નોકરીઓ મળી જાય છે. કોઈ પણ રાષ્ટ્રીયતામાં આ સૌથી વધુ સંખ્યા છે. 2024માં અત્યાર સુધીમાં 45 હજાર ભારતીય એચ-1બી વિઝાધારકોમાંથી 95%ને નવી નોકરીઓ મળી છે. જ્યારે ચીનના 40 હજાર એચ-1બી વિઝાધારકોમાંથી માત્ર 35%થી 40% લોકોને જ નવી નોકરી મળી છે. નોકરીઓ ન મળવાને કારણે તેમને તેમના વતન અથવા અન્ય દેશોમાં શિફ્ટ થવું પડ્યું છે. નોંધનીય છે કે ગૂગલ, મેટા અને એમેઝોન જેવી મોટી કંપનીઓમાં ભારતીયોને સૌથી વધુ નોકરીઓ આપવામાં આવી છે. રસપ્રદ વાત એ છે કે જે ભારતીય એચ-1બી વિઝાધારકોને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા તેઓ સિલિકોન વેલીના હતા.

ટેક્ કંપની છોડનારને અન્ય સેક્ટરમાં હાયરિંગ વધ્યું રેવેલિયો લેબ્સ દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે બજારની અનિશ્ચિતતાઓ હોવા છતાં ઘણી કંપનીઓએ એચ-1બી પર રાખવામાં આવ્યા છે. એચ-1બી વિઝા ધરાવતા કામદારો નવી ભૂમિકાઓ સુરક્ષિત કરવા માટે ઝડપથી સ્થાળાંતરિત થાય છે, જે મૂળ કામદારો કરતાં વધુ ઝડપથી નોકરી મેળવવામાં ફાળો આપે છે. ટેક્ ઉદ્યોગમાં છટણીનાં પરિણામે ઘણા લોકોને પરંપરાગત ટેક્ કંપનીઓની બહાર વિશિષ્ટ ટેક્નિકલ હોદ્દા પર રોજગારી મળી છે.

## અમેરિકામાં ભારતીયોનું સ્વાગત છે...:USAમાં ગ્રેજ્યુએટ થતાં જ ઈન્ડિયન સ્ટુડન્ટ્સને ગ્રીન કાર્ડ આપવાનું વચન

એજન્સી વોશિંગ્ટન તા 22

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન કોલેજોમાંથી સ્નાતક થયેલા વિદેશી વિદ્યાર્થીઓને ગ્રીન કાર્ડ આપવાનું વચન આપ્યું છે. એક પોડકાસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે આ પગલાથી ભારત અને ચીન જેવા દેશોના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અમેરિકામાં રહી શકશે. ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેમણે વચન આપ્યું હતું કે જ્યારે તેમની સરકાર બનશે ત્યારે તેઓ ટેક કંપનીઓને ભારત જેવા દેશોમાંથી પ્રતિભાશાળી લોકોને નોકરી પર રાખવામાં મદદ કરશે. એના પર ટ્રમ્પે કહ્યું- હું આ કરવા માગું છું અને કરીશ પણ. મને લાગે છે કે અમેરિકન કોલેજોમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને તરત જ ગ્રીન કાર્ડ આપવામાં આવે. એનાથી તેઓ અમેરિકામાં રહી શકશે અને અહીંના વિકાસમાં મદદ કરી શકશે. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાએ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓને અહીં રોકવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમની યોજનાઓથી દેશને ફાયદો થશે. તેઓ એવા ઘણા લોકોને ઓળખે છે, જેઓ અમેરિકાથી ગ્રેજ્યુએટ થયા છે, પરંતુ તેમની પાસે ગ્રીન કાર્ડ ન હોવાથી તેઓ અહીં રહી શક્યા નથી. પછી તેઓ પોતાના દેશમાં ગયા અને ત્યાં અબજોપતિ બની ગયા. અમેરિકામાં 2 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી રહ્યા છે.



2023ના ડેટા અનુસાર, 2 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાંથી ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરી રહ્યા છે. જો ટ્રમ્પ પોતાની વાત પર વળગી રહે તો આમાંથી ઘણા વિદ્યાર્થીઓ સરળતાથી અમેરિકન ગ્રીન કાર્ડ મેળવી શકશે. ઈમિગ્રેશન મુદ્દે ટ્રમ્પે કડક વલણ અપનાવ્યું છે. આવી સ્થિતિમાં તેમના નિવેદનને બાઈડનની નવી નાગરિકતા નીતિનો તોડ માનવામાં આવી રહ્યો છે. 17 જૂને, બાઈડન સરકારે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સંબંધિત નવી નીતિની જાહેરાત કરી હતી.ગ્રીન કાર્ડ એ અમેરિકામાં કાયમી રહેવાનું કાર્ડ છે. જો ટ્રમ્પ આ યોજનાનો અમલ કરશે તો વિશ્વભરના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને કુશળ કામદારો માટે યુએસની નાગરિકતા મેળવવી સરળ બની જશે.

બાઈડનની યોજના અનુસાર જે લોકો ડંકી રૂટ્સ પર ગુપ્ત રીતે અમેરિકા પહોંચ્યા છે તેમને પણ અમેરિકન નાગરિકતા મળશે. ટ્રમ્પ આવા લોકોને અમેરિકન નાગરિકતા મળવાનો વિરોધ કરે છે.

### સ્ટાફ કરતાં ચાર ગણા પૈસા કૂતરા પાછળ ખર્ચતા; નોકરોના શોષણ મામલે દોષી જાહેર

# ભારતીય મૂળના અબજોપતિ હિન્દુજા પરિવારને જેલ



જીનિવા તા 22

ભારતીય મૂળના અબજોપતિ અને બ્રિટનના સૌથી ધનિક હિન્દુજા પરિવારના ચાર સભ્યને શુક્રવારે (21 જૂન) સ્વિસ કોર્ટે જેલની સજા ફટકારી છે. ઉદ્યોગપતિ પ્રકાશ હિન્દુજા અને તેમનાં પત્ની કમલ હિન્દુજાને સાડાચાર વર્ષની સજા ફટકારવામાં આવી છે. દંપતીના પુત્ર અજય અને તેની પત્ની નમ્રતાને 4-4 વર્ષની સજા ફટકારવામાં આવી છે. હિંદુજા પરિવાર પર તેમના નોકરોની તસ્કરી અને શોષણનો આરોપ હતો, જેમાંથી મોટા ભાગના અભણ ભારતીયો હતા. તેઓ સ્વિટ્ઝર્લેન્ડના જીનિવામાં તળાવ કિનારે સ્થિત હિન્દુજા પરિવારના વિલામાં કામ કરતા હતા. કોર્ટે તેમને ઘરેલું નોકરોનું શોષણ કરવા બદલ દોષી ઠેરવ્યો હતો, જોકે કોર્ટે માનવ તસ્કરીના આરોપોને ફગાવી દેતાં કહ્યું કે તેમના સ્ટાફને તેઓ શું કરી રહ્યા છે એની પૂરતી સમજણ ધરાવે છે. ચુકાદા સમયે હિન્દુજા પરિવારના ચારેય સભ્યો કોર્ટમાં હાજર નહોતા. જોકે તેના મેનેજર અને 5મો આરોપી નજીબ ઝિયાજી હાજર હતા. તેમને 18 મહિનાની સજા પણ થઈ હતી. તસવીર 17 જૂનની છે. અજય હિન્દુજા અને તેમનાં પત્ની નમ્રતા હિન્દુજા જીનિવામાં કોર્ટમાંથી બહાર આવી રહ્યાં છે. હિંદુજા પરિવાર પર કામદારોના પાસપોર્ટ જપ્ત કરવાનો, તેમને સ્વિસ ફ્રેંકના બદલે રૂપિયામાં ચુકવણી કરવાનો, તેમને તેમના વિલામાંથી બહાર જતા અટકાવવાનો અને સ્વિટ્ઝર્લેન્ડમાં ખૂબ ઓછા પગારમાં લાંબા સમય સુધી કામ કરવાની ફરજ પાડવાનો આરોપ હતો.

હિન્દુજાના વકીલોએ કહ્યું હતું કે તેઓ આ નિર્ણય સામે અપીલ કરશે. ફોર્બ્સ અનુસાર આઈટી, મીડિયા, રિયલ એસ્ટેટ અને હેલ્થ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા હિન્દુજા પરિવારની સંપત્તિ 1.67 લાખ કરોડ રૂપિયા છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, હિન્દુજા પરિવાર વિરુદ્ધ માનવ તસ્કરીના કેસમાં સોમવાર (17 જૂન)થી સ્વિટ્ઝરલેન્ડમાં સુનાવણી શરૂ કરવામાં આવી હતી. પીડિતો માટે હાજર રહેલા વકીલોએ કોર્ટને જણાવ્યું હતું કે કેટલીકવાર રસોઈયા અથવા ઘરેલુ સહાયકોને ઓછી અથવા રજા વિના દિવસમાં 15થી 18 કલાક કામ કરવાની ફરજ પાડવામાં આવે છે.વકીલે કહ્યું હતું કે આ તમામ સહાયકોના પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા છે. ઘણા કર્મચારીઓ માત્ર હિન્દી બોલી શકતા હતા, તેથી તેઓ ક્યાંય જઈ શકતા ન હતા. તેમને સ્વિસ ફ્રાન્કને બદલે ભારતીય રૂપિયામાં ચૂકવવામાં આવ્યા હતા, જેથી તેઓ બહાર જઈને કોઈ ખરીદી ન કરી શકે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 23 JUNE-2024
AHMEDABAD

## ગાંધીનગરમાં "ઓવર સ્પીડ, ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ"

ગાંધીનગર | ગાંધીનગર રેન્જ આઈજી વીરેન્દ્રસિંહ યાદવની અધ્યક્ષતામાં ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અને અરવલ્લી જિલ્લાના પોલીસ અધિક્ષકો સહિતના અધિકારીઓની આજે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. આ ક્રાઈમ કોન્ફરન્સમાં રેન્જમાં ગુનાખોરી અને ડ્રગ્સના દૂષણને નાથવા જરૂરી સૂચનો કરી રેન્જ આઈજીએ વધતાં જતાં માર્ગ અકસ્માતનાં બનાવો સંદર્ભે ચિંતા વ્યક્ત કરી ચારેય જિલ્લામાં 'ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ' ઝુંબેશ હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

## પોલીસે દારૂ - બિયરનો જથ્થો ઝડપી પાડ્યો

ગાંધીનગર | ગાંધીનગર અડાલજ પોલીસ ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, અમીયાપુર ગામમાં રહેતાં બુટલેગર મયુર શ્રવણજી ઠાકોરે પોતાના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જે હકીકતના આધારે પોલીસે બુટલેગરનાં ઘરે દરોડો પાડયો હતો. જ્યાં 24 વર્ષીય મયુર ઠાકોર હાજર મળી આવ્યો હતો. બાદમાં પોલીસે તેને સાથે રાખીને ઘરની તલાશી લીધી હતી. ત્યારે ઘરની આગલ આવેલ બાથરૂમની તપાસ કરતાં અંદરથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો.



# રાજકોટ અગ્નિકાંડ | CFO અને ડે.CFO સહિત 3 આરોપીઓની ધરપકડ

(એજન્સી) રાજકોટ | તા.22

રાજકોટ ટીઆરપી ગેમઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડના બનાવની ગંભીરતાને ધ્યાને લઈ બનાવ અંગે રાજકોટ શહેરના સીનીયર પોલીસ અધિકારીઓના માર્ગદર્શનમાં સઘન તપાસ હાલ ચાલુ છું. ત્યારે 25 મેના રોજ રાકોટ ટીઆરપી ગેમઝોન ખાતે સર્જાયેલા અગ્નિકાંડમાં રાજકોટ શહેર અને તાલુકા પોલેસે વિવિધ કલમો હેઠળ (1) ઈલેશકુમાર વાલાભાઈ ખેર ઉ.વ. 45 (ચીફ ફાયર ઓફીસર આર.એમ.સી.), (2) ભીખાભાઈ જીવાભાઈ ઠેબા ઉવ-54 (ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર આર.એમ.સી.), (૩) મહેશભાઈ અમૃતભાઈ રાઠોડ ઉ.વ-60 (ફેબ્રીકેશનનું કામ રાખનાર તેમજ સુપર વાઈઝર) ની અટકાયત કરી હતી.

25 મે 2024 નો દિવસ રાજકોટ સહિત સમગ્ર ગુજરાત માટે ગુજારો દિવસ હતો. આ દિવસે રાજકોટ TRP ગેમ ઝોન ખાતે સર્જાયેલા અગ્નિકાંડમાં 27 નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ અગ્નિકાંડની તપાસમાં સીટે 100 પાનાનો રિપોર્ટ રજૂ કર્યો હતો તેમાં ટાઉન પ્લાનિંગ વિભાગ, ફાયર વિભાગ, R&B અને લાયસન્સ વિભાગ સહિત 4 વિભાગની બેદરકારી સામે આવી છે. SITના વડા સુભાષ ત્રિવેદીના જણાવ્યા મુજબ હજુ પણ કડક કાર્યવાહી થઈ શકે છે જે કોઈ સંડોવાયેલા હશે તેને છોડવામાં નહી આવે. પછી ભલે તે કોઈ ઉચ્ચ અધિકારી જ કેમ ના હોય.



### ઘટનાના 28 દિવસ બાદ રિપોર્ટ સબમિટ

20 જૂન એટલે કે ગઈકાલે રિપોર્ટ સોંપવાનો હતો પરંતુ તેમાં કામગીરી અધુરી હોવાથી વિલંબ થઈ રહ્યો હતો. ગઈકાલે મોડી રાત સુધી નિવેદનો નોંધવાની પ્રક્રિયા ચાલી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હાઈકોર્ટે સુઓમોટો લઈને 27 મેના રોજ સુનાવણી કરી હતી ત્યારે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે 72 કલાકની અંદર સીટનો રિપોર્ટ સુપરત કરવામાં આવશે. પરંતુ આજે રાજકોટ અગ્નિકાંડના 28 દિવસ બાદ સીટનો રિપોર્ટ સોંપવામાં આવ્યો છે.

### રાજકોટ અગ્નિકાંડમાં 27 લોકોના મોત

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં 27 લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. આ બનાવથી આખું ગુજરાત હચમચી ગયું હતું. રાજ્યના મોટા નેતાઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને જવાબદાર સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.

# બાળકોનાં રમકડાંમાં નશાનો સામાન

## અમેરિકાથી અમદાવાદ આવેલા 58 પાર્સલમાંથી 3.84 કરોડનો હાઈબ્રિડ ગાંજો-લિક્વિડ ડ્રગ્સ મળ્યું, ધો.10-12ના વિદ્યાર્થીઓ મગાવતા


(એજન્સી) અમદાવાદ | તા.22

અમદાવાદની ફોરેન પોસ્ટ ઓફિસમાં અમેરિકાથી આવેલા પાર્સલને ક્રાઈમ બ્રાન્ચ ઝડપી પાડ્યું છે. આ પાર્સલમાંથી 3.84 કરોડનો હાઈબ્રિડ ગાંજો અને લિક્વિડ ડ્રગ્સ મળી આવ્યું છે. અગાઉ પણ ફોરેન પોસ્ટ ઓફિસ પરથી ડાર્ક વેબથી ઓર્ડર કરાયેલો હાઈબ્રિડ ગાંજો મળ્યો હતો. આ સમગ્ર પ્રકરણમાં એ સમયે સેન્ટ્રલ એજન્સી અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેડ કરીને રમકડાની વચ્ચેથી હાઈબ્રિડ ગાંજો ઝડપી પાડ્યો હતો. ત્યારે ફરી એક વખત કરોડોનું કન્સાઈનમેન્ટ રિસીવર પાસે જાય એ પહેલાં જ ક્રાઈસ બ્રાન્ચે ઝડપી પાડ્યું છે. 58 પાર્સલ કેનેડા અને અમેરિકાથી આવ્યાં હતાં, જેમાં ડાઈપર, બાળકોના મોજા, રમકડાં અને સાડીમાં સંતાડેલો નશાનો સામાન નીકળ્યો હતો. પોલીસ તપાસમાં એવો ઘટસ્ફોટ થયો છે કે, આ પાર્સલ નશાના બંધાણી થયેલા ધો.10 અને 12ના વિદ્યાર્થીઓ મગાવતા હતા.

**નશાના બંધાણી બાળકોની પૂછપરછમાં સામે આવ્યું :** અમદાવાદ સહિત રાજ્યભરના વાલીઓ માટે એક મોટી અને ચિંતાજનક ચેતવણી સમાન બાબત સામે આવી છે. થોડા સમય પહેલાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અને કસ્ટમ વિભાગે ફોરેન પોસ્ટ ઓફિસ માધ્યમથી પાર્લસમાં આવતા ગાંજાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જેમાં વધુ તપાસ કરતા એક ગંભીર અને ચોંકવનારી બાબત સામે આવી છે. ક્રાઈમ બ્રાન્ચને તપાસ કરતા માલુમ પડ્યું કે, જે ડ્રગ્સ મંગાવવામાં આવતું હતું તેમાં ટીનેજર એટલે કે, શાળામાં ધોરણ 10થી 12નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓઓ દ્વારા મંગાવવામાં આવતું હતું. આ બાબતનો ઘટસ્ફોટ ગાંજાના બંધાણી થયા હોય એવા બાળકોની પૂછપરછ અને કાઉન્સિલિંગમાં સામે આવ્યું છે.




**અગાઉના કન્સાઈનમેન્ટનો ભાગ હોવાનું ખૂલ્યું :** અમેરિકાથી અમદાવાદ આવતું 3.84 કરોડનું કુરિયર, જેમાં હાઈબ્રિડ ગાંજો અને લિક્વિડ ડ્રગ્સ હતું. આ વાતની જાણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને થતાં જ તેણે પાર્સલને ઝડપી લીધું હતું. અગાઉ જે પ્રમાણે ડાર્ક વેબથી હાઈબ્રિડ ગાંજો ઓર્ડર કરીને મગાવવામાં આવ્યો હતો એવી જ રીતે આ વખતે ડ્રગ્સ આવી રહ્યું હતું. આ અગાઉના કન્સાઈનમેન્ટનો જ એક ભાગ હોવાનું બહાર આવ્યું છે. હાલ આ ડ્રગ્સ પકડાયા બાદ આ વખતે પણ કોઈ રિસીવર મળી આવ્યું નથી. આ દરમિયાન પણ કેટલાંક પાર્સલ આવી ગયાં હોય એવી શક્યતા સેવાઈ રહી છે.



**વિદ્યાર્થીએ સોશિયલ મીડિયાની મદદથી ઓર્ડર કર્યો હતો :** અગાઉ 1 જૂનના રોજ ફોરેન પોસ્ટ ઓફિસરમાં કસ્ટમ વિભાગ અને ક્રાઈમ બ્રાન્ચે આ જ પ્રકારે અલગ અલગ પાર્સલમાંથી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં ખોટા એડ્રેસ હતા. આ એડ્રેસની તપાસ દરમિયાન એક મહત્વપૂર્ણ કડી પોલીસને મળી હતી. જેની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કેમ કે, એ હકિકત સામે આવી કે, શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દ્વારા સોશિયલ મીડિયાની મદદથી ઓર્ડર કરવામાં આવ્યો હતો.

# સિંધુભવન રોડ ખાતે ડ્રગ્સનું વેચાણ કરનારા સામે પોલીસે હાથ ધર્યુ ચેકિંગ

**પોલીસનું ચેકિંગ**

- ચેકિંગમાં 250 જેટલા પીલિસ કર્મીઓ અને અધિકારીઓ જોડાયા
- પોલીસે અલગ અલગ 10 ટીમ બનાવી



(એજન્સી) અમદાવાદ | તા.22

અમદાવાદમાં પોલીસે નશીલા પદાર્થનું સેવન કે વેચાણ કરતા લોકો સામે ચેકિંગ હાથ ધર્યુ છે. પોલીસે બોડકદેવ વિસ્તારના સિંધુભવન રોડ ખાતે પોલીસ ચેકિંગ શરૂ કર્યુ છે. ચેકિંગમાં 250 જેટલા પોલીસ કર્મીઓ અને અન્ય અધિકારીઓ જોડાયા છે.

પોલીસે અલગ અલગ 10 ટીમ બનાવી આ વિસ્તારના તમામ કેફેમાં ચેકિંગ શરૂ કર્યુ છે. ત્યારે જો નશીલા પદાર્થનું સેવન કે વેચાણ કરતા જો કોઈ પકાડશે તો તેની સામે કડક કાર્યવાહી હાથ ધરાશે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી શહેરના સિંધુભવન રોડ પર ડ્રગ્સનું સેવન અને વેચાણ કરવાનું પ્રમાણ વધ્યું હોવાથી પોલીસે આ ચેકિંગ શરૂ કર્યુ છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ કેટલાક યુવાનો ડ્રગ્સનું સેવન કરતા સિંધુ ભવન રોડ અને અન્ય વિસ્તારમાંથી ઝડપાયા છે.

**ડ્રગ્સનું સેવન કે વેચાણ કરતા કોઈ પકડાશે તો કડક કાર્યવાહી કરાશે**

### પોલીસને અપાઈ છે ખાસ તાલીમ

તમને જણાવી દઈએ કે ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડત માટે પોલીસકર્મીઓને તાલીમ અપાઈ છે. જેમાં ગાંધીનગર FSL ખાતે પોલીસકર્મીઓને તાલીમ અપાઈ છે. તેમાં ડ્રગ્સ ઓળખ, સેમ્પલિંગ અંગે માહિતગાર કરાયા છે. તેમજ ફેક્ટરીઓ પર દરોડાના જોખમને લઈ ટ્રેનિંગ અપાઈ છે તથા ડ્રગ્સ સામેની લડતમાં પોલીસ વિભાગના કર્મચારીઓને ગાંધીનગર FSL ખાતે તાલીમ અપાઈ છે.

# UGC NET અને NEETની પરીક્ષા મામલે વિરોધ

**અમદાવાદમાં ABVP કાર્યકરોની પોલીસે કરી ટીંગાટોળી**




(એજન્સી) અમદાવાદ | તા.22

દેશભરમાં UGC NET અને NEETની પરીક્ષા મામલે વિરોધ કરવામાં આવી રહ્યો છે, જોકે ગઈકાલે NSUI અને કોંગ્રેસ દ્વારા નકલી નોટો ઉડાવી વિરોધ કરવામાં આવ્યો હતો. આજે ABVP દ્વારા અમદાવાદ, સુરત સહિત મહાનગરોમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. ABVP દ્વારા ગુજરાત યુનિવર્સિટી બહાર પરીક્ષા મામલે વિરોધ કરવામાં આવી રહ્યો હતો ત્યારે વિરોધની શરૂઆતમાં જ પોલીસે ટીંગાટોળી કરી કાર્યકરોની અટકાયત કરાઈ હતી. તો બીજી તરફ સુરતમાં પણ ABVPના કાર્યકરો યુનિવર્સિટીના ગેટ બહાર મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને તેમણે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. NTAનું પૂતળા દહન કરી પોતાની લાગણી વ્યક્ત કરી હતી અને કાર્યકરોએ રામધૂન બોલાવી શાસકોને સદબુદ્ધિ આવે એવી પ્રાર્થના કરી હતી.

### પોલીસે ABVP કાર્યકરોને ટીંગાટોળી કરી

અમદાવાદમાં પણ ગુજરાત યુનિવર્સિટી બહાર ABVPના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. કાર્યકરોએ હાથમાં બેનર સાથે NTA હાય હાયના નારા સાથે વિરોધ શરૂ કર્યો હતો. વિરોધ શરૂ કરતાં જ સ્થાનિક પોલીસ દ્વારા ABVPના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કેટલાક કાર્યકરોની ટીંગાટોળી કરીને પણ અટકાયત કરવામાં આવી છે. તમામ કાર્યકરોની અટકાયત કરીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા અને યુનિવર્સિટી બહાર પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે: જૈન

સુરત ABVP મીડિયા સહ-સંયોજક મનોજ જૈને જણાવ્યું હતું કે દેશના વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ સરકાર પર ભરોસો રાખીને તનતોડ મહેનત કરી પોતાની કારકિર્દી ઘડવા માટે પરીક્ષા આપે છે, જેની સામે આ પ્રકારની ગેરરીતિઓ સામે આવે છે એ યોગ્ય બાબત નથી. અમારી માગણી છે કે NTAના અધિકારીઓ અને વિભાગ સાથે જોડાયેલા મંત્રીઓની સામે પણ કાર્યવાહી કરવામાં આવે અને સખત સજા કરવામાં આવે, જેથી કરીને વિદ્યાર્થીઓને ન્યાય મળે.

# એક જ પરિવારના 10 લોકોની કુવૈતમાં અટકાયત

## સાબરકાંઠાના પરિવારે આંખમાં આંસુ સાથે બે હાથ જોડી કહ્યું, 'મોદી સરકારને વિનંતી કે અમારા સંબંધીઓને સુરક્ષિત પાછા લાવો'



**કુવૈતમાં બકરી ઈદની રજાના પ્રસંગે અન્ય સગા સંબધીઓને મળવા માટે પહોંચ્યા હતા. 523 જેટલા ભારતીયોને કુવૈતમાં અટકાયત કરવામાં આવી હોવાનો પરીવારજનોએ દાવો**

(એજન્સી) અમદાવાદ | તા.22

કુવૈતમાં 12 જૂનના રોજ થયેલા અગ્નિકાંડમાં આગ લાગતા 50 લોકોના મોત નીપજ્યા હતા. તેમાં 45 ભારતીયો સામેલ હતા. આ બધા જ શ્રમિકો એક જ બિલ્ડિંગમાં રહેતા હતા. આ અગ્નિકાંડ પછી ગેરકાયદેસર રીતે રીતે રહેનારા લોકો પર કુવૈત પોલીસે તવાઈ મચાવી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના એક જ પરિવારના 10 લોકોની કુવૈત પોલીસે અટકાયત કરી છે. જે સંદર્ભે ગુજરાતમાં રહેતા પરિવારે આંખમાં આંસુ સાથે બે હાથ જોડીને સરકારને વિનંતી કરી છે કે, અમારા સંબંધીઓને સુરક્ષિત પાછા લાવી આપો.

### પરિવારે સરકારને લેખિતમાં રજૂઆત કરી



આ અંગે વિજયનગરના દઢવાવના અલ્પેશકુમાર પટેલના પિતા રમણલાલ કુરજીભાઈ પટેલ (મોઢ)એ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, કુવૈતમાં રહેતા અમારા પરિવારના 10 જણા 16 જૂનના રોજ સંબંધીઓને મળવા ગયા હતા. જે દરમિયાન કુવૈત પોલીસે અચાનક તેઓની અટકાયત કરી લીધી હતી. જે અંગે અમને જાણ થતાં અમે આ 10 જણાને પોલીસ પાસેથી છોડાવી ભારત પરત લાવવા માટે લેખિતમાં માગ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિજયનગર તાલુકાના દઢવાવા, જાલેટી, ચિઠોડા, ચિતરીયા સહિતના 50થી વધુ લોકો કુવૈતમાં છે. અમારા પરિવારના 10 લોકો કાયદેસર વીઝા લઈ ગયા છે. અમારા ગામના અન્ય 5 લોકો સહિત 15 જણા કુવૈતમાં ફસાયેલા છે. આ અંગે સાત દિવસ બાદ પણ કોઈ પરિણામ નહિ આવતા રમણભાઈ પટેલ પરિવારજનો સાથે શનિવારે બપોરે ચોરીમાલા ગામે રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારાના ઘરે પહોંચી રજૂઆત કરી હતી. ત્યારે હવે પરિવારજનો દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની જળયાત્રા



(એજન્સી) અમદાવાદ | તા.22

આગામી 7 જુલાઈના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે. આજે જેઠ સુદ પૂનમના દિવસે ભગવાનની જળયાત્રા યોજાઈ હતી. મિની રથયાત્રા કહેવાતી જળયાત્રા જમાલપુર જગન્નાથ મંદિરેથી સવારે 8 વાગ્યે વાજતેગાજતે નીકળી હતી. શણગારેલા હાથી, બળદગાડા, બેન્ડવાજા સાથે સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરે જળયાત્રા પહોંચી હતી. જળયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. સાબરમતી નદી સોમનાથ ભૂદરના આરે ગંગા પૂજન કર્યા બાદ 108 કળશમાં નદીનું જળ લાવી જળયાત્રા ફરી નિજ મંદિરે પહોંચી હતી. આ જળથી ભગવાનનો મહાજળાભિષેક કરવામાં આવ્યો હતો. બાદમાં ભગવાનને ગજવેશ ધારણ કરાવવામાં આવ્યો હતો અને મહાઆરતી કરવામાં આવી હતી. મંદિર જય રણછોડ માખણચોરના નાદથી ગુંજી ઊઠ્યું હતું.

# રોંગ સાઈડ ડ્રાઈવનો પ્રથમ દિવસ, 160 લોકોને પોલીસે ઝડપ્યા

(એજન્સી) અમદાવાદ | તા.22

અમદાવાદ શહેરમાં પોલીસની રોંગ સાઈડ ડ્રાઈવને પ્રથમ દિવસે જ 160 કેસ નોંધાયા છે. અમદાવાદ પોલીસે અનેક વિસ્તારમાં રોંગ સાઈડ વાહન ચલાવતા લોકોને ઝડપ્યા છે અને ચાલકો સામે ફરિયાદ નોંધી અટકાયત કરી છે અને તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ ટ્રાફિક પોલીસની આ ટ્રાફિક ડ્રાઈવ આગામી 10 દિવસ સુધી ચાલવાની છે. અમદાવાદ હોય કે બીજું કોઈપણ શહેર, લોકોને રોન્ગ સાઈડમાં વાહન ચલાવવાનો અલગ જ ચસ્કો હોય છે. પોતાની નિશ્ચિત જગ્યાએ જવા માટે તેઓ થોડા ઘણા શોર્ટકટ લેતા હોય છે અને બાદમાં રોન્ગ સાઈડમાં આવતા વાહનોની સંખ્યા વધી જાય છે. પરંતુ શહેરમાં હવે જો આવું કઈક કર્યું તો ખેર નહીં હોય. પોલીસ કડક પગલા ભરવા માટે તૈયાર થઈ ગઈ છે.

શહેરની જ વાત કરી લઈએ તો 2024ના પાંચ મહિનામાં જ 3032 લોકો એવા હતા જે રોન્ગ સાઈડમાં બેફામ ડ્રાઈવિંગ કરતા હતા. આટલા ડ્રાઈવર પાસેથી કૂલ 56 લાખ 58 હજાર રૂપિયા વસુલવામાં આવ્યા છે. 16 જગ્યા પરથી છેલ્લા પાંચ મહિનામાં જ 65,557 એવા લોકો સામે કડક પગલા ભર્યા છે, જેમને ટ્રાફિકના નાના મોટા નિયમભંગ બદલ દંડ ફટકારાયો છે. તેમની પાસેથી કૂલ દંડની રકમ 4 કરોડ 53 લાખ 79 હજાર રૂપિયા વસૂલવામાં આવી છે.

# કચ્છની દરિયાઈ સીમા પરથી BSFને ચરસના વધુ 10 પેકેટ મળી આવ્યા

**છેલ્લા 8 દિવસમાં 139 પેકેટ જપ્ત કરવામાં આવ્યા**



(એજન્સી) ભુજ | તા.22

કચ્છમાં ડ્રગ્સના પેકેટ મળવા હવે જાણે કે સામાન્ય વાત બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા થોડા મહિનાઓમાં જ કરોડો રૂપિયાનું ડ્રગ્સ માત્ર કચ્છ જિલ્લામાંથી ઝડપાયું છે. ત્યારે બીએસએફના જવાનોને આજે ફરી કચ્છની દરિયાઈ સરહદ પરથી ચરસના વધુ 10 પેકેટ મળી આવ્યા છે.

બીએસએફના જવાનોને સર્ચ ઓપરેશન દરમિયાન જખૌ કોસ્ટ વિસ્તારના નિર્જન ટાપુ પરથી ડ્રગ્સના 10 પેકેટ મળી આવ્યા છે. તમને જણાવી દઈએ કે છેલ્લા 8 દિવસમાં બીએસએફ દ્વારા જખૌના કોસ્ટલ વિસ્તારમાંથી 139 પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે અને કચ્છના ક્રીક અને નિર્જન ટાપુઓ પર બીએસએફ દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

21 જેટલા માનવરહિત ટાપુઓ પર લોકોની અવરજવર પર પ્રતિબંધ : ત્યારે સવાલ એ છે કે આ ડ્રગ્સના પેકેટ કોના ઈશારે મોકલવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ચરસના પેકેટ મળતા હોવાથી જ કચ્છમાં અગાઉ 21 જેટલા માનવરહિત ટાપુઓ પર લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.